


# પ્રત્યેક પ્રશ્ને વાર્તા

આચાર્યદેવ શ્રી વિજય અજિતશેખર સૂરીશ્વરજી મહારાજ



श्री गोडी पार्श्वनाथ भगवान

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ માતંગસિદ્ધાયિકા પરિપૂજિતાય શ્રી વર્ધમાનસ્વામિને નમઃ॥
શ્રીમદ્ વિજય પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-ધર્મજિત્-જયશેખર-અભયશેખરસૂરિ સદ્ગુરુભ્યો નમઃ
॥ ઐં નમઃ સિદ્ધમ્॥

# પ્રત્યેક પ્રશ્ને વાર્તા

## (૬૫)

**કૃપાદાતા**

પૂજ્યપાદ ન્યાયવિશારદ આ.દે.શ્રી.વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ
પૂજ્યપાદ ગચ્છાધિપતિ આ.દે. શ્રી. વિ. જયઘોષસૂરીશ્વરજી મહારાજ
પૂજ્યપાદ સહજાનંદી આ. દે. શ્રી. વિ. ધર્મજિત્સૂરીશ્વરજી મહારાજ
પૂજ્યપાદ સૂરિમંત્ર આરાધક આ.દે.શ્રી.વિ. જયશેખરસૂરીશ્વરજી મહારાજ
પૂજ્યપાદ સાધ્વીગણનાયક આ.દે.શ્રી.વિ. અભયશેખરસૂરીશ્વરજી મહારાજ

**લેખક**

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય અજિતશેખરસૂરીશ્વરજી મહારાજ

**સહયોગ**

પૂજ્યપાદ પંન્યાસપ્રવર શ્રી વિમલબોધિવિજયજી મહારાજ

**પ્રકાશક**

અર્હમ્
અર્હમ્ આરાધક ટ્રસ્ટ
મુલુન્ડ - મુંબઇ

પ્રકાશન વર્ષ : સંવત ૨૦૭૦ આવૃત્તિ : પ્રથમ મૂલ્ય : ૪૦ રૂ.
ISBN 978-81-929507-3-0

**પ્રાપ્તિસ્થાન**

દીપકભાઈ કુરીયા : બ્રેવો કેબલ, ઈસ્માઈલ બિલ્ડીંગ, ૨ જે માળે, રૂમ નં. ૪, ૩૩-પાઠકવાડી, લુહારચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨ મો : 98675 80227

સતીશ ગીંદરા : વૉલ ડેકોર, માતૃકૃપા બિલ્ડીંગ, ગડકરી રંગાયતન પાસે, વિચારે કુરીયરની સામે, તલાવપાળી, થાણે (વે.) - ૪૦૦ ૬૦૧.

શીરિનભાઈ ગંગર : ડી.પી.ટ્રેડીંગ કંપની, ૨૫૭, ન્યુ અનંત ભવન, ભાત બજાર, નરશી નાથા સ્ટ્રીટ, ફુવારાની સામે, મસ્જીદ બંદર, મુંબઈ.

Visit us : www.arhamaaradhak.org
E-mail : arhamaaradhak@gmail.com

**પૂજ્ય આચાર્યશ્રી વિજય અજિતશેખરસૂરીશ્વરજી મહારાજ લિખિત ઉપલબ્ધ ગુજરાતી શ્રુતસાહિત્ય**

૧. ક્ષમા=પ્રેમ+મૈત્રીની મહેક (हिन्दी में भी)
૧૩. પળ પળનો હિસાબ
૧૫. સમાધિનો સાથી
૨૩. વાર્તાપ્રવાહ (हिन्दी में भी)
૪૮. ધરિયે સમકિત રંગ
૫૦. ૫૦ પચાસ
૫૩. આરાધ્યના અજવાળા
૫૫. કર્મનો શતરંજ (हिन्दी में भी)
૫૬. ભક્તવત્સલ પ્રભુ સાંભળો રે... (પૂજ્યશ્રી દ્વારા રચિત સ્તુતિ-સ્તવનોનો સંગ્રહ)
૫૭. પચેલીમા પુણ્ય ભરો (हिन्दी में भी)
૫૮. પ્રશ્નનો પ્રવાહ.... વાર્તાનું વહેણ....
૫૯. શાંતિ જિનેશ્વર સાહિબા રે...
૬૦. હળવાશનો ઉજાશ
૬૧. પરમ સૌભાગ્યનિધિ ભાગ-૧ (જંબુસ્વામી ચરિત્ર)
૬૨. પરમ સૌભાગ્યનિધિ ભાગ-૨ (જંબુસ્વામી ચરિત્ર)
૬૩. હાસ્યથી પ્રગટ્યો વૈરાગ્ય
૬૪. મૈત્રી માર્ગ મજાનો

તા.ક. : આ પુસ્તકમાંથી કોઈ પણ લાઇન, ફકરો, પ્રકારણ કોઇએ પણ પોતાના પત્ર-મેગેઝીન-પુસ્તક વગેરેમાં ઉદ્‌ધૃત કરવું હોય, તો લેખકની લેખિત મંજુરી લેવી જરુરી છે.
- પ્રકાશક

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ। સિરસા વંદે મહાવીરં । ઐં નમઃ સિદ્ધમ્ ।
વિજય પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-ધર્મજિત-જયશેખર-અભયશેખરસૂરિભ્યો નમઃ

# કિંચિત્...

મુલ્લાએ પોતાની ચિત્રશાળાની બહાર બોર્ડ રાખ્યું હતું ને એમાં ભાવ લખ્યા હતા... (૧) તમે જેવા છો, એવું ચિત્ર - ૧૦૦ રૂા. (૨) તમે તમને જેવા માનો છો, તેવું ચિત્ર - ૨૦૦ રૂા. (૩) તમે તમને બીજા આગળ જેવા દેખાડો છો, તેવું ચિત્ર - ૪૦૦ રૂા. (૪) તમે જેવા હોવા જોઈતા હતા, તેવું ચિત્ર - ૧૦૦૦ રૂા.

મહાપુરુષોનું ચરિત્ર આપણા માટે ચિત્ર સમાન છે, એમની જીવનભૂમિકા આપણાને આત્મનિરીક્ષણ કરવા પ્રેરે છે, ને આપણા માટે મુખ્ય બે વાત પ્રગટ કરે છે... (૧) આપણે હકીકતમાં કેવા છીએ ? ક્યાં ઊભા છીએ? એમના જીવનની ઘટનાને જોતા આપણી હેસિયત કેટલી છે ? એનું આપણાને ભાન કરાવે છે, ને (૨) સાથે જીવત્વથી ને માનવરૂપથી એમને સમાન આપણે જો એમના જેવો અભિગમ-દષ્ટિકોણ રાખીએ, તો આપણે ખરેખર કેવા થઈ શકીએ ? આથી આજની આપણી ભૂમિકા ને આપણામાં કેટલી ઊંચાઈ પામી શકાય-એ માટેની સંભાવના છે, એ નજરમાં આવે છે ને પ્રેરણા પણ મળે છે.

પૂજ્ય વિમલાચાર્ય રચિત ને પૂ.આ. શ્રી દેવેન્દ્રસૂરિ દ્વારા સૂચિત કથાઓથી રમ્ય પ્રશ્નોત્તર રત્નમાળામાં બતાવેલા પ્રશ્નો ને તે પરની કથાને ગુજરાતીમાં વર્ણવતી સીરીઝમાં આજ સુધી આઠ પુસ્તક પ્રકાશિત થયા છે. આ નવમું પુસ્તક છે - **પ્રત્યેક પ્રશ્ને વાર્તા...**

શ્રી શાંતિ સૌરભમાં પ્રશ્નનું પુષ્પ-ઉત્તરનું અત્તરરૂપે આ શ્રેણિ ચાલી રહી છે.

દેવ-ગુરુની કૃપાથી આલેખાયેલા આ પુસ્તકમાં જે કાંઈ ખામી-જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તે બદલ મિચ્છા મિ દુક્કડમ્....

શ્રી શાંતિનાથ જન્મકલ્યાણક દિન

સં. ૨૦૭૦, ગુન્ટૂર **-આચાર્ય અજિતશેખર સૂરિ**

# શ્રુતસ્તંભ

| | |
|---|---|
| શ્રી વાલચંદજી ટોકરાજી પરિવાર | બોરીવલી |
| શ્રીમતી ચંદ્રાબેન નટવરલાલ શાહ | હ. વિજય-અજય |
| શ્રી નીતિનભાઈ મનહરલાલ સંઘવી | ઘાટકોપર |
| શ્રી કાંતિલાલ રવિચંદ ગાંધી | રાધનપુરવાળા |
| શ્રીમતી દિવાળીબેન દેવચંદ વેલજી સંઘવી | માટુંગા |
| ચિ.ડેનીલ દિનકરરાય જયંતિલાલ શાહ | માટુંગા |
| માતુશ્રી રતિબેન વીરાભાઈ મંજેરી-હ.ભાણજીભાઈ | ઘાટકોપર |
| શ્રી સેવંતીભાઈ પી. શાહ - હ. હર્ષદભાઈ | સુરત |
| સ્વ. સંતોકબેન કાંતિલાલ સોનમલ | ગોરેગામ |
| શા ભૂરમલ જવાનમલજી જૈન (તખતગઢ) | હુબલી |
| ગુરુ ભક્ત પરિવાર | થાણા |
| ભાનુબેન નાનજી ગડા | માટુંગા |
| ભારતીબેન અનિલ શાહ | માટુંગા |
| સૌ. કુસુમબેન કનુભાઈ સાવડીયા | નાગપુર |
| માતુશ્રી શીલાબેન કુંવરજી છેડા | મુંબઈ |
| વસંતલાલ એમ. શાહ | સાંગલી |
| જયાબેન વસંતલાલ શાહ | સાંગલી |
| સૌ. ચંદ્રાવતી સૂર્યકાંત શાહ - પાંથાવાડા | મિરજ |
| શ્રીમતી બક્તાવરબેન અરૂણભાઈ ગાંધી | |
| શ્રીમાન્ અરૂણભાઈ રમણલાલ ગાંધી | |
| શ્રી મહેન્દ્રભાઈ મનસુખલાલ શાહ - મોખડકા | ભાવનગર |
| એક સાધર્મિક બેન | ચૂલૈ-ચેન્નઈ |
| કાંતિલાલ સુખલાલ શાહ - મોરબી | ઘાટકોપર |
| ઉષાબેન અમૃતલાલ શાહ, કચ્છ-માંડવી | મુલુંડ |
| શ્રીમતી સુંદરબાઈ રતનચંદજી કોચર | ફલોદી-ચેન્નઈ |
| મે. ચેન્નઈ ઈલેક્ટ્રીકલ્સ | ચેન્નઈ |
| ટીપુબેન રિખબચંદજી | દેવદર-ચેન્નઈ |
| એડ્વોકેટ પારસ જૈન | પુના |
| શ્રીમતી મોહિનીદેવી એસ. દેવરાજજી જૈન | ઘાણેરાવ, ચેન્નઈ-બેંગલોર |
| શ્રી કેસરવાડી ઉપધાન તપની આરાધક બેનો | |
| શ્રી કંવરલાલજી રામલાલજી વૈદ | ફલોદી-ચેન્નઈ |
| શા મોહનલાલજી ઉમેદમલજી માનાવત | ખિવાન્દી-મુલુંડ |

આવી જ રીતે શ્રુતસ્તંભમાં રૂા. ૨૧,૧૧૧/-
લખાવી આપનું પણ નામ આજે જ નોંધાવી લ્યો.

## મુખ્ય આધારસ્તંભ

શ્રી કુંથુનાથ જૈન સંઘ

સાઈ શ્રેષ્ઠા સોસાયટી, ચેન્નઈ

## આધારસ્તંભ

શા સંદીપકુમાર જયન્તિલાલજી, ચેન્નઈ

શા નિલેશકુમાર અશોકકુમાર કોઠારી, ચેન્નઈ

## સહ આધારસ્તંભ

શ્રી કલાપૂર્ણ જૈન આરાધક મંડળ. ચેન્નઈ

શ્રીમતી પ્યારીબાઈ અચલચંદજી, કૈલાશનગર

શા રમેશકુમાર ભબુતમલજી સાકરીયા, સુમેરપુર

શ્રીમતી સમીબાઈ મુલચંદજી, કૈલાશનગર

શા અચલચંદજી કાન્તિલાલજી તાતેડ, પાડીવ

શા વાલચંદજી થાનમલજી, જાવાલ

શ્રીમતી મહેન્દ્રાબાઈ ચંપાલાલજી, જાવાલ

અધ્યાત્મરસિક મુમુક્ષુ ભવ્યાત્માઓ માટે મનગમતો રસથાળ

# અધ્યાત્મ કલ્પદ્રુમ

## ભવિષ્યનું નજરાણું

આજથી લગભગ ૬૫૦ વર્ષ પૂર્વે થયેલા પૂજ્ય આચાર્યદેવ શ્રી મુનિસુંદરસૂરિ (શ્રી સંતિકરં સ્તોત્રના રચયિતા) એ આ ગ્રંથ રચ્યો છે.

એમાં વીર આદિ નવરસોમાં શ્રેષ્ઠ શાંત સુધારસને પામવામાટેના ૧૬ પગથિયારૂપ સોળ અધિકાર - વિભાગ બતાવ્યા છે. સંસારગત રાગ-દ્વેષ આદિમાં નિમિત્ત બનતા તન, ધન, સ્વજન, પરિવાર વગેરે પરના રાગ આદિથી કેવી રીતે મુક્ત થઇ સતત સ્વસ્થ-મસ્ત-પ્રસન્ન રહી શકાય એ માટેના વિવિધ માર્ગરૂપ વિવિધ ઉપદેશ વર્ણવ્યા છે. સમતા એ અધ્યાત્મનો પ્રાણ છે. એ માટે સ્ત્રી, પુત્ર, ધન, દેહ વગેરેનું મમત્વ છોડવું પડે. પ્રમાદ ને કષાય મુકી દેવા પડે...

એ માટે શાસ્ત્રનો અભ્યાસ કરી ચંચળ ચિત્ત પર કાબુ લાવવો. પણ એ માટે વૈરાગ્ય જરુરી છે. ધર્મશુદ્ધિ-ગુરુશુદ્ધિ આવશ્યક છે. અધ્યાત્મના મુખ્ય અધિકારી યતિ=સાધુ છે. તેથી તેરમા અધિકારમાં સાધુઓને આત્મીયભાવે હિતશિક્ષા કડક-કડવા ડોઝ આપીને આપવામાં આવી છે. એ પછી સંવર અને શુભવૃત્તિદ્વારા સામ્યના ઉપાયો બતાવી છેવટે જે મેળવવા યોગ્ય છે, એવા સામ્યનું સ્વરૂપ-મહત્તા વગેરે વર્ણવ્યા છે.

આ અદ્ભુત ગ્રંથને સરળ-પ્રવાહી શૈલીમાં પૂજ્યશ્રી ગુજરાતી ભાવાનુવાદરૂપે આપણી સામે ઉપસ્થિત કરી રહ્યા છે.

આત્મતત્ત્વજિજ્ઞાસુઓએ અવશ્ય વાંચવો જ રહ્યો...

વસાવવાનો-વાંચવાનો-અભ્યાસનો અવસર ચૂકશો નહીં....

ભવિષ્યમાં પ્રકાશિત થનારા પુસ્તકોમાં આપનું નામ ઉમેરાય, એ માટેની અર્હમ્ આરાધક ટ્રસ્ટની સરસ યોજના - શ્રુતસ્તંભ માત્ર રૂ. ૨૧,૦૦૦/- ભરી આ યોજનાનો લાભ લો.
સંપર્ક : 098675 80227 - દીપકભાઇ કુરીયા

# અકાર્યકર અંધ

## ઈંદુષેણ-બિંદુષેણ કથા (૪૩)

સાધ્વી ચંદનબાળાની સર્વ આપત્તિવિનાશક ત્યાગ સંબંધી કથા સાંભળી જિજ્ઞાસુ શિષ્યે એકતાલીશમો પ્રશ્ન પૂછ્યો - **હે ભગવન્ ! કોણ અંધ =દૃષ્ટિ વિનાનો છે ?**

આમ તો જેને આંખ નહીં હોય, તે અંધ કહેવાય. આ સર્વ પ્રસિદ્ધ વિગત છે. છતાં શિષ્યે પ્રશ્ન પૂછ્યો. તેથી આ પ્રશ્નનું વિશેષ તાત્પર્ય છે. આંખ નહીં હોય તે આગળનું જોઇ શકતો નથી. તેથી જિજ્ઞાસુના પ્રશ્નનું તાત્પર્ય છે, કઇ વ્યક્તિ આગળનું-ભવિષ્યનું જોતી નથી. કઇ વ્યક્તિના વ્યવહારને જોઇ માની શકાય કે આ ખરેખર અંધ છે, કેમકે પોતાના ભવિષ્યનો વિચાર કરતો નથી.

સામે રહેલા ખાડામાં દિવસે પડે એ અંધ ગણાય છે. જે માણસ જગતમાં જે વાત ભવિષ્યમાં દુઃખ, દુર્ગતિના કારણ તરીકે પ્રસિદ્ધ છે, એ વાતમાં સામે ચાલીને પડે, એ અંધ ગણાય. વિવેક આંખ છે, ક્રોધ-લોભ, આવેગ-આવેશ વિવેક ચક્ષુ-આંખને ફોડી નાખી જીવને અંધ બનાવી દે છે. તેથી જ કોઇ ક્રોધાંધ ગણાય છે, તો કો'ક લોભાંધ. કામાંધ રાવણ લોકોમાં વીસ આંખે આંધળો ગણાયો. આ બધા જ વર્ત્તમાનમાં જીવનારા છે, ભવિષ્યના ભારે નુકસાનને જોઇ શકતા નથી. છતાં આ વિવેકાંધોના ટોળામાં સૌથી અગ્રેસર ગણાય એવો અંધ કોણ ?

ગુરુએ તેંતાલીશમો ઉત્તર આપ્યો - **વત્સ ! જે અકાર્યમાં રત છે, તે વિવેકઅંધોમાં અગ્રેસર છે.** શિષ્ટ પુરુષો જેને અકાર્ય ગણી સપનામાં પણ કરતા નથી, તેવા અકાર્યમાં જે આસક્ત થાય છે, તે ખરેખર અંધ છે. આમ તો ભૂમિકાભેદે કાર્ય-અકાર્યની વ્યાખ્યા બદલાય છે. ચોરોની નાતમાં પ્રામાણિક

રહેવું એ કદાચ અકાર્ય ગણાતું હોય. પણ અહીં શિષ્ટ પુરુષોની અપેક્ષાએ વાત છે. શિષ્ટ પુરુષો (૧) જેથી આત્માનું પારભવિક હિત થતું ન હોય, બલ્કે અહિત થતું હોય (૨) વર્તમાનમાં મનને ભય-પીડા-બેચેનીથી ભરી દેતું હોય અને (૩) લોક વ્યવહાર-મર્યાદાનો લોપ કરતું હોય, એવું કાર્ય અકાર્ય ગણે છે.

ત્રણે કાળમાં ઉત્તમ પુરુષોએ જે કાર્યને અધમ ગણ્યું છે, તે અકાર્ય ગણાય છે. જે પવિત્ર કુળોની મર્યાદાનો લોપ કરતું હોય તે અકાર્ય ગણાય છે. આવું અકાર્ય કરનારો અંધ ગણાય છે.

**જે ધર્મકર્ત્તવ્યોને છોડી અકર્ત્તવ્યો કરવા પ્રવૃત્ત થાય છે, તેને બધા જ સર્વશ્રેષ્ઠ સર્વજ્ઞ પુરુષોએ અંધ કહ્યો છે.** આત્માનું હિત-અહિત નહીં જોઇ શકતો તે જ તત્ત્વથી અંધ છે, નહિં કે આંખ વિનાનો માણસ.

જેમ ચક્ષુવિકળને રંગો અંગે ગમે તેટલું સમજાવવા છતાં ને પ્રકાશ અંગે માહિતીઓ આપવા છતાં તેઓ રંગો અંગે કે પ્રકાશ અંગે કશું સમજી શકતા નથી, એમ અકાર્યમાં પ્રવૃત્ત થયેલાને મર્યાદાઓ અંગે કે આત્મહિતકર કર્ત્તવ્ય અંગે ગમે તેટલું સમજાવવા છતાં તે સમજતો નથી ને પકડેલા અકાર્યને છોડતો નથી.

ખરી કમનસીબી તો એ થાય છે કે અકાર્ય કરતી વખતે એને એ ભાન પણ રહેતું નથી કે પોતે અકાર્ય કરી રહ્યો છે. એ વખતે એ તો પ્રાયઃ એમ જ માનતો હોય છે કે હું જે કરું છું, તે બરાબર જ છે. મારા અધિકારનું જ છે. ચક્ષુગત અંધતામાં તે વ્યક્તિના વર્ત્તમાન કાળની કોઇ ભૂમિકાનો વાંક નથી. એ તો એના પૂર્વભવીય દુષ્કૃતોથી ઉદયમાં આવેલા કર્મનો વાંક છે.

અકાર્યમાં રત થયેલા કેવા વિવેકઅંધ થાય છે, એ બતાવવા અહીં **ઇંદુષેણ-બિંદુષેણ**ની કથા છે. તે આ પ્રમાણે -

આ **જંબૂદ્વીપ**ના આ **ભારત** દેશમાં **રત્નપુર** નામનું નગર હતું. અહીંની દુકાનોમાં રત્નોના ઢગલા વેંચવા માટે ખડકાયેલા રહેતા હતા... એવી એકાદ નહીં, દુકાનોની પૂરી શ્રેણિ હતી. અહીંની દુકાનોમાં આટલા બધા રત્નો જોઇને આવનારા લોકો માનતા હતા કે રત્નાકર=સમુદ્રમાં હવે માત્ર પાણી જ બચ્યું છે.

એમાં રહેલા રત્નો તો બધા અહીંની દુકાનોમાં આવી ગયા છે. આમ નગરનું નામ પણ સાર્થક હતું.

આ નગરનો રાજા **શ્રીષેણ** હતો. ખરેખર એની પાસે વિવિધ શ્રી= લક્ષ્મીની પૂરી સેના હતી. એના કોશ=ભંડાર ધન-રત્નોથી ભરેલા હતા. એની પાસે રથ-ઘોડા-હાથીઓની ભરમાર હતી. એની સેના પણ ઘણી મોટી હતી. તેથી લોકો કહેતા હતા કે એ સમૃદ્ધિથી પણ શ્રીષેણ છે. સ્વભાવથી ભદ્રક પરિણામી ને ઉદાર એ રાજાને **અભિનંદિતા** નામની રાણી હતી. આ રાણીના આકર્ષક સુદીર્ઘ નયનયુગલને જોઇ પોતાના નયનોને નિંદતા હરણોએ હજી સુધી અરણ્યવાસ છોડ્યો નથી.

આ રાજા રાણીને **ઇંદુષેણ-બિંદુષેણ** નામના કળા-ગુણ-પરાક્રમથી એક સરખા બે યુવાન પુત્રો હતા. બંનેએ એકવાર અપ્સરાઓને રૂપ-લાવણ્યથી શરમાવી દેવલોક ભેગી કરી દેનારી **અનંગસેના** નામની વેશ્યાને જોઇ. બંને જુવાન હતા ને જીવનના સુવર્ણસમય જેવા ગણાતા આ જુવાનવયે જો વિવેક ન હોય, તો કામવાસના શીઘ્ર ઉત્કટભાવે પ્રગટ થાય છે. આ વયે તો સામાન્ય સ્ત્રી પણ આકર્ષી લે છે, તો રૂપવતીમાટે તો પૂછવું જ શું ?

વળી જગતમાં વિશિષ્ટ ગણાય એવી વસ્તુઓ, જે મળવા-હોવાપર બીજાથી વિશિષ્ટ તરીકે અલગ ઓળખ ઊભી થાય એવી વસ્તુઓ ઓછી જ હોવાની... સામે એવી વસ્તુઓના હકદાર-દાવેદારો ઘણા હોવાના. બસ આ નિમિત્તથી જ પ્રાયઃ સર્વત્ર સંઘર્ષ-કુડ કપટ-ખટપટ વગેરે ચાલુ થાય છે. પછી એમાં લોહીના સંબંધ પણ સૂકાઇ જાય છે. વિવેક વિસરાઇ જાય છે. ખાનદાની ખતમ થઇ જાય છે. માનવતા મરી પરવારે છે. વડીલોની સલાહ બહેરા કાને અથડાય છે.

પ્રસ્તુતમાં પણ ઇંદુષેણ અને બિંદુષેણ બંને આ વેશ્યા મેળવવા પોત પોતાના દાવા રજુ કરવા માંડ્યા. બંનેમાંથી એક પણ નમતું જોખવા તૈયાર નથી. **સજ્જનો આવા પ્રસંગે નમતું જોખનારને ડાહ્યો ગણે છે. પણ સંસારી જીવો એને મૂરખ માને છે.** આવા સંસારી જીવોની બહુ મોટી બહુમતી છે.

આ બંને પણ નમતું જોખવાને બદલે પોતાના માની લીધેલા હક માટે લડવા માંડ્યા. **માનવભવમાં જીવનો પ્રથમ નંબરનો હક સાધુ થવાનો છે. બીજા નંબરે શ્રાવક થવાનો. એ સિવાય બીજા કોઇ હક નથી.** જે કાંઇ હક વગેરે વાતો છે, એ ભ્રાન્ત માન્યતા છે, ને સંઘર્ષ ના બીજ છે. જાતને ને સામેવાળાને સંતાપમાં નાખવાની રમત છે.

એમાં પણ કામદેવની કરામત તો બહુ ભારી છે. એ જેનાપર કરામત કરે, તે પછી સ્વવશ પણ રહેતો નથી. આ કામદેવ તો કળાકુશળને પણ કલંકિત કરે છે. પવિત્રને પણ હાસ્યાસ્પદ બનાવી દે છે, પંડિતની પણ વિડંબના કરાવે છે. ધીરપુરુષનો પણ તિરસ્કાર કરાવે છે.

ઉત્તમ કુળના રાજકુમારો જ્યારે લજ્જા-ખાનદાની બધું છોડી એક વેશ્યા માટે કલહ કરવા માંડ્યા, ત્યારે રાજાએ એ બંનેને હિતશિક્ષા આપી - હે વત્સો! બીજા સામાન્ય માણસો પણ વેશ્યામાટે લડતા નથી, કેમકે વેશ્યા ક્યારેય કોઇની થઇ નથી. તો તમે તો સગા ભાઇ છો ને ઉત્તમ કુળમાં જન્મેલા છો. તમારામાટે આ કેવી રીતે ઉચિત ગણાય ?

તમામ દોષોનું ઘર ગણાતી વેશ્યાનો જે સંગ કરે છે, તેને શ્રેષ્ઠ ગુણોથી શોભતા શિષ્ટ પુરુષો ત્યાજ્ય ગણે છે. કહ્યું જ છે - જે વિચિત્ર હલકા પુરુષોથી ખરડાયેલી છે, જે મદ્ય-માંસમાં આસક્ત છે, જે અત્યંત નીચ વૃત્તિ રાખે છે. જે વચનથી કોમળ પણ મનથી નિર્દય છે. તેવી વિષ્ઠાના ઘરસમી વેશ્યાનો પડછાયો પણ વિશિષ્ટ પુરુષો લેતા નથી.

તેથી ક્ષણમાત્ર માટે રાગ રાખનારી ને તેથી જ સંધ્યાના રંગ જેવા રંગને ધારતી વેશ્યા સાથેનો તમારો સંગ મહા અનર્થકારી થશે એમ હું માનું છું. તેથી મારા વચનથી તમે મોટા આપત્તિના મૂળ સમી આ વેશ્યાનો શીઘ્ર ત્યાગ કરો.

આવા ઘણા વચનોથી રાજાએ બંનેને સમજાવવા પ્રયત્ન કર્યો. પણ બંનેને જાણે લીધેલી વાત મૂકવામાં નાનમ લાગતી હતી... દર્પ અને કંદર્પથી ઘેરાયેલા બંને માટે હવે વેશ્યા કોની એ વટનો સવાલ બની ગયો હતો. તેથી જ છતી આંખે આવા અકૃત્યનું આચરણ કરી વિવેકાંધ બનેલા બંનેએ વેશ્યામાટે

લડવાનું ચાલુ જ રાખ્યું... પિતાની વાત પણ માની નહીં. પિતાનો પણ અવિનય કરી બેઠા.

રાજાની આજ્ઞા અલંઘ્ય હોય છે. રાજામાટે આજ્ઞાભંગ મોતસમાન ગણાય છે. એમાં પણ સગા દીકરાઓએ તુચ્છ વેશ્યા ખાતર આજ્ઞાભંગ કર્યો. તેથી ખૂબ આઘાત લાગવાથી રાજાએ ઝેર પી ને પરલોકગમન કર્યું. પતિના વિરહથી વિહ્વળ થયેલી અભિનંદિતાએ પણ કાળકૂટ પી ને યમરાજાને તેડાવી લીધા.

આ બાજુ વેશ્યામાં અત્યંત અનુરાગી થયેલા આ બંને પરસ્પર ભારે ક્રોધવાળા થયા. તેથી પરસ્પર આકરા પ્રહાર કરવા માંડ્યા. એમાં વેશ્યા જીવતી રહી ગઇ ને બંને એકબીજાના પ્રહારથી મરણશરણ થયા.

**શ્રીત્રિષષ્ટિશલાકા પુરુષ** વગેરે ગ્રંથોમાં આ વાત અલગ રીતે જોવા મળે છે.

શ્રી **શાંતિનાથ** ભગવાન બાર ભવમાંથી પ્રથમ ભવમાં **શ્રીષેણ** રાજા છે. એમને **અભિનંદિતા** ઉપરાંત **શિખિનંદિતા** નામની બીજી રાણી છે. નીચ કુળના પતિથી ઠગાયેલી બ્રાહ્મણયુવતી **સત્યભામા** પણ શ્રીષેણ રાજાને પિતા માની એમની સાથે રહે છે.

અભિનંદિતાના બંને પુત્રો ઇંદુષેણ અને બિંદુષેણ ઇંદુષેણને પરણવા આવેલી રાજકુમારીની સાથે આવેલી **અનંતમતિકા** નામની વેશ્યા મેળવવા લડે છે. આ વેશ્યા પૂર્વભવમાં **પદ્મા** નામની સાધ્વી હતા. એક રાજમાર્ગે જતાં એક વેશ્યામાટે લડતા બે રાજકુમારોને જોઇ એવો સંકલ્પ કર્યો કે આવતા ભવમાં મારા માટે પણ બે રાજકુમારો લડે. એના પ્રભાવે પોતે વેશ્યા થઇ ને આ બંને રાજકુમાર એના માટે લડી રહ્યા છે. પેલી રાજકુમારી તો સાઇડ પર રહી ગઇ.

પુત્રોની કુળને કલંકિત કરતી આ ચેષ્ટાથી દુઃખી થયેલા શ્રીષેણ રાજા ઝેરી ફૂલ સુંઘી મરણશરણ થાય છે. એમની પાછળ અભિનંદિતા, શિખિનંદિતા અને સત્યભામા – આ ત્રણ પણ એ ફુલ સુંઘી મરણશરણ થાય છે.

આવી કરુણાંતિકા સર્જાવા છતાં અકૃત્ય તરફ દોડી રહેલા વિવેકઅંધ

બંને લડવાનું બંધ નથી કરતા.

અચાનક ત્યાં એક વિદ્યાધર આવીને કહે છે - પૂર્વભવમાં હું તમારી માતા હતી. તમે બંને બહેનો હતી. આ વેશ્યા પણ પૂર્વભવમાં તમારી બેન જ હતી. બેન સાથે ભોગ ભોગવવાનો તમારો વિચાર અત્યંત કલુષિત છે. તમે મારા પૂર્વભવના સંતાન છો. તેથી તમારા હિતમાટે તમને લડતા અટકાવવા અહીં આવી છું. આ ભવમાં હું વિદ્યાધર રાજકુમાર છું.

આ સાંભળી બંને લજ્જા પામ્યા. લડતા અટકી ગયા. સંસારના વિચિત્ર સંબંધો જાણી અને માતા-પિતાના મોત જાણી વૈરાગી થયેલા બંનેએ દીક્ષા લીધી. એ જ ભવના અંતે સર્વકર્મનો ક્ષય કરી મોક્ષે સિધાવ્યા.

આ અંગેની વિસ્તૃત માહિતીમાટે વાંચો - શ્રી શાંતિજિનેશ્વર સાહિબા રે.... (પુસ્તક નં. ૫૯)

આમ ઈંદુષેણ અને બિંદુષેણને લગતી બનેલી આ ઘટનાનું પરિભાવન કરી હે ભવ્ય જીવો ! તમે પ્રયત્નપૂર્વક અકાર્યથી દૂર રહો, કરતા હો તો અટકી જાવ. જેથી તમારે પણ છતી આંખે આંધળા થવાનો અવસર આવે નહીં.

આમ એકતાલીશમાં પ્રશ્ન પર તેંતાલીશમો ઉત્તર પૂર્ણ થયો.

***સારા થવા શક્તિ જોઈએ છે ? અજમાવી જુઓ ઉપાય...***

- ***જ્યાં સુધી મેદાનમાં કચરો છે. ત્યાં સુધી બગીચો થવાનો નથી, ખોટી માન્યતાનો કચરો કાઢો.***
- ***નાની-નાની પણ તપશ્ચર્યા નથી થતી, પહેલા રાત્રી ભોજન છોડો.***
- ***ટી.વી. વગેરે નિરર્થક પ્રવૃત્તિ છોડો. પછી સામાયિક રસપૂર્વક થશે.***
- ***વેપારના નામે છેતરપિંડી છોડો. મોટું સુકૃત કરવાની શક્તિ આવશે.***

# હિતવાણી નહીં સાંભળનારો બહેરો...
## ક્ષુલ્લકમાતા કથા (૪૪)

ગુરુ પાસે 'અકાર્ય કરનારો આંધળો છે.' એ વિષયમાં ઇંદુષેણ-બિંદુષેણની કથા સાંભળી જિજ્ઞાસુ શિષ્યે બેંતાલીશમો પ્રશ્ન પૂછ્યો - **બહેરું કોણ ?** જેમ આંખ વિનાનો હોય તે નહીં, પણ જે અકાર્ય કરે તે જ ખરેખર આંધળો છે. તેમ જે કશું સાંભળતો જ નથી એ કર્મોદયના કારણે ભલે બહેરો કહેવાય, પણ છતે કાને-સાંભળી શકતો હોય એવો કયો માણસ ખરેખર બહેરો ગણાય ?

આમ તો ઘણા ધ્યાન બહેરા હોય છે. પોતાના કાર્યમાં-પોતાની ધૂનમાં મસ્ત હોય, ત્યારે બહેરા ન હોવા છતાં - કાનમાં શબ્દો જતાં હોવા છતાં એ કશું સાંભળતા નથી. તેથી પોતાની ધૂનમાં ચાલ્યા જતાં માણસને કોઇ બોલાવે તો પણ સામો જવાબ આપતો નથી. એમાં કંઇ ઉપેક્ષા, ક્રોધ, તિરસ્કાર વગેરે કારણ નથી હોતા.... પણ એણે કશું સાંભળ્યું જ નથી એ કારણ છે.

ધન પણ બહેરાશનું કારણ બને છે. ધનથી ગર્વિત થયેલાઓ ગરીબો-નોકરોની આજીજી-વિનંતી સાંભળતા નથી. એમને કહેલી વાત જાણે કે બહેરા કાને અથડાય છે.

અધ્યાત્મપ્રિય સાધુઓને પરવૃત્તાન્તમાં અંધ-બધિર-મૂક થવાની સલાહ અપાય છે. પ્રભુ **વીરે વિશ્વભૂતિ**ના ભવમાં **વિશાખાનંદી**એ લગાવેલો ટોણો જો સાંભળ્યો જ ન હોત, તો કદાચ પ્રભુના ભવોની કથા જુદી હોત. ટોણો સાંભળી ક્રોધ આવ્યો ને નિદાન કર્યું એમાં બે વાર નરકે જવાનું થયું.

એ જ પ્રભુ **વીરે** અંતિમ ભવે સાધનાકાળે **ગોવાળિયા**ની વાત સાંભળી નહીં કેમકે ધ્યાનમગ્ન હતા, તેથી ગોવાળે ક્રોધે ભરાઇ કાનમાં ખીલા ઠોક્યા... પ્રભુએ એ ઉપસર્ગ સહન કરી લીધો.

માલિકની વાત દરેક નોકરે શાંતિથી સાંભળવી જરુરી છે. નહિંતર ભારે દંડ થાય છે. **શય્યાપાલકે ત્રિપૃષ્ઠ વાસુદેવની** 'મારા સૂઇ ગયા પછી સંગીત બંધ કરાવી દેજે' આ આદેશાત્મક વાત કાને ધરી નહીં ને સંગીત ચાલુ રખાવ્યું. એમાં એના કાનમાં ધગધગતું સીસુ રેડાયું.

ઘરમાં તોફાન નહીં કરવાની પપ્પાની વાત દીકરો સાંભળતો નથી. તેથી પપ્પા ગુસ્સે થાય છે ને બરાડે છે - આટલું કહું છું, તો પણ સાંભળતો નથી ?

છાપુ વાંચતો કે ટી.વી. જોતો પતિ પત્નીની વાત સાંભળતો નથી ને પત્ની છણકો કરે છે - 'તમે તમારા છાપામાંથી ઊંચા આવતા નથી ને મારી એક પણ વાત સાંભળતા નથી.'

આમ કર્મના કારણે બહેરા નહીં હોવા છતાં ઘણા ઘણી વખત ઘણાની વાત સાંભળતા નથી... એમાં ક્રોધ, કલહ વગેરે થાય છે.

એ અપેક્ષાએ આ બધા પણ કથંચિત્ બહેરા કહેવાય, પણ જે એવી કઇ વાત નહીં સાંભળવા પર સૌથી કનિષ્ઠ-જઘન્ય બહેરો ગણાય... તે કોણ ? તેવી વાત કઇ ? આવા તાત્પર્યવાળો શિષ્યનો પ્રશ્ન છે.

અહીં ગુરુ પણ આ પ્રશ્નને અનુરૂપ ચુંમાલીશમો ઉત્તર આપતા કહે છે-
**જે હિતકર વચન સાંભળતો નથી.**

અહીં એટલું સમજી લેવું કે 'સાંભળતો નથી' એનું તાત્પર્ય છે કે સાંભળવા મુજબ સ્વીકારતો નથી. અપનાવતો નથી. અમલમાં મૂકતો નથી. **હિતકર વચન એટલે એવા વચન કે જે વચન સ્વીકારી એ મુજબ આચરણ કરવાથી ભવિષ્યમાં સુખકર બને.** પરલોકનું સુખ આ ભવમાટે હિતકર કહેવાય. કહ્યું જ છે - જે ગુરુ વચન સાંભળવા છતાં સમજતા નથી ને એ મુજબ આચરતા નથી, તેઓ સાંભળવાની શક્તિથી યુક્ત હોવા છતાં ધીર પુરુષો તેમને બહેરા ગણે છે.

જીવને બોલવા માટે બેઇંદ્રિય પણ સાંભળવા માટે પંચેન્દ્રિય થવું જરુરી છે. તેથી જ કહેવાય કે બોલતા તો બધાને આવડે છે, પણ જે સાંભળવાની કળા હસ્તગત કરે, તે શ્રેષ્ઠ ગણાય.

પંચેન્દ્રિય મનુષ્ય થયા પછી પણ કાન સતત અવાજોથી ઉભરાતું રહે છે. અવાજો-ઘોંઘાટો સતત કાનપર અત્યાચાર કર્યા કરે છે. દરેક જણ પોતાની વાત બીજાના મગજમાં ઠસાવવા મોટેથી, સતત, તર્ક યુક્તિઓ સાથે બોલ બોલ કરે છે. ત્યારે ઘણાની વાત સાંભળવા જેવી નથી હોતી, સંભળાઇ જાય, તો એક કાનેથી સાંભળેલી બીજા કાનેથી કાઢી નાખવાની હોય છે. ફાલતુ વાતો કરનારો માણસ સમય બરબાદ કરે છે. સમય ચોરી જાય છે. એવાની વાત સાંભળવા કરતાં નવકાર ગણવા સારા....

કેટલાક નિંદા-કુથલી કરે છે. એમની નિંદા કાને ધરવાથી આપણું હૈયું પણ કલુષિત થાય છે. તેથી એમની વાત કાને લેવા કરતાં સ્વાધ્યાય કરવો સારો.

કેટલાક વગર કારણે અપમાન-તિરસ્કાર-ટોણાના વચન બોલતા હોય છે. એમની વાત સાંભળી સળગી જવા કરતાં ખંખેરી નાખવી વધુ લાભકારી નીવડે છે.

કેટલાક વળી પાપકાર્યોમાં ઉશ્કેરવા એવી વાત બનાવતા હોય છે, તે વખતે મગજને સ્વસ્થ રાખી ધ્યાન બહેરા થઇ જવામાં સાર છે.

પણ મોટે ભાગે જીવોની હાલત એવી છે કે આવી બધી કચરાપેટી યોગ્ય વાતોને મનમાં સંઘરી રાખે છે... મનને પછી સંકલેશથી કચરાપેટી જેવું બનાવી દે છે. વર્ષો સુધી એ શબ્દોને વાગોળ્યા કરી-પુનરાવર્ત્તન કરી મનમાં એવી જડબેસલાખ બેસાડી દે છે... કે પછી ઉંઘમાં ય ભૂલે નહીં.

આ જ માણસો ગુરુ ભગવંતની વાત્સલ્યભાવે કહેવાયેલી, એકમાત્ર હિતમાટે જ બોલાયેલી વાણીને જરા પણ કાને ધરતા નથી. મન પર લેતા નથી. જાણે કે કશું સમજ્યા જ નથી એવો ભાવ ઊભો કરે છે. બસ આવા લોકો કે જેઓ ગુરુ ભગવંતની હિતકર વાતને કાને ધરતા નથી, તે જ ખરા બહેરા છે. બહેરા હોવાનું જે આધ્યાત્મિક નુકસાન છે... એ નુકસાન એમને થાય છે.

અહીં **ક્ષુલ્લકમાતા**ની કથા બતાવી છે-

આ જ **જંબૂદ્વીપ**ના આ **ભારત** દેશમાં સંવિગ્ન ઉગ્રવિહારી સાધુઓનો મોટો ગચ્છ હતો. સાક્ષાત્ કલ્પવૃક્ષ સમાન આ ગચ્છની નિશ્રારૂપ છાયા પણ પરમ કલ્યાણકારિણી હતી. ગૃહસ્થો પણ સુપાત્રદાનના ઉત્કૃષ્ટ લાભના આભાગી

આ ગચ્છાના સાધુઓને અશનાદિ વહોરાવી થતા હતા.

આ ગચ્છના આચાર્ય ભગવંત ગુણોની છત્રીશ છત્રીશી ધરાવતા હતા. આગમમાં બતાવેલા ભાવાચાર્યના ગુણોથી અલંકૃત હતા. શ્રાવક વર્ગને વ્યાખ્યાન દ્વારા સમ્યક્ત્વાદિની પ્રભાવના કરતા હતા, તો સાધુઓને વાચના આપવા દ્વારા સંયમમાં સતત ઉલ્લાસવાળા રાખતા હતા. આમ ઘણો સમય વ્યતીત થયો.

એકવાર એક બાલ્યકાળે જ દીક્ષા લીધેલા ક્ષુલ્લક સાધુએ કર જોડી અંજલીબદ્ધ પ્રણામ કરી વિનીત સ્વરમાં ગુરુદેવને વિનંતી કરી – હે ભગવન્ ! ધર્મનો બોધ પમાડીને જ માતાના ઉપકારનો બદલો વાળી શકાય એમ જ્યારથી સાંભળ્યું છે, ત્યારથી મારી ઇચ્છા છે કે આપ અમારા ગામમાં પધારી મારી વૃદ્ધ થયેલી માતાને જૈનમતનો બોધ આપો. જેથી એ સમ્યક્ત્વ પામે, કેમકે હાલ તો એ કશું જાણતી-સમજતી નથી.

આચાર્ય ભગવંતે કહ્યું – વત્સ ! સમયે એમ કરીશું.

પછી વિહાર કરતાં કરતાં એકવાર એ ક્ષુલ્લક મુનિના ગામે પહોંચ્યા. ત્યારે ક્ષુલ્લક મુનિની વિનંતી ધ્યાનપર હોવાથી આચાર્યવર્ય એ મુનિને સાથે લઇ એ વૃદ્ધાના ઘરે સામેથી ગયા, કેમકે **મહાપુરુષો સહજ ઉપકારરસિક હોય છે.**

વૃદ્ધાએ પણ ઊભા થઇ આવકાર આપ્યો. આચાર્ય ભગવંત ક્ષુલ્લક મુનિ સહિત ત્યાં નિર્દોષ ભૂમિપર પડિલેહન-પ્રમાર્જન કરી આસન પાથરી બેઠા. પછી એ વૃદ્ધાને પ્રતિબોધ પમાડવા આ રીતે ઉપદેશ આપવો શરુ કર્યો.

હે ભદ્રે ! આ સંસાર ખારો સાગર છે. એ આદિ અને અંત વિનાનો છે. જન્મ, જરા, મોત અને શોક વગેરે દુઃખો રૂપી પાણીથી એ છલોછલ છે.

આ સંસારમાં જીવો સહુ પ્રથમ અનાદિ નિગોદમાં અનંતાનંત કાળ વિતાવે છે. એ વખતે મિથ્યાત્વયુક્ત મહામોહની ઘેરી નિદ્રામાં તેઓ હોય છે. વારંવાર જન્મ-મરણ આદિથી સતત અતિ દુઃખી હોય છે. એમાં પણ મોટો કાળ સૂક્ષ્મ નિગોદમાં વિતાવે છે. પછી આદુ, મૂળા, ગાજર વગેરેરૂપ સ્થૂળ નિગોદમાં આવે છે. ત્યાં પણ છેદન, ભેદન વગેરે સહન કરે છે. ત્યાં પણ આ રીતે અનંત કાળ વિતાવે છે.

પછી પૃથ્વીકાય વગેરેરૂપ એકેન્દ્રિય ભવોમાં ભટકે છે. પૃથ્વી, પાણી,

અગ્નિ, વાયુ અને પ્રત્યેક વનસ્પતિ રૂપે જન્મ-મરણના ચક્કર કાપતા અસંખ્ય કાળ વિતાવે છે. ત્યાં પણ કચડાવું, ભેદાવું, ઉકળવું વગેરે દુઃખો સહન કર્યા કરે છે. એમાં પણ પ્રત્યેક વનસ્પતિ તરીકે કાંક ચેતના પામેલા તેઓ પવન વગેરેથી ભાંગે છે. તૂટે છે. મૂળથી ઉખડી જાય છે. મનુષ્યો પરશુ-કુહાડીવગેરેથી છેદે-ભેદે છે. બીજાઓ શાક, ફળ વગેરે રૂપે રહેલા એના સ્વાદ લેવા એને પીડે છે. અગ્નિમાં બાળે પણ છે.

એ પછી બેઇન્દ્રિય આદિ ત્રસ કાયમાં આવે છે. ત્યાં પણ ઠંડી-ગરમી વગેરે પીડાને ભોગવતા સંખ્યાતા હજારો વર્ષ - સંખ્યાતો કાળ પૂર્ણ કરે છે.

એ પછી કોઇ પણ રીતે પંચેન્દ્રિય તિર્યંચ થાય છે. એમાં ક્યારેક જળચર માછલા વગેરે રૂપે થાય છે, ક્યારેક ગાય, સાપ, વાંદરાદિ રૂપ સ્થળચર થાય છે, તો ક્યારેક પંખી થાય છે. એમાં કેટલાક મનવાળા=સંજ્ઞી થાય છે, કેટલાક મન વિનાના=અસંજ્ઞી થાય છે. પ્રાયઃ સંખ્યાત વર્ષના આયુષ્યવાળા તેઓને કયા દુઃખ નથી ? જળચર કાચબા-માછલા વગેરે પરસ્પરને ગળી જાય છે. માછીમારો જાળમાં પકડી પીડા આપી મારી નાખે છે. શસ્ત્રોથી કપાય છે ને અગ્નિમાં એમને ભૂંજી નાખવામાં આવે છે. તો ક્યારેક તળવામાં આવે છે. તો ક્યારેક ચરબી-તેલ માટે પીલી નાખવામાં આવે છે. બગલાઓ પણ ગળી જાય છે. આમ તેઓ સતત દુઃખ સહે છે.

સ્થળચર તરીકે ભૂંડ, સસલા, હરણ, બળદ વગેરે થયેલા એમને સતત ભય રહે છે, કેમકે શિકારીઓ-પારધીઓ વગેરે દ્વારા વિવિધ રીતે તેઓની હિંસા થાય છે. પોતે નિર્દોષ હોવા છતાં મોતને ભેટે છે. વળી આરા, ચાબુક, અંકુશના ઘા સહન કરે છે. ઠંડી, ગરમી, ભૂખ, તરસ સહન કરે છે. વિવિધ પ્રકારના બંધનો સહે છે. આમ ત્યાં પણ સતત પીડા-ભયથી હેરાન થાય છે.

પંખી તરીકે કબૂતર વગેરે થયેલા પણ બીજા પંખીઓથી પીડા પામે છે. બળવાન પંખી નબળા પંખીને ચાંચ વગેરે મારી-મારી ત્રાસ આપે છે. તો શિકાર પણ કરી નાખે છે. બીજા મનુષ્યો કે જે ક્રૂર હોય છે ને કરુણા વિનાના હોય છે, તેઓ તો પંખીઓને વિવિધ રીતે પીડા આપે છે. ને માંસભક્ષણ માટે

છેવટે મારી નાખે છે. મોર, માછલા, સાપ કે સિંહ થયેલા તિર્યંચો - એવા બીજા પણ તિર્યંચો બીજા ઘણાની હિંસા કરી છેવટે નરકગામી થાય છે.

એમાં પહેલી ત્રણ નરકમાં પંદર પ્રકારના પરમાધામીઓએ આપેલી વિવિધ ઉષ્ણ પીડાઓ ભોગવવી પડે છે. ચોથીથી છઠ્ઠી નરકમાં પરસ્પરે આપેલી શીત-ઠંડી વેદનાઓ સહન કરવી પડે છે. ને સાતમી નરકમાં તો વજ્ર જેવા કાંટાઓની વચ્ચે રહેલા તેઓ ભયંકર ઠંડીની અતિ દારુણ વેદના સહન કરે છે. ત્યાં શસ્ત્ર વિના જ પરસ્પરકૃત અને ક્ષેત્રકૃત વેદના સહે છે. છેલ્લી ચાર નરકમાં આમ ક્ષેત્રકૃત અને પરસ્પરકૃત વેદના છે.

પહેલી ત્રણ નરકમાં વિશેષથી પરમાધામી કૃત વેદનાઓ છે. આટલી વેદનાઓ સહ્યા પછી પણ છૂટકારો થતો નથી... કેમકે ત્યાં પણ તેઓ સતત ક્રોધ વગેરેથી યુક્ત હોય છે. ત્યાંથી મરીને સિંહ વગેરે થઇ પાછા પાપ-હિંસા કરી ફરી-ફરી નરકમાં ઉત્પન્ન થાય છે.

આ રીતે અનંતાનંત કાળ દુઃખમય વીતાવ્યા બાદ ક્યારેક અનાર્યદેશમાં અથવા ચંડાળ આદિ અનાર્યકુળમાં ઉત્પન્ન થાય છે. ત્યાં મનુષ્ય તરીકે હોવા છતાં ખાદ્યા-ખાદ્ય, પેયા-પેય,ગમ્યા-ગમ્ય, કાર્યા-કાર્ય વગેરેના વિવેક વિનાના તેઓ બધા પ્રકારના પાપ કરી ફરી નરકમાં જાય છે ને ફરીથી અનંતકાળ સંસારમાં રખડે છે.

એ પછી ક્યારેક ઉત્તમ કુળ વગેરે પામવા છતાં એવા એવા દુઃખ સહે છે કે જે સાંભળતા પણ હૃદય ધ્રુજી જાય. જેમ કે, સાડા ત્રણ કરોડ રોમમાં એક સાથે તપાવેલી સોયો ઘોંપવામાં આવે ને જે પીડા થાય, તેથી આઠ ગણી પીડા ગર્ભમાં રહેલા બાળક-બાલિકા ભોગવે છે. એ પછી સાંકડી યોનિમાંથી બહાર આવતી વખતે-જન્મવખતે એ પીડાથી પણ અનંતગણી પીડા ભોગવે છે.

તદ્દન બાલપણમાં રહેલા તેઓ મલીન સ્તનપાન કરે છે ને તદ્દન જડ જેવા એ બાળકો ગંદકીમાં હાથ નાખી પછી એ મોંમાં નાખે છે.

યુવાવયમાં શરીરની તાકાત સાથે રાગ-દ્વેષ-ક્રોધ-આવેશ-લોભ પણ તીવ્ર ઉછાળા મારે છે. ધનના લોભ-ધનની આશારૂપી મુદ્ગરનો પ્રહાર પામેલા તેઓ હાથે કરીને વિવિધ કષ્ટો સહન કરે છે.

કેટલાક વળી વેશ્યાઓમાં આસક્ત થાય છે, તો કોઇ વળી પરસ્ત્રી સાથે સંબંધ જોડે છે. એમાં વિવિધ વિડંબના સહે છે. વારંવાર શોકના પ્રસંગોમાં શોકાકુળ થાય છે, તો શત્રુઓ પર ક્રોધગ્રસ્ત થાય છે. કેટલીક વાર અપયશની પરવા કર્યા વિના ખોટા કામો કરે છે. તો કેટલાક સતત હિંસા, ચોરી, શરાબવગેરે વ્યસનોથી જીવન બરબાદ કરે છે.

ધનના લોભમાં મોટા પર્વતોની ગુફામાં પ્રવેશે છે, પર્વતો તોડે છે, સાગર ખેડે છે, રાજા વગેરેની નોકરી કરે છે. ને દેશાંતર ગમન કરે છે. ક્યારેક લાચારીથી તો ક્યારેક તેવી લાગણીથી હસે છે, નાચે છે, યુદ્ધ કરે છે, ને પરાજય થાય તો પોક મૂકીને રડે છે, શોક કરે છે ને શૂન્ય મનસ્ક થઇ ભટકે છે. વળી વૃદ્ધાવસ્થામાં વિવિધ રોગોથી પીડાયા કરે છે, કશે પણ જવા-ઉઠવા સમર્થ રહેતા નથી. પોતાના મોમાંથી નીકળતું થૂંક પણ લુંછી શકતા નથી. વાળો ધોળા થાય છે. આંખ ઝીણી થાય છે, ખાટલામાં પડ્યા રહે છે... પત્ની, પુત્ર વગેરે ઘોર ઉપેક્ષા કરે છે. અંદર અંદર રડ્યા કરે છે... પણ બિચારા થોડું પણ સુકૃત કરી શકતા નથી.

આમ અત્યંત દુર્લભ માનવ ભવ વિષયભોગની ઇચ્છામાં ને તે મેળવવાની દોડધામમાં ગુમાવી દે છે - બચારા કોડી માટે કરોડોનું સોનું હારી જાય છે. જે માનવભવ સ્વર્ગ-મોક્ષ અપાવી શકે, અરર ! તે માનવભવમાં પાપમાં પ્રવૃત્ત થઇ અનંતકાળ દુર્ગતિ-દુઃખના ચક્કરો ઊભા કરે છે. જેઓ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ રત્નત્રયમાં કારણભૂત માનવ ભવમાં પાપો કરે છે,તે અમૃતમાં ઝેર ભેળવે છે. પછી કષાય-વિષયથી ઘેરાયેલા ને શુભ સુકૃતોથી વિમુખ થયેલા એ જીવો દીર્ઘકાળમાટે નરકઆદિ દુર્ગતિમય સંસારમાં ભટકવા નીકળી પડે છે.

એ બચારાને દેવલોકમાં પણ શાંતિ નથી. દેવ થાય છે, પણ નોકર દેવ.. જ્યારે માલિક દેવ આજ્ઞા કરે છે, ત્યારે અંદરથી બળતા તેઓ આજ્ઞા વહન કરે છે. ક્યારેક બીજા દેવની પોતાના કરતા વધુ સમૃદ્ધિ જોઇ ઈર્ષ્યાથી જીવ બાળે છે, ને માનવ ભવમાં સુકૃત કરવામાં રાખેલી કચાશથી વ્યથિત થયા કરે છે. વળી દેવલોકમાંથી ચ્યવન થવાનું જાણી દેવી-વાવડી-રત્ન-મકાનવગેરેના વિરહની વેદનાથી વ્યાકુળ થયેલા તેઓ નરક જેવી વેદના અનુભવે છે. ક્યારેક રીસાયેલી

દેવાંગનાને મનાવવા જતા જાતને જાત-જાતની વિડંબના પહોંચાડે છે.

વળી ક્યારેક બીજા દેવની દેવી હરી જતાં ક્રોધાંધ થયેલા એ દેવે કરેલા પ્રહારથી છ મહીના સુધી મૂર્ચ્છિત રહે છે. આમ ક્યારેક વિષયથી ને ક્યારે કષાયથી વિડંબના પામતા તેઓ પણ કાયમી શાતા પામતા નથી. ને વળી વાવડી વગેરે પ્રત્યેના મોહથી આર્ત્તધ્યાનથી મરી વાવડી વગેરેમાં પાણી-પૃથ્વી-વનસ્પતિ રૂપે એકેન્દ્રિય ગતિમાં ઉત્પન્ન થાય છે.

આ રીતે મિથ્યાત્વરૂપ વાદળાથી ઢંકાયેલા નિર્મળજ્ઞાનવાળો જીવ અનંતાનંત પુદ્ગળ પરાવર્ત્તો ચારે ગતિમાં ફરવામાં વિતાવી દે છે. તેથી જ કહ્યું છે કે ચૌદ રાજલોકમાં એક આકાશ પ્રદેશ પણ એવો બચ્યો નથી કે જ્યાં જીવના અનંતાનંત જન્મ-મરણ થયા નહીં હોય.

આમ જીવે સંસારમાં ભમતાં બધા પ્રકારના દુઃખો અને વૈષયિક ગણાતા બધા સુખો ભોગવી લીધા છે. દરેક સુખ દીઠ ભારે દુઃખ પણ સહી લીધા છે. પણ એક પ્રભુએ કહેલો ધર્મ સારી રીતે આરાધ્યો નથી. પ્રભુએ જૈનધર્મ બે પ્રકારે બતાવ્યો છે - (૧) સાધુ ધર્મ (૨) શ્રાવક ધર્મ. શ્રાવક ધર્મથી દેવલોક મળે છે, સાધુધર્મથી મોક્ષ મળે છે.

આચાર્ય ભગવંતે અસ્ખલિત વાણીથી આ બધું સમજાવી ક્ષણભર થોભતા વૃદ્ધાને પૂછ્યું - તમે આ બધું સાંભળ્યા પછી 'હવે ધર્મ જ કરવો છે' એવો મનમાં નિર્ણય કર્યો કે નહીં ? વૃદ્ધાએ કહ્યું - ગુરુ ભગવંત ! આપ બોલતા હતા ત્યારે આપના ગળામાં રહેલો મણકો ઊંચો-નીચો થતો હતો... મેં બરાબર ગણ્યા... એકસો આઠ થયા. એ સિવાય બીજી કોઇ વાત મેં સાંભળી નથી !!

આચાર્ય ભગવંત સમજી ગયા - ઔષધથી મટે નહીં એવો અસાધ્ય વ્યાધિ જેવી અયોગ્યતા આ વૃદ્ધામાં છે. તેથી એને સમજાવવાનો ક્લેશ વ્યર્થ છે. આચાર્ય ભગવંતે વિહાર કર્યો. વૃદ્ધા મરીને દુર્ગતિમાં ગઇ. આમ સાંભળવા સક્ષમ છતાં હિતવાણી સાંભળવામાં બહેરી આ વૃદ્ધાની વાત સાંભળી, ભવ્યો! તમે હિતવાણી શ્રવણમાં સાવધ થાવ.

બેંતાલીશમાં પ્રશ્નપર ૪૪મો ઉત્તર પૂર્ણ થયો.

# અવસરોચિત પ્રિય નહીં બોલનારો મૂંગો છે.
# મૂઢમતિ કથા (૪૫)

હિતોપદેશ શ્રવણ સંબંધી બહેરા અંગે ક્ષુલ્લક મુનિની માતાની કથા સાંભળી જિજ્ઞાસુ શિષ્યે તેંતાલીશમો પ્રશ્ન પૂછ્યો - **મૂંગુ કોણ છે ?**

અકાર્ય કરનારો છતી આંખે અંધ છે. હિતની વાત નહીં સાંભળનારો છતે કાને બહેરો છે. તો બોલી શકતો કયો માણસ ખરેખર મૂક=મૂંગો ગણાય ? **જેનું બોલવું ન બોલવા કરતાં ખરાબ હોય, તે બોલતો હોવા છતાં મૂક છે,** કેમકે બીજાઓ એ વખતે એમ જ વિચારે છે કે આના કરતા તો આ મૂંગો હોત તો સારું થાત.

અહીં ગુરુ પણ પિસ્તાલીશમો ઉત્તર આપતા કહે છે - **જે અવસરે પ્રિય બોલવાનું જાણતો નથી, તે બોલતો હોવા છતાં મૂક છે.**

જે વગર કારણે બોલતો નથી, તે મૌન છે. આ ગુણકારી છે. અવસરે નહીં બોલનારો મૂર્ખ છે. પણ અવસરે પ્રિય-ઉચિત નહીં બોલનારો તો એથી પણ નીચી ભૂમિકાએ છે. એ મૂર્ખ તો છે જ, પણ લોકો માને છે કે આના કરતાં એ મૂંગો હોત તો વધુ સારું થાત. એટલે ખરેખર તો મૂર્ખની સાથે મૂક પણ છે. મૂઢ પણ છે.

ઘણા બોલીને બોળે=બગાડે છે. બે જણ વાત કરતા હોય, ત્યાં ત્રીજો ટપકી પડે ને પોતાની હાંકવા માંડે, તો તે મૂરખ ગણાય છે. કારણ વગર બક બક કરનારો વાણી વિલાસ કરે છે. વાણીશક્તિને વેડફે છે. મોટી મોટી વાતોના તડાકા લગાવનારો ગપ્પીદાસ કહેવાય છે. આત્મપ્રશંસા કરનારો=બડાઇ હાંકનારો બડાઇખોર મનાય છે. કર્કશ બોલનારો કાગડો કહેવાય છે. આકરું-નિંદા પ્રધાન બોલનારો દુર્મુખ છે. કેટલાકની જીભ કુહાડા છાપ હોય છે. વગર કારણે બોલ બોલ કરનારો વાચાટ-બડબડિયો છે. નાની નાની વાતમાં ખોટું-ઓછું લાગી

જવાના કારણે તડફડ કરનારો તડતડિયો કોલસો ગણાય છે.

આ બધા બોલતા હોવા છતાં એમના બોલવાથી એમનું કે બીજા કોઇનું કશું કલ્યાણ થતું નથી. ઉલ્ટું પોતે કે બીજા ઉપાધિમાં આવી જાય છે, તેથી આ બધા ખરેખર તો કલ્યાણકારી વાણીની અપેક્ષાએ તો મૂંગા જ છે. એમાં પણ જે વ્યક્તિ જે અવસરે જે રીતે બોલવું જોઇએ, એ રીતે બોલવાના બદલે ઉલ્ટી રીતે બોલે છે, એ તો સર્વથા મૂંગો જ સારો... એ જ ખરોખરો મૂંગો છે.

અહીં એ અંગે કહ્યું છે - જે અવસરે અવસરોચિત બોલીને બીજાને વિસ્મય પમાડતો નથી, પણ જેમ તેમ બોલી નાખે છે, તેને આ પૃથ્વીપરના પંડિતો મૂક જ ગણે છે.

આ બાબતમાં **મૂઢમતિ**ની કથા આ પ્રકારે છે -

આ **જંબૂદ્વીપ**ના આ **ભરતક્ષેત્ર**ના આ **ભારતદેશ**માં **સુધાન્ય** નામનું ગામ વિવિધ પ્રકારના ધાન્ય-અનાજથી ભરપૂર હતું. ચારણો આ ગામને ધાન્ય સાગર કહી બિરદાવતા હતા.

આ ગામમાં એક **શૂર** નામનો રાજપુત વસતો હતો. એ સાહસિક હતો, તો સાથે જે યુક્તિયુક્ત હોય તેવા જ કાર્ય માટે કદમ ઉઠાવતો હતો. એ ઉદારતાવગેરે ગુણોથી વાદળની ઉપમા પામતો હતો.

એને **વીરમતી** નામની પૂર્ણિમાના ચાંદ જેવા મુખમંડળવાળી પત્ની હતી. જોનારના આંખ રૂપી ચકોરને સંતુષ્ટ કરતી એ સ્ત્રી સુશીલ હતી. પતિ સાથે સંસારજીવન જીવતી એને એક પુત્ર જનમ્યો. એના લક્ષણો જોઇ પિતાએ એનું નામ રાખ્યું મૂઢમતિ.

એ હજી આઠ વર્ષનો થયો, ત્યાં તો એના પિતા સ્વર્ગવાસી થયા. યમરાજા સમગ્ર સંસારને અસાર બનાવી દે છે. દુષ્ટ યમરાજાએ તીર્થંકરો, ચક્રવર્તીઓ, વાસુદેવો કે ઇંદ્રોને છોડ્યા નથી, તો બીજા જીવોની તો વાત જ શી કરવી ? 'હું જેને ઉપાડી જાઉં છું, એની એના ઘરે કેટલી બધી જરુરત છે... એના વગર એના આધારે જીવતા માતા-પિતા-પત્ની-પુત્ર વગેરેનું શું થશે ? બિચારા બધા નિરાધાર થઇ જશે... આ રીતે આને ઉપાડી જવો મારા માટે સારું નથી...'

ઇત્યાદિ કશો વિચાર કર્યા વિના યમરાજા હજી મરવાની ઉંમર નથી થઇ એવાઓને પણ ઉપાડી જાય છે. ત્યાં કોઇનું કશું ચાલતું પણ નથી.

વળી આ રીતે 'મારા પર ઘરની જવાબદારી છે, તેથી મારે ધર્મ છોડીને પર ઘર સાચવવું જોઇએ. દેવ-ગુરુને તડકે મૂકી ને પણ પરિવારને સાચવવો જોઇએ. ખરું-ખોટું કરીને પણ પરિવારની ઇચ્છા પૂરી કરવી જોઇએ. આત્મા ને પરલોકની વાત ઘડપણમાં સાંભળીશ. નિવૃત્ત થયા પછી આત્મકલ્યાણ કરીશ. અથવા મને મારા પરિવાર માટે કશું પણ કરતા રોકતા ધર્મ પર મારે શ્રદ્ધા રાખવી પાળવે એમ નથી..' ઇત્યાદિ વિચારો કરી આત્મકલ્યાણ અંગે પરમ નાસ્તિક બનીને પરિવારની ચિંતામાં ખોવાઇ ગયેલો એ આ રીતે અચાનક પરલોક જવાનું થાય, ત્યારે 'પરિવારનું મારા વિના શું થશે' એવી ચિંતાથી એમની વ્યવસ્થા કરવા પણ રોકાઇ શકતો નથી. યમરાજા એ પણ તક નથી આપતા કે ભઇ ! એના ઘરનું કામ પૂરું કરે, અથવા આત્મકલ્યાણ કરી લે, પછી ઉપાડી જાઉં. યમ તો એની જવાબદારી પણ અધૂરી રાખી, એની લાગણી કચડી નાખી એને ઉપાડી જાય છે... ને એ બિચારો હાયવોય કરતો કરતો દુર્ધ્યાનથી પરલોક પણ બગાડી બેસે છે. આમ એ બાવાના તો બે ય બગડે છે.

સાધુ ભગવંતો એ જ સમજાવતા હોય છે કે આ ભવમાં તો તમારું રોગ ને મોત સામે ખાસ કશું ચાલવાનું નથી. ને એમના આવવાનું પણ કશું નિશ્ચિત નથી. એ બંનેને તમારું બનાવેલું બગાડવામાં જ રસ છે. તમારી બાજી ઉલ્ટી પાડવામાં તેઓને વિશેષ આનંદ આવે છે. ત્યારે ડહાપણ છે પરલોક સુધારી લેવામાં. કેમકે એ અંગેની બાજી તમે જીવતા રહો ત્યાં સુધી તમારા હાથમાં છે. તેથી જ જો આ લોકમાં તમારા આયોજનો-તમારી જવાબદારીઓ, તમારી ગણતરીઓ સફળ થવા અંગે તમારું વિશેષ ચાલવાનું નથી, તો એ અંગે વિશેષ ચિંતા-પ્રયત્ન-પરિશ્રમ કરવા કરતાં જે અંગે તમારું પૂરેપૂરું ચાલવાનું છે, એ પરલોક સુધારવા વહેલી તકે - બીજું બધું ગૌણ કરી લાગી જ જવું જોઇએ. તેથી જ પહેલું કર્ત્તવ્ય ધર્મ કરવા અંગે જ હોવું જોઇએ. આ જ ડહાપણ છે.

ખેર ! પેલો રાજપુત તો અહીંની કોઇ વિશેષ વ્યવસ્થા કર્યા વિના ને

પરલોક સુધાર્યા વિના રવાના થઇ ગયો સાવ અચાનક જ. અહીં એની પત્ની પતિવિયોગથી દુ:ખી થઇ. ઘરમાં ખાસ ધનવગેરે રહ્યું ન હોવાથી વૈભવ વિનાની થઇ. તેથી હવે બીજાના ઘરોમાં કામ કરી પોતાનું ને દીકરા મૂઢમતિનું પેટ ભરવા માંડી.

મૂઢમતિ યુવાન થયો. પણ ભણ્યો ગણ્યો કશું નહીં. વારંવાર ઘણું ખાવાનું. જંગલમાં રખડવાનું. બીજું કશું કરવાનું નહીં. કોઇ વ્યવહારનું પણ જ્ઞાન નહીં. સાવ પશુ જેવું જીવી રહ્યો હતો. તેથી એકવાર એની માતાએ વાત્સલ્યથી અમૃત જેવી વાણીથી કહ્યું - હે વત્સ ! મેં તારું પાલન-પોષણ કરી તને દાઢી-મૂછધારી યુવાન બનાવ્યો. હવે તારે આજીવિકામાટે ચિંતા કરવી જોઇએ.

મૂઢમતિએ કહ્યું - હે માતા ! તમે જે કહ્યું તે તદ્દન બરાબર છે. મને પણ લાગે છે કે હવે મારે જીવનનિર્વાહમાટે કશુંક કરવું જોઇએ. જો કે મને તો કશું સૂઝતું નથી. તેથી તમે જ કહો, મારે શું કરવું જોઇએ ?

પુત્રના જવાબથી સંતુષ્ટ થયેલી માતાએ કહ્યું - બેટા ! અહીંથી થોડે દૂર **મણિમંદિર** નામનું નગર છે. ત્યાં તારા પિતાના મિત્ર રહે છે. **'વિચિત્ર'** એનું નામ છે. ગુણવાન છે. ઉદાર છે. તું એમની પાસે જઇ એકાગ્ર મનથી એમની સેવા કર. જેથી પ્રસન્ન થયેલા એ તારા બધા ઇચ્છિત પૂરા કરશે.

એમ કહી માતાએ પોતાના પતિની જૂની તલવાર મ્યાન સાથે આપી અને સફળ થવાના આશીર્વાદ આપ્યા.

મણિમંદિર જવાની તૈયારીવાળા મૂઢમતિએ છેલ્લી હિતશિક્ષા લેવાના આશયથી માતાને પૂછ્યું - હે માતા ! તમે મને લોકોને ખુશ કરવાનો ઉપાય બતાવો. કારણ કે મને કોઇએ ક્યારેય કશું શીખવાડ્યું નથી. તેથી કહો મારે લોકરંજનમાટે શું કરવાનું ?

માતાએ કહ્યું - વત્સ ! જ્યાં ઘણા લોકો દેખાય, ત્યાં વારંવાર નમસ્કાર કરવા. ને 'નમસ્કાર ! નમસ્કાર !' એમ કહેવું.

માતાની વાત સ્વીકારી એ અલ્પમતિ મણિમંદિર જવા નીકળ્યો. માર્ગમાં

ઘણા સુંદર વૃક્ષોથી શોભતું જંગલ આવ્યું. ત્યાં ઘણા શિકારીઓ ભેગા થયા હતા. સંગીતનો ભવ્ય કાર્યક્રમ રાખી હરણોને આકર્ષ્યા હતા. બિચારા હરણો ! સંગીત શ્રવણના લોભમાં નજર સામે આવેલા મોતને પણ ઓળખી શક્યા નહીં. **જીવે કયા ભવમાં વિષય સુખ માણવાના લોભમાં દારુણ દુઃખ નથી મેળવ્યું ?**

પેલા શિકારીઓ તો ઘણા હરણો ભેગા થયેલા જોઇ ખુશ હતા. હરણોને સપડાવવાની જાળ હાથમાં રાખી હવે એમને સપડાવવાના જ હતા... ત્યાં પેલો મૂર્ખ અને મૂઢ શિરોમણિ ઘણા લોકોને જોઇ માતાની શિખામણ યાદ કરી પેલા શિકારીઓને મોટે મોટેથી 'નમસ્કાર' 'નમસ્કાર' એમ બોલી નમવા માંડ્યો.

હરણોને સંગીત શ્રવણના રસમાં ભંગ પડ્યો. આ અવાજથી ભયભીત થયેલા એ બધા જંગલમાં ભાગી ગયા. **વિષયરસમાં થતો ભંગ પાપભંગ અને દુઃખભંગ પડવા સમાન દેખાય તો રાજી થવાની જ વાત છે ને !** ટી.વી.માં મેચ જોવા મશગૂલ થયેલાને સાધુ મહારાજ કોઇ વૈયાવચ્ચમાટે-કામમાટે બોલાવે, તો રાજી થવાનું કે નારાજ ?

હરણોમાટે તો રંગમાં ભંગ ખરેખર તો જીવનદાન સમાન હતો. પણ પેલા શિકારીઓ નારાજ થઇ ગયા. ઘણી મહેનત ને ઘણે ખર્ચે કરેલી બધી તૈયારીઓ આ મૂઢમતિના કારણે નિષ્ફળ ગઇ. જો કે મૂઢમતિએ તો અજાણતા જ તેઓને નમસ્કાર કર્યા હતા... પણ એમાં તેઓનું કામ બગડી ગયું. ગુણ પણ દોષમાટે થયો. તેથી તેઓ મૂઢમતિને મારવા માંડ્યા. મૂઢમતિને એ સમજાયું નહીં કે મેં મારી માતાના કહેવા મુજબ આ બધાને નમસ્કાર કર્યા... તો પછી આ બધા મને મારે છે કેમ ?

પોતાની ભૂલ ક્યાં થઇ એ નહીં સમજી શકતા એણે પેલા મારનારાઓને હાથ જોડી પૂછ્યું - ભાઇઓ ! મને મારો છે કેમ ? મેં તો મારી માતાએ કહ્યું હતું એ મુજબ જ કર્યું છે... મને પોતાને તો લોકવ્યવહાર કેવો હોય તેની કશી ગતાગમ નથી. હું તો ગમાર છું. અભણ છું. વ્યવહારના જ્ઞાન વિનાનો છું.

ત્યારે એની વાત સાંભળી દયા આવવાથી પેલાઓએ એને મારવાનું

બંધ કર્યું. મૂઢમતિએ એમને પૂછ્યું – હે બુદ્ધિમાનો ! હવે તમે જ કહો, બીજે ગયેલા મારે શું કરવું ઉચિત ગણાય ?

શિકારીઓની દૃષ્ટિમાં શિકાર જ હોય... તેથી તેઓએ કહ્યું – હે ભદ્ર ! જ્યારે આ રીતે લોકો દેખાય, ત્યારે નીચા નમી ગુપચૂપ ચાલ્યા જવાનું રાખવું. આ જ તત્ત્વ છે.

મૂઢમતિને પોતાની તો અક્કલ હતી નહીં. વર્ત્તમાનમાં જેમ ઘણા લોકો પોતાની અક્કલને બેંકના લોકરમાં રાખી ટી.વી. વિજ્ઞાપનો, કહેવાતા તત્ત્વચિંતકો, લેખકો, મેનેજમેંટ ગુરુઓ પાસેથી મળેલી અક્કલ મુજબ ચાલે છે. પડોશીઓ કે બીજા-ત્રીજાઓ જે કહે એ માની લઇ એ મુજબ જીવનવ્યવહાર ચલાવવા જાય છે. એમ આ મૂઢમતિએ પણ હવે શિકારીઓએ આપેલી અક્કલ મુજબ વર્ત્તવાનો નિર્ણય કર્યો.

તે હવે નગરની નજીક પહોંચી ગયો. ત્યાં રોજ ધોબીઓ નદીકિનારે નગરજનોના કપડા ધોતા હતા. પણ છેલ્લા કેટલાક વખતથી ચોરનો ઉપદ્રવ થયો હતો. ચોર છૂપી રીતે આવી કપડા ચોરી જતો હતો. તેથી તેઓએ ચોરપર નજર રાખવા બે-ચાર માણસોને ગોઠવ્યા હતા. મૂઢમતિને આવતો જોઇ એ માણસો સાવધ થઇ એની સામે આવવા માંડ્યા. ત્યારે એ મંદમતિ નીચું જોઇ ગુપચૂપ જાણે કે લપાતો-છૂપાતો જવા માંડ્યો.

તેથી તેઓની 'આ જ ચોર છે' એ શંકા પાકી થઇ ગઇ. તેથી મૂઢમતિને પકડી દોરડાથી બાંધી મારવા માંડ્યા. ત્યારે શિકારીઓના કહેવા મુજબ કરવા છતાં માર પડવાથી આશ્ચર્ય ને આઘાતથી મૂઢ થયેલાં મૂઢમતિએ તેઓને સાચી હકીકત જણાવી. ત્યારે 'આ નિર્દોષ છે' એવી ખાતરી થવા પર એ લોકોએ આને છોડ્યો. ત્યારે મૂઢમતિ પૂછે છે – લોકોને જોઇ મારે કેવો વ્યવહાર કરવો ?

આ તો બધા ધોબી હતા. તેથી તેઓની દૃષ્ટિ તો કપડા ઉજળા કરવા અંગે જ હોય ને ! તેથી તેઓએ સલાહ આપી – આ રીતે લોકોને જૂએ, તો કહેવાનું, 'ખાર પડો ! તમને સતત આ કાર્ય મળતું રહો...' મૂઢમતિએ સલાહ યાદ રાખી.

એના બિચારાના ખોટા કરમ પણ એની આગળ આગળ ચાલી રહ્યા હતા. તેથી જ ગામમાં પ્રવેશતા જ મરદાને લઈને નીકળેલા લોકો સામે મળ્યા. લોકોને જોઈ મૂંગા રહેવાના બદલે ધોબીઓની સલાહ મુજબ બોલીને બગાડ્યું કે – 'ખાર પડો ! તમને સતત આ કાર્ય મળતું રહો...' પેલાઓ આ સાંભળી ચમક્યા. અરે આ કહે છે, અમને રોજ મરદા ઉપાડવાનું કામ મળ્યા કરે... એટલે કે રોજ અમારા સ્વજનો મર્યા કરે ! એક તો આ સ્વજનના મોત પર ઘા લાગ્યો છે. એમાં આવી વાત કરીને આ ઘામાં મીઠું ભભરાવે છે.

બધાએ ભેગા મળી એને ધીબી નાખ્યો. ત્યારે મનમાં એ વાતે મુંઝાયેલા કે હું બીજાઓ કહે છે એ પ્રમાણે બોલું છું.. તો પણ દરેક ઠેકાણે મને માર કેમ પડે છે ? એ મૂઢમતિએ તેઓને હકીકત કહી. તેથી દયા આવવાથી તેઓએ મારવાનું બંધ કરી સલાહ આપી – આવા અવસરે 'આવું ક્યારેય થાઓ નહીં' એમ બોલવું જોઈએ.

આ સલાહ ગાંઠે બાંધી મૂઢમતિ આગળ ચાલ્યો. ત્યાં વિવાહની તૈયારી કરી રહેલા લોકોને જોયા. મધ્યમાં વર-વહુ હતા... હસ્તમેળાપ થઈ રહ્યો હતો, ત્યાં જ આ પહોંચી ગયો ને બોલી ઉઠ્યો – આવું ક્યારેય થાવ નહીં... પેલા બધા આ સાંભળી ભડક્યા... એ લોકોએ પણ આને મેથીપાકનો સ્વાદ ચખાડ્યો. ત્યારે મૂઢમતિએ ફરીથી ખુલાસો કર્યો... દયા આવવાથી એ લોકોએ એને છોડ્યો.

જો કે હવે કોઈ સલાહ મળી નહીં ને એવા કોઈ લોકો ભટકાયા નહીં. તેથી હેમખેમ 'વિચિત્ર' રાજપુતને ત્યાં પહોંચી ગયો. ઘરના દિવાનખાનામાં બિરાજેલા વિચિત્રને જોઈ પોતાની બુદ્ધિથી નમસ્કાર કર્યા. વિચિત્રને આ વિનય ગમ્યો. તેથી એનો સત્કાર કરી પોતાની પાસે બેસાડ્યો ને નોકરીએ પણ રાખી લીધો.

ત્યારે મૂઢમતિને થયું – મારી બુદ્ધિથી ચાલ્યો તો સત્કાર થયો. તેથી હું ખરેખર અક્કલવાળો છું. હવે મારે કોઈની સલાહની જરુરત નથી. હા, કોઈને મારી સલાહની જરુરત હશે, તો જરુરથી આપીશ...

અવસરે પણ નહીં બોલનારો બોઘો ગણાય. અવસર વિના બોલનારો મૂર્ખ ગણાય. પણ જે અવસરે જે બોલવાનું હોય, તેથી સાવ વિપરીત બોલનારો તો મહામૂઢ છે, ને ડાહ્યા માણસે તો એના શબ્દો કાને ધરવા જેવા જ નથી, કેમકે 'એ મૂંગો જ છે' એમ માની લેવામાં જ સાર છે.

બોલતા શીખવું જેટલું જરુરી છે, એથી વધુ ક્યારે બોલવું ? ને ત્યારે શું બોલવું ? કેટલું બોલવું ? ને કેવા શબ્દોમાં બોલવું ? આ શીખવું ખૂબ જરુરી છે. આ બાબતમાં ગરબડ થવાના કારણે જ ઘરના ઝઘડાથી માંડી વિશ્વયુદ્ધ સુધીના કલહો થયા છે.

મૂઢમતિને હવે એમ લાગ્યું – મારામાં બુદ્ધિ છે. બીજાની સલાહ મુજબ ચાલ્યો તો માર પડ્યો. મારી બુદ્ધિ મુજબ ચાલ્યો તો નોકરી મળી. હવે એ હવામાં ઉડવા માંડ્યો. એમાં એકવાર વિચિત્ર રાજપુતે એને રૂપિયો આપીને કહ્યું – આને ભાંગીને લાવ.

અહીં 'ભાંગીને લાવ' એમ કહેવાનું તાત્પર્ય આ હતું... આના બદલામાં છૂટા પૈસા લઇ આવ. પણ મૂઢમતિએ પોતાની અક્કલનું પ્રદર્શન કર્યું ! સૂત્રના તાત્પર્યને છોડી માત્ર સૂત્રના અક્ષરોને પકડતા સૂત્રમૂઢોની જેમ આ શબ્દમૂઢ થઇ 'રૂપિયો ભાંગવાનું કહ્યું છે' તેથી પત્થર લઇ એ રૂપિયાના સિક્કાને ભાંગવા બેઠો. પૂરા જોરથી ફટકાઓ લગાવી રૂપિયાના સિક્કાને શબ્દશઃ ભાંગી નાખ્યો.

બિચારાએ મહેનત તો બહુ કરી, પણ જશ મળ્યો નહીં. નરકના જીવોને જેમ ઘણુ સહેવા છતાં કર્મનિર્જરા થતી નથી, કેમકે સમતાથી સહન કરવાની સમજ નથી, એમ આણે મહેનત ઘણી કરી, પણ અક્કલ વગરની હોવાથી ઉપરથી ફિટકાર મળ્યો કે – આ શું કર્યું ? આટલી અક્કલ ચાલતી નથી કે છૂટું લાવવાનું કહેલું ? તેં તો મારો રૂપિયો ભાંગી નાખી ઉપરથી નુકસાન કર્યું.

ભગવાન પણ તેથી જ કહે છે, વિવેક વિનાની ક્રિયા વિશેષ લાભકારી નથી ને મોટા તપ પણ વિવેક ન હોય, તો માત્ર કષ્ટરૂપ છે.

એકવાર શેઠે કહ્યું – ખેતરમાં જે ધાન્ય ભેગું કરવાનો ખલો છે, તે છાણથી લિંપવાનો છે. તેથી હે મૂઢમતિ ! તું પાણી લઇ આ દાસીની સાથે જા... એના

માથે છાણનો ટોપલો છે.

ત્યારે પોતાની અક્કલથી રૂપિયો ભાંગવા જતાં ખાધેલો ઠપકો યાદ કરી મૂઢમતિએ કહ્યું - ભલે ! ત્યાં જઇશ. પણ ત્યાં જઇ મારે શું કરવાનું છે ?

શેઠે કહ્યું - એમાં પૂછવાનું શું ? આ દાસી જેમ કરે તેમ કરજે. શેઠ સમજતા હતા કે દાસી છાણથી જમીન લીંપશે, તો સાથે આ પણ લીંપશે... પણ અક્કલનો આ ઓથમીર હતો. પોતાની અક્કલ ચલાવવા જાય તો ઉંધુ વેતરતો હતો... શેઠે અક્કલ આપી, તો શબ્દ મૂઢ બન્યો.

બસ એક વાત પકડી લીધી - દાસી કરે તે કરવાનું ! પણ દાસી જે કાંઇ કરે એમાંથી કેટલું કરવાનું ને કેટલું નહીં કરવાનું ? એ કોણ સમજે ?

'ભગવાન કરે એ કરવાનું' એ માની કપડા પણ મૂકી દીધેલાઓ બિચારા કેવા ઉંધા રવાડે ચડી ગયા છે ! કોણ તેમને સમજાવશે કે ભગવાને સંસારના સંબંધો મૂકી દીધા... એટલું ભલે તમે ભગવાનની જેમ કરો... પણ બધું એમને કર્યું એમ કરાય નહીં ! ભગવાન તો વિશિષ્ટ ગુણ-પુણ્ય-સત્ત્વનિધાન હતા....

ખેતરમાં પહોંચી પેલી દાસીએ તો ટોપલો જમીનપર જોરથી પછાડ્યો. એમાં કંઇ તૂટવા-ફુટવાનું હતું નહીં. પણ પેલા મૂઢમતિએ તો શેઠના શબ્દો યાદ રાખેલા, દાસી કરે એમ કરવાનું... એટલે એણે પણ પાણીનો ઘડો જમીન પર જોરથી પછાડ્યો, આમે અનુકરણ કરવાવાળો ઓરિજીનલ કરતાં વધુ સ્માર્ટ દેખાવા જાય... આને તો પૂરા જોરથી પછાડ્યો.

અનિત્યતા ભાવનાના સ્વરૂપને સાક્ષાત પ્રગટ કરતો ઘડો ભાંગીને ચૂરેચૂરો થઇ ગયો. પાણી બધું જ ઢોળાઇ ગયું. છાણ પણ પાણીના કારણે લચપચ થઇ ગયું. આની આ બેવકુફીથી સ્તબ્ધ થયેલી દાસીએ ગુસ્સામાં આવી એક થપ્પડ લગાવી દીધી. પણ આ કંઇ થોડો કમ હતો ? હતો તો પૂરેપૂરો અક્કલકમ ! પણ શબ્દને પકડવામાં પૂરેપૂરો પાવરધો હતો !

'શેઠની આજ્ઞાને શબ્દશઃ અનુસરીશ, તો જ શેઠ ખુશ થવાના છે, ને ખુશ થયેલા શેઠ મારું ભવિષ્ય સુધારી દેશે' એ મોટી આશા છે. તેથી 'આ જે કરે, તે તારે કરવાનું' શેઠના આ શબ્દોને યાદ રાખી મૂઢમતિએ પણ સામે એને

જોરથી થપ્પડ મારી.

આથી ગભરાઇ ગયેલી દાસી ત્યાંથી ઘર તરફ નાસવા માંડી. આ જોઇ અનુકરણશીલ એ પણ ઘર તરફ ભાગવા માંડ્યો. પેલી દાસી સમજી 'મને મારવા પાછળ આવે છે,' તેથી જીવપર આવી ઝડપ વધારી દોડવા માંડી... એટલે પેલાએ પણ અનુકરણના ભાવથી ઝડપ વધારી.

આથી વધુ ગભરાયેલી એ રીતસરની ભાગવા માંડી. તો પેલો પણ બસ એ જ રીતે ભાગે છે. છેવટે ઘરના ડેલામાં બંને લગભગ સાથે જ પ્રવેશ્યા. બંને દોડીને હાંફી ગયા છે. બંનેના ચહેરાપર ડર છે.

શેઠનો આખો પરિવાર આ જોઇ એકઠો થઇ ગયો. શેઠે બંનેને આ રીતે ભાગતા આવવાનું કારણ પૂછ્યું. માંડ માંડ શ્વાસ હેઠો ઉતર્યે દાસીએ માંડીને વાત કરી. શેઠે મૂઢમતિને પૂછ્યું. મૂઢમતિએ કહ્યું – હું તો આપના શબ્દોને – આપની આજ્ઞાને વફાદાર રહી આને અનુસરતો હતો... એણે જે કર્યું.... તે જ મેં કર્યું છે. પૂછી જુઓ એને, મેં કશું પણ વધારાનું કર્યું છે ?

ગુરુના કોક કાર્યવિશેષને – વચનવિશેષને – ક્રિયાવિશેષને સંદર્ભ-તાત્પર્ય સમજ્યા વિના ઝનૂનથી પકડી રાખનારા ને આંખ બંધ કરીને સમજ્યા વિના જ અનુકરણ કરનારા કેટલાક શિષ્યો જેવા મૂઢમતિની વાત સાંભળી શેઠ સહિત આખો પરિવાર હસી પડ્યો. દાસી પણ 'આ મૂરખ છે' એમ સમજી શાંત થઇ.

પણ શેઠને ઘડાનું નુકસાન થવાથી તો દુઃખ જ થયું... શેઠ આનાથી પ્રસન્ન થવાના બદલે નારાજ થયા. અક્કલ વગરનું આજ્ઞાપાલન તો ગુરુને પણ પ્રસન્ન કરી શકે નહીં, તો શેઠને તો કેવી રીતે પ્રસન્ન કરે ?

હવે બન્યું એવું કે દુકાળનો સમય આવ્યો. ધાન્ય મોંઘુ ને દુર્લભ થયું. વિચિત્રને પણ મોટો ફટકો પડ્યો. ધાન્યનો વપરાશ ઘટાડી રાબ વગેરે પર આવી ગયા. જો કે આ ઘરમાં રાખવાની વાત હતી. બહાર તો હજી વિચિત્રનો મોટો મોભો હતો. બધા એની સુખી તરીકેની ઇજ્જત કરતા હતા. એમાં એકવાર એવું થયું કે વિચિત્ર કોઇ મોટી સભામાં બેઠા હતા.. મોટો સમાજ ભેગો થયો હતો.

કોઇ મહત્ત્વના મુદ્દા અંગે ચર્ચામાં ઘણો સમય થયો.

આ બાજુ એની પત્નીએ હલકા ધાન્યની રાબ તૈયાર કરી. એવી રાબ **ચંદ્રહાસ** નામથી ઓળખાતી. સામાન્ય સંજોગોમાં આવી રાબ ધન-ધાન્યથી કંગાળ થઇ ગયેલા લોકો જ વાપરે. વિચિત્રના ઘરે પણ સંજોગો એવા થયા હોવાથી એ રાબ બનાવી હતી.

વિચિત્રની પત્નીએ આ મૂઢમતિને કહ્યું – સભામાં જા. તારા શેઠને કહે કે ચંદ્રહાસ રાબ તૈયાર થઇ ગઇ છે. ગરમ ગરમ પીવી જ સારી રહેશે. તેથી આવી જાવ.

મૂઢમતિ તો ગયો સભામાં. બધા માણસોની ભીડ જોઇ. નગરના નાના-મોટા ઘણા લોકો હાજર હતા. એમની વચ્ચેથી રસ્તો કાઢી આગળ આવી શેઠની સામે જોઇ આખી સભા સાંભળે એવા મોટા અવાજે બોલ્યો – હે સ્વામી ! આજે ઘરે ચંદ્રહાસ રાબ બનાવી છે. શેઠાણી એ પીવા તમને બોલાવે છે. પછી ઠંડી પડી ગયા પછી નહીં ભાવે.

આખી સભા આ સાંભળી સ્તબ્ધ થઇ ગઇ. શું વિચિત્રને ત્યાં ધાન ખૂટ્યા છે ? શું બહારથી મોભો જાળવતો આ અંદરથી તૂટી ગયો છે ? વિચિત્ર જે વાત છૂપાવવા માંગતો હતો, એની આની બેવકુફીથી બધાને ખબર પડી ગઇ.

તેથી અત્યંત વિલખા થયેલા વિચિત્રે મૂઢમતિને સખત ઠપકો આપ્યો. પછી ઘરે આવીને શિખામણ આપી – મૂઢ ! સમય જોઇને વાત કરતા શીખ ! આટલા બધા લોકોની સામે આવી વાત મોટેથી બોલવી શોભે નહીં. ઘરની આવી વાત બહાર જાય તે સારું નહીં. આવી કોઇ વાત હોય, તો તારે મને પાસે આવી કાનમાં કહેવી જોઇએ. હવેથી ખ્યાલ રાખજે.

મૂઢમતિએ વાતનો સ્વીકાર કર્યો. પણ જેમ દુર્જનના સંગથી સજ્જનને નુકસાન સહેવાનું આવે છે, એમ મૂરખના સંગથી બુદ્ધિમાનને આપત્તિ આવ્યા કરે છે. મૂઢમતિ એક તો હતો દુર્ભાગી.... તેથી જ એના આવ્યા પછી શેઠને જુદી જુદી આપત્તિ આવતી હતી. એમાં પાછો હતો કમઅક્કલ. તેથી પણ શેઠને

મુશ્કેલીઓ ઊભી થયા જ કરે છે.

બન્યું એવું કે એકવાર ઘરમાં આગ લાગી. શેઠાણીએ મૂઢમતિને કહ્યું - તું સભામાં જલ્દી જા... ને શેઠને કહે, ઘરે આગ લાગી છે. જલ્દી આવો.

મૂઢમતિ સભામાં જવા નીકળ્યો. હવે આવી બાબતમાં તો કંઇ છૂપાવાનું થોડું હોય ? બધાને આગની ખબર તો પડવાની જ છે. એ તો જેટલી જલ્દી બુઝાવાય એટલી સારી...

પણ આ તો શબ્દ પકડનારો હતો. શેઠે આપેલી શિખામણ યાદ રાખી હતી. તેથી સભામાં ગયો તો ખરો... પણ ત્યાં તો ભીડ જામી હતી. એમાંથી રસ્તો કાઢતા કાઢતા શેઠ સુધી પહોંચતા ઘણો સમય લાગી ગયો. શેઠ કોઇની સાથે મહત્ત્વની વાત કરતા હતા. તેથી મૂઢમતિએ વિચાર્યું - હમણાં વચ્ચે બોલવું સારું નહીં લાગે. પેલો પણ સાંભળી જશે. તેથી થોડીવાર રાહ જોઇ. પછી શેઠના કાનમાં વાત કરી - તમારા ઘરને આગ લાગી છે.

આ સાંભળી શેઠ ચોંક્યા ને ભડક્યા - અરે આવી ગંભીર વાત હતી ને તેં કહેતા કેમ આટલી વાર લગાડી ? ને કાનમાં કહેવાની રાહ કેમ જોઇ ? આ તો તારે આવીને તરત મોટા અવાજે કહેવી જોઇએ.

મૂઢમતિએ ખુલાસો કર્યો - એ વખતે હજી કહેવાનો અવસર આવ્યો ન હતો. વિચિત્રે આ સાંભળી આઘાત સાથે પૂછ્યું - અરે આખુ ઘર બળી રહ્યું હતું ને કહેવાનો અવસર ન હતો આવ્યો ? તારા હિસાબે આ કામમાટે કયો સમય યોગ્ય ગણાય ? ત્યારે મૂઢમતિએ કહ્યું - આપે જ કહેલું ને કે સમય જોઇને ખાનગીમાં કહેવું. બસ હું ખાનગીમાં કહેવાનો અવસર જોતો હતો.

આખો સંસાર દાવાનળની જેમ સળગી રહ્યો છે ને એમાં પોતાના સમય, શક્તિ, પુણ્ય, સામગ્રી બધું હોમાઇ રહ્યું હોવા છતાં ઘણા ભવ્ય જીવો હજી આરાધનાને યોગ્ય સમય આવ્યો નથી એમ માની પ્રમાદ કરે છે. એવી મૂઢમતિની વાત સાંભળી ખિન્નતા ભરેલા હાસ્ય સાથે વિચિત્રે વિચાર્યું - આવો નંગ આજ સુધી ક્યારેય મને જોવામાં નથી આવ્યો. અરે આવા નંગની કોઇ વાત આજ સુધી મને સાંભળવા મળી નથી. ખરેખર આ પંક્તિ સાચી જ છે કે- જેની પાસે

જ પ્રજ્ઞા=બુદ્ધિ નથી, એને શાસ્ત્ર શું કરે ? શાસ્ત્ર પણ એને બોધ કે માર્ગદર્શન આપવા સમર્થ નથી. જેને બંને આંખ જ નથી, એને અરિસો શો કામનો ?

ઇત્યાદિ વિચારતો તે ઝડપથી ઘરે આવ્યો. પણ ત્યાં સુધીમાં તો ઘર લગભગ બળી ચૂક્યું હતું. તેથી ક્રોધે ભરાયેલા વિચિત્રે એના હાથ પકડીને કહ્યું- મૂરખ ! અવસરના વિવેક વિનાના ! જો તેં વિલંબ કર્યો કહેવામાં, એમાં આ મારું ઘર બળીને કેવું ખાખ થઇ ગયું ? મૂરખ ! છતાં આ તને છેલ્લી શિખામણ છે કે જ્યારે પણ આ રીતે ધુમાડો નીકળતો દેખાય કે આગની જ્વાલા દેખાય, ત્યારે જે પાણી મળે તે પાણી એના પર નાખી એ હોળવી નાખવી.

એ મૂઢમતિને પોતાની અક્કલ તો હતી નહીં. તેથી વિચિત્રની વાત માની લીધી. જો કે એ કેવા અવસરમાટે છે એટલું વિચારવાની પણ એ તકલીફ લેવા માંગતો ન હતો. તેથી એકવાર બન્યું એવું કે વિચિત્રે સ્નાન કર્યા પછી પોતાના વાળના ગુચ્છાને ધુપથી સુવાસિત કરવા એક ધુપદાણીમાં ધુપ સળગાવી પોતાની આગળ રાખી. પછી હવા નાખી બરાબર આગ પ્રગટાવી. તેથી ધુપનો ધુમાડો ચારે તરફ ફેલાયો.

એ વખતે મૂઢમતિના હાથમાં ગંદા પાણીનું વાસણ હતું. એ પાણી એ બહાર ફેંકવા જતો હતો. ત્યાં એણે ધુમાડો જોયો. વિચિત્રે છેલ્લી આપેલી શિખામણ યાદ આવી. હવે આ આગમાં વિલંબ પાળવે નહીં. તેથી એણે તો પેલું ગંદા પાણીનું પાત્ર વિચિત્રના માથાપર ઠાલવી દીધું ને પછી આશા રાખી કે મને આગ ત્વરિત હોળવવાના કાર્ય બદલ શાબાશી મળશે.

અહીં વિચિત્ર પહેલા તો ચમક્યો. આવું ગંદુ પાણી ક્યાંથી આવ્યું ? પછી જોયું તો મૂઢમતિએ નાખ્યું છે. તેથી એને પૂછ્યું - એ અવસર વિના બોલવાવાળા મૂરખ ! તેં આ શું કર્યું ? મૂઢમતિએ કહ્યું – કેમ ? આપે પૂર્વે કહેલું ને કે ધુમાડો દેખાય, તો તરત હોળવી નાખવા જે મળે તે પાણી છાંટવું... તેથી મેં મારા હાથમાં જે પાણી હતું તે, તમારી પાસેથી ધુમાડો આવતો જોઇ તમારા પર નાખ્યું !

અંદરથી સળગી ઉઠેલા વિચિત્રથી હવે વધુ સહન થાય એમ ન હતું...

તેથી એણે મૂઢમતિને ગળેથી પકડી ઘરમાંથી કાઢી મૂક્યો. મૂઢમતિ પણ પોતાના નામને સાર્થક કરતો ગામ-નગરોમાં ભટકતો-ભટકતો ને ઠેર ઠેર સહન કરતો-કરતો મર્યો.

મૂઢમતિના આ દષ્ટાંતથી હે ભવ્ય જીવો ! જેના કરતાં તો મૂંગા રહેવું શ્રેષ્ઠ ગણાય, તેવું અવસર વિનાનું બોલી વાસ્તવિક મૂક બનશો નહીં. નહિં તો લોકોમાં હાસ્યાસ્પદ ઠરશો. આમ તેંતાલીશમાં પ્રશ્ન પર પીસ્તાલીશમો ઉત્તર પૂર્ણ થયો.

---

**અરિહંત આદિ નવપદની આરાધના પાંચ પ્રકારે થાય (૧) તપ (૨) પૂજા (૩) કાઉસ્સગ્ગ આદિ ક્રિયા (૪) જાપ અને (૫) ધ્યાન. - એક-એક પદની વિશેષતા મેળવવી. આ વિશેષતા કર્મના જંગલમાં મોટી આગ લગાવે છે.**

**(૧) અરિહંત પરમાત્માનું ધ્યાન → પ્રભુ આપ કરુણા સાગર છો. પ્રભો ! હું કઠોર છું. મારા સ્વાર્થ ખાતર હજારોને ખતમ કરી નાંખું છું. હિંસા કરું છું. જ્યારે આપ અપરાધી ઉપર પણ અપાર કરુણા વહાવો છો. આપની કરુણા સ્વયંભૂરમણ સમુદ્રને ય ટપી જાય એવી છે. પાણીના બુંદ અસંખ્ય છે અને આપની કરુણા અનંત છે. આપની કરુણાનું એક બુંદ આપવાની કૃપા કરો.**

**(૨) સિદ્ધ પરમાત્મા ૧) કોઇને ડિસ્ટર્બ કરવા નહીં. ૨) કોઇનાથી ડિસ્ટર્બ થવું નહીં. સ્વ-સ્વરૂપમાં નિમગ્ન છે. આમે નાની-નાની ઘટનામાં ડિસ્ટર્બ થઇએ છીએ. ને ગેરવર્ત્તાવથી બીજાને ડિસ્ટર્બ કરીએ છીએ. આપ કરુણા કરો. નાની-નાની ઘટનામાં કાંઇ નાપસંદ થાય તો ડિસ્ટર્બ નહીં થાઉં... ને ગેરવર્ત્તાવથી કોઇને ડિસ્ટર્બ કરું નહીં.**

**(૩) આચાર્ય મહારાજ - પંચાચારના પાંચ મહા સમુદ્ર છે. મને આચારનું બુંદ આપો.**

**(૪) ઉપાધ્યાય મહારાજ - પરમ વિનય ધર્મથી છલકાવ છો. આપના વિનયનો અંશ આપો. જેથી કોઇ પણ પ્રકારની સફળતા મળે, ત્યારે પરમાત્મા કે ગુરુના નામપર જશનો અભિષેક કરી શકું ને મારી લઘુતાને ટકાવી શકું.**

**(૫) સાધુ મહારાજ - આપ સારો વ્યવહાર, સારી સાધના, સારી રીતે સહન, સારી સહાયતા ને સારો સમર્પણભાવ ધરાવો છો. મારી ઉપર કરુણા કરો. હું દુઃખમાં ભાગેડુ ન થાઉં. સ્થાન બદલવાની પણ ઇચ્છા ન કરું. પાંચે ય સારપને પામું.**

**આપ પાંચેય પરમેષ્ઠીઓ આપના ખજાનામાંથી એક બીજ આપો, બીજમાંથી વિશાળ વડલો બનાવી શકું એવા આશીષ વરસાવો.**

---

# મૂર્ખતા = મરણ

## મૂઢ શેખર જટાધારી કથા (૪૬)

ગુરુ પાસેથી અવસરોચિત નહીં બોલનારો જ ખરો મુંગો છે એ અંગે મૂઢમતિની કથા સાંભળી શિષ્યે જિજ્ઞાસાથી ચુમ્માલીશમો પ્રશ્ન પૂછ્યો - **શું મરણરૂપ છે ?**

જીવને પાંચ ઇન્દ્રિય, મન-વચન-કાયા આ ત્રણ બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય - આ દસ પ્રાણ હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય-તિર્યંચ-દેવ-નારકને આ દસે પ્રાણ હોય છે. બીજા એકેન્દ્રિય વગેરેને ઓછા-વત્તા હોય છે. પણ શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય આ બે પ્રાણ તો દરેક પર્યાપ્ત જીવને હોય છે. અને આયુષ્ય નામનો પ્રાણ તો સંસારી જીવમાત્રને હોય છે.

જેના હૃદય સિવાયના મગજ સહિતના બધા અંગ કામ કરતા અટકી જાય, તે ડોક્ટરોની ભાષામાં મરી ચૂક્યો છે ને જ્યારે એના શ્વાસ પણ ખૂટી જાય છે ને હૃદય બંધ પડી જાય છે, ત્યારે એ બધા માટે મરી ગયો ગણાય છે. જીવતા જેને તણખો ય અડે તો તે ચીસ પાડતો હોય, મર્યા પછી તેના શરીરને આગ લગાડવામાં આવે છે... છતાં જરા પણ ચું કે ચા સંભળાતી નથી.

જીવતા જેને વાત-વાતમાં ઓછુ-વત્તું આવી જતું હતું, મર્યા પછી એના શરીરને સ્મશાન કોણ આવ્યું ? કોણે ખાંધ આપી ? પેલાએ કેમ આવો વ્યવહાર કર્યો... વગેરે વિચારીને ખોટું કે ઓછુ-વત્તું લગાડવાનું રહેતું નથી.

જીવતા જેનું નામ રેશનકાર્ડમાં ટોપ પર હતું, મર્યા પછી એ નામ ભૂંસી નાખવામાં આવે છે. જે દરવાજેથી એણે નૂતન ઘરમાં પ્રવેશ કર્યો હતો, એ જ દરવાજેથી એને કાયમમાટે બહાર કાઢવામાં આવે છે. જે પલંગ ખાસ પોતાની પસંદગીનો હતો, એનાપરથી જ એને ઉઠાવી લઇ ઠાઠડીમાં બાંધવામાં આવે છે. **જે કોઇ નિયમમાં બંધાવા તૈયાર ન હતો, એને જરા પણ ચસકી જાય નહીં**

**એમાટે ઠાઠડીમાં ટાઇટ બાંધવામાં આવે છે.**

જેણે પોતાના વ્યવહારથી ને ડ્રાઇવીંગ વગેરેથી ઘણાના મોંમાંથી 'હાય' કઢાવી હતી, હવે એના નામની છાતી કુટીને 'હાય' 'હાય' બોલાય છે. જેને એ.સી. વિના એક ક્ષણ પણ ચાલતું ન હતું, એના શરીરને તડકામાં ખુલ્લામાં ફેરવવામાં આવે છે.

જે રૂપિયામાટે એણે રાતોની રાતો ઉજાગરામાં કાઢી હતી ને અનિદ્રાનો શિકાર થઇ ગયો હતો, એ રૂપિયા જ્યાં હોય, ત્યાંથી એના મોત નિમિત્તે પણ જરા આમ-તેમ પણ થતા નથી... પરમ મધ્યસ્થભાવે સ્થિર-અચળ રહે છે.

જે કારને જરા ઘસરકો પડવા પર પોતાને 'ઘા' લાગી ગયા જેવું લાગતું હતું, એ કાર પાસેથી જ એની ઠાઠડી પસાર થવા છતાં કારને તો કોઇ જ અસર દેખાતી નથી.

જે પત્ની-પરિવાર ખાતર દેવ-ગુરુ-ધર્મ-આત્મા-પરલોક બધું જ ભૂલી ગયો હતો, એ પરિવાર - પત્ની વગેરે હવે એને ભૂલી એના મરણ પર પોતાને શું મળ્યું ને પેલાને શું મળ્યું એની ગણતરીમાં લાગી જાય છે.

આવું મરણ પોતાના નામમાત્રથી બધાને ભયભીત કરે છે. પોતાના દર્શનમાત્રથી 'શું સાથે લઇને જવાના' એ વિચારથી વૈરાગી બનાવી દે છે, ને પોતાની સમીપતાના અનુભવમાત્રથી ઉપશાંત-ક્ષમાવાન બનાવી દે છે. આ મરણ તો જીવનના અંતે છે.

પણ પ્રશ્ન એ છે કે જે શ્વાસ લેતો હોવાથી જીવતો લાગતો હોવા છતાં ખરેખર તો એને મરેલો જ માનવો ઉચિત ગણાય એવો કોઇ માણસ ખરો ?

અહીં ગુરુ પણ શિષ્યના પ્રશ્નને અનુરૂપ છેંતાલીશમો જવાબ આપે છે-**મૂર્ખતા**. મૂર્ખતા એ જીવતું મોત છે. મૂર્ખ માણસ જીવતો હોવા છતાં એને મરેલો ગણવો જ સારભૂત છે.

આમ તો જે અવસરે જ આપણા કામમાં ન આવે, એવો નિકટનો સ્વજન પણ ખરેખર તો આપણામાટે મરેલો જ ગણાય. પરદેશમાં ફર્યા કરતો પતિ પત્નીમાટે તો જાણે કે મરી ગયા સમાન જ ગણાય. દેવુ ચૂકવવામાં જે માનતો જ

નથી, એવો દેવાદાર માણસ લેણદારમાટે મરી ગયેલો જ જાણવો. જેને દેવ-ગુરુ-ધર્મ પર જરા ય શ્રદ્ધા નથી, એ માણસ સંઘ-શાસનના કાર્યમાટે જીવંત કેવી રીતે ગણાય ? જે પોતાના પરલોકમાટે પણ મૃતસમાન છે, એ બીજામાટે તો સુતરામ મૃત તુલ્ય જ છે.

સાધુ-સાધ્વી ભગવંતો સંસારની વાતો, સંસારના કાર્યો, સંસારના પ્રસંગો માટે મરેલા સમાન છે. શિષ્ટ પુરુષો પાપ કાર્યો માટે મૃત સરિખા છે. સતી સ્ત્રીઓ શીલભંગને મોત ગણે છે. આમ જીવંત પણ મરેલો ગણાય એવા ઘણા હેતુઓ છે. પણ આ બધામાં શિરમોર મરેલો એ જ ગણાય કે જે મૂર્ખશિરોમણિ છે.

જે યોગ્યાયોગ્યનો વિચાર કરતો નથી, તે મૂરખ છે; કેમકે એ પોતે જ ખોદેલા ખાડામાં પડતો હોય છે. પોતે જે ડાળપર બેસે એ જ ડાળને તોડવા ઉદ્યત થયો હોય છે. પોતે જ પોતાના પગે કુહાડો મારે છે. પોતાનું નુકસાન પોતાના હાથે જ કરે છે. **મૂરખ માટે એમ કહી શકાય કે પોતાને દુઃખી કરવા અંગે એ સ્વાવલંબી છે.** જે પોતાનું હિતાહિત પણ સમજતો ન હોય તેવા મૂરખને જીવતો માનવો, એ બીજા જીવતા મનુષ્યોમાટે અપમાનરૂપ છે. તેથી જ કહ્યું છે -

કોઇ કાર્ય વિચાર્યા વિના સહસા કરી લેવું નહીં, કેમકે અવિવેક પરમ= મોટી આપત્તિનું સ્થાન છે. વિચારીને કાર્ય કરવાવાળાને ગુણોમાં આસક્ત લબ્ધિઓ જાતે જ વરવા આવે છે.

મૂરખ શિરોમણિ ને મરેલો ગણવામાટે હેતુભૂત બને એવું દૃષ્ટાંત હવે રજુ કરે છે.

આ **જંબૂદ્વીપ**ના ભારત વર્ષમાં **જયઘોષપુર** નામનું નગર છે. જ્યાંની વિશિષ્ટતાઓ બીજાને આશ્ચર્યકારી લાગે એવી હતી. આ નગરનો રાજા **સુઘોષ** હતો.

આ નગરમાં એક જટાધારી બ્રાહ્મણ રહેતો હતો. મા-બાપે રાખેલું નામ લોકોને યાદ હતું નહીં, કેમકે બધા એને **મૂર્ખશેખર** તરીકે જ બોલાવતા હતા. લોકોને જ્યારે આનંદથી સમય પસાર કરવો હોય, ત્યારે પરસ્પર આની મૂર્ખામીના

પ્રસંગો વર્ણવતા હતા ને ખૂબ હસતા હતા. નાના બાળકોને પણ આની મૂર્ખતાના પ્રસંગો કહી રાજી કરાતા હતા.

જો કે એટલા બધા કંઇ પ્રસંગો બન્યા હતા નહીં, પણ હોંશિયાર કહેનારાને થોડી હકીકત મળ્યા પછી ઘણી વાતો જોડી કાઢતા આવડતી જ હોય છે. પછી તો એવું ય બને કે બીજાની મૂર્ખામીના પ્રસંગ પણ આના નામપર ચઢી જાય.

આ બિચારો મૂર્ખશેખર ! કાગડાને જેમ હંસી વરે નહીં, ગધેડાને જેમ હાથિણી વરે નહીં, મધમાખી જેમ સુગંધ વિનાના ફૂલને અડે નહીં, ગરીબને જેમ લક્ષ્મી સાંપડે નહીં, એમ આને બિચારાને બુદ્ધિએ સપનામાં પણ દર્શન આપ્યા હતા નહીં !

પૂર્વભવમાં મળેલી બુદ્ધિના અભિમાન કર્યા હશે, બીજાને છેતરવા બુદ્ધિનો દુરુપયોગ કર્યો હશે કે બીજા ઓછી બુદ્ધિવાળાની હાંસી ઉડાવી હશે. જેથી આ ભવમાં એને બુદ્ધિ સાથે બારમો ચંદ્રમાં હતો. સજ્જનો માટે એથી જ એ દયાપાત્ર હતો. કર્મના સિદ્ધાંતોના અભ્યાસ કરનારાઓ માટે એ જ્ઞાનાવરણકર્મ અંગે દષ્ટાંતરૂપ હતો. સામાન્ય લોકો માટે મશ્કરી પાત્ર હતો... તો ધૂતારાઓ માટે ઠગવાપાત્ર હતો.

એના પિતા એને માટે મોટી વાડી મૂકીને ગયા હતા. એમાં શાક, એલચી, કેરી, દ્રાક્ષ વગેરે ઉગતા હતા. એનો જીવન નિર્વાહ સારી રીતે ચાલતો હતો અને એથી એ પ્રસન્ન પણ હતો.

એકવાર વાડીની રક્ષામાં પરોવાયેલા એ જટાધારીને એવું લાગ્યું કે હું સારી રીતે રક્ષા કરું છું તો પણ કોઇ ગાય રાતે આવી મારી વાડીમાં રહેલા ફળવગેરે ચરી જાય છે. તેથી મારે ગમે તે રીતે એ ગાયને અટકાવવી જોઇએ... નહીંતર એ વાડીને સફાચટ કરી નાખશે.

આમ વિચારી એ જટાધારી મૂર્ખશેખર રાતે લાકડી લઇ વાડીની રક્ષામાટે વાડીમાં જ ક્યાંક છૂપાઇ ગયો. બરાબર મધ્યરાતે એક સુંદર ગાય આકાશમાંથી સીધી એ વાડીમાં જ ઉતરી. શ્રેષ્ઠ શાક વગેરે ઉગેલા પાકને ઇચ્છા મુજબ આરોગવા માંડી.

પેલો મૂર્ખશેખર પણ અવસર જોઇને એ ગાયપાસે ગુપચૂપ આવ્યો ને ગાયનું પૂંછડુ પકડી લીધું. ત્યાં તો એ ગાય પંખીની જેમ આકાશમાં ઉપર ને ઉપર ઉડતી પોતાના સોનાના કિલ્લાવાળા રત્નમય નિવાસસ્થાનમાં પહોંચી ગઇ. મૂર્ખશેખર પણ પૂંછડુ પકડ્યું હોવાથી ત્યાં પહોંચી ગયો.

પેલી ગાયે સાથે આવેલા મૂર્ખશેખરને કહ્યું – હે બ્રાહ્મણશ્રેષ્ઠ ! હું આ દેવલોકની **સુરભિ** નામની ગાય છું. આ મારું નિવાસસ્થાન છે. અહીં મને ઇચ્છિત પાંદડા, ફળ, શાકવગેરે ચરવા મળે છે. પણ રોજે રોજના એકસરખા સ્વાદથી કંટાળેલી હું પૃથ્વીલોકના શાક વગેરે આરોગવા નીચે આવું છું. તારી વાડીના શાકવગેરે યથેચ્છ ચરીને પ્રસન્નતા અનુભવું છું. એના બદલામાં તારે આજની જેમ રોજ મારા પૂંછડાને પકડી અહીં આવવું. હું તને અહીંના શ્રેષ્ઠ સ્વાદિષ્ટ લાડવાઓ જમાડીશ. હું રોજ તારી વાડીએ ચરવા આવીશ.

એમ કહી સુરભિ ગાયે આ બ્રાહ્મણને શ્રેષ્ઠ લાડવા આપ્યા. આ જટાધારીએ પણ ઇચ્છા મુજબ ખાધા. પરમ સંતોષનો અનુભવ કર્યો. પછી આખો દિવસ ત્યાં જ પસાર કર્યો. રાતે સુરભિની સાથે સાથે એના પૂંછડાને વળગેલો એ પાછો પોતાની વાડીએ આવ્યો.

એણે વિચાર્યું – સુરભિ ભલે વાડીમાં ચરે. એના બદલામાં મને મન થશે ત્યારે ઉપર જવા ય મળશે ને દિવ્ય લાડવાઓ આરોગવા ય મળશે ! મારા તો ભાગ્ય ખુલી ગયા.

તેથી એ તો હવે જ્યારે પણ લાડવા ખાવાની ઇચ્છા થાય ત્યારે સુરભિનું પૂંછડુ પકડી એના નિવાસસ્થાને પહોંચી જવા માંડ્યો.

એકવાર એ જટાધારીએ વિચાર્યું – હું લાડવા ખાવા ભાગ્યાશાળી ઠર્યો એ વાત મારા સિવાય કોઇ જાણતું નથી. બધાને ખબર પડવી જોઇએ કે હું મૂરખ નથી. સુરભિને વાડીના શાકભાજી ખવડાવવાના બદલામાં દિવ્ય લાડવા ખાવા મળે છે, એ જ મારી બુદ્ધિમત્તાનો ચમકારો છે. પણ આ વાત બધા જાણે નહીં, ત્યાં સુધી બધા મને મૂરખ જ ગણશે. તેથી બીજાઓને પણ મારી બુદ્ધિનો ખ્યાલ આવે એ માટે મારા શિષ્યોને પણ લાડવા ખવડાવી સંતુષ્ટ કરું – પછી

તેઓ જ મારા ગુણ ગાશે.

આમ વિચારી એ જટાધારીએ એકવાર સુરભિને કહ્યું – મારા શિષ્યો વગેરે પરિવારને પણ લાડવા ખવડાવવાની મારી ઇચ્છા છે. તમે એ પૂરી કરો.

ત્યારે સુરભિએ કહ્યું – મને કશો વાંધો નથી. ત્યાંથી અહીં લાડવા લાવવા શક્ય નથી. એમ કરો... બધાને મારા મહેમાન બનાવો. તમે મારી પૂંછડી પકડજો. તમારા પગને તમારો પ્રથમ શિષ્ય પકડે. એના પગને બીજો.. એમ લટકતા રહે, તો હું બધાને ઉપર લઇ જઇશ. મને જરા પણ ભાર નહીં પડે.

મૂરખશેખરને આ વાત પસંદ પડી. એણે પોતાના શિષ્ય આદિ પરિવારને આ વાત કરી: બધાને રાતે તૈયાર થવા-તૈયાર રહેવા કહ્યું. બધાને પણ આ નવા અનુભવનો થનગનાટ હતો, તો દિવ્ય કેસરિયા લાડુ ખાવાની હોંશ પણ હતી. એ લાડુઓનો સ્વાદ કેવો દિવ્ય હશે એ જાણવાની જિજ્ઞાસા પણ હતી.

રાતે સુરભિ આવી... એણે ચરવા જેટલું ચરી લીધું. હવે એ ઉપર પોતાના સ્થાને જવા તૈયાર થઇ. મૂર્ખશેખરે એની પૂંછડી પકડી લીધી. પ્રથમ શિષ્યે એમના પગ પકડ્યા... આમ મોટી લાઇન થઇ ગઇ. બધા સુરભિની પાછળ પાછળ ઉપર તરફ જવા માંડ્યા.

પણ આ બધા મૂર્ખશેખરના શિષ્યો હતા. બેવકુફીમાં ગુરુને પાઠ ભણાવે એવા હતા. તેથી ઉપર જતા જતા પણ શાંતિ રાખી શક્યા નહીં. તેઓ સુરભિનું નિવાસસ્થાન કેવું હશે ? લાડવાઓનો સ્વાદ કેવો હશે ?... વગેરે અંગે અટકલભરી વાતો કરવા માંડ્યા. ઘડીભરમાં સુરભિના સ્થાને પહોંચી જવાના હતા ને બધું નજરે નિહાળવા મળવાનું હતું. છતાં ધીરજ રાખી શક્યા નહીં. તેથી એક વાચાળ શિષ્યે ગુરુને પૂછ્યું – ગુરુદેવ ! આપે જે લાડવાઓ ખાધા, તે કેવડા મોટા હતા ?

મૂર્ખશેખર શિષ્યોની વાતો સાંભળી તાનમાં આવી ગયા હતા. શિષ્યો સુરભિનું નિવાસસ્થાન જોઇ કેવા પ્રભાવિત થશે એ વિચારથી રોમાંચિત હતા. એમાં પેલા શિષ્યે લાડવાની સાઇઝ પૂછી ! મૂર્ખશેખર અત્યારના શી પરિસ્થિતિ છે ? એ વાત ભૂલી ગયા. ઊંચે આકાશમાં ઉડતા તેઓ માટે સુરભિની પૂંછડીનો એકમાત્ર આધાર હતો. જેમ ધર્મના આધારે દેવલોકમાં જઇ શકતો જીવ, એ

આધારને છોડી દે, તો શું થાય ? બસ એવું જ થયું.

શિષ્યને પોતાની મોટાઇ બતાવવાના તોરમાં એ મૂર્ખશેખરે પોતાનું આ નામ સાર્થક કરવા હાથ પહોળા કરી લાડવાની સાઇઝ બતાવતા કહ્યું – જો આવડા ! ને એમાં પૂંછડુ છૂટી ગયું. પૂંછડાના આધારે એ હતા, ને એના આધારે બાકીના બધા હતા... એમાં એના હાથમાંથી જ પૂંછડાનો આધાર છૂટી ગયો !

**ધર્મના આધારે પુણ્ય છે, ને પુણ્યના આધારે ધન, સાધન વગેરે છે. ધર્મનો આધાર છૂટી જાય એટલે પુણ્ય પરવારી જાય તો એના આધારે ટકેલા બીજા ધન-સાધનવગેરે ટકે ખરા ?** અહીં સુરભિનું પૂંછડું છૂટી જતાં એ મૂરખશેખર ને એને પકડીને રહેલા શિષ્યો બધા ધડામ કરીને ભૂમિપર પછડાયા... કોઇનું એક પણ હાડકું સાજુ રહ્યું નહીં. બિચારા બધા યમશરણ થયા ને લોકોને મૂર્ખામી માટે આપવા યોગ્ય છેલ્લાં યાદગાર દષ્ટાંત યોગ્ય કાર્ય કરી એ મૂર્ખશેખર અમર થઇ ગયો.

આ તો લૌકિક-કાલ્પનિક દષ્ટાંત આપ્યું. પણ એનો સાર એ છે કે જેઓ બીજાની વાતો વગેરેમાં આવી ધર્મરૂપી સુરભિ ગાયને છોડી દઇ આત્મપ્રશંસા વગેરે મૂર્ખામીભર્યા કાર્યો કરે છે, તેઓ ધર્મી પુરુષોમાટે હાસ્યાસ્પદ ઠરે છે ને સ્વયં દુર્ગતિમાં ગમનરૂપે મહા અનર્થપામે છે. તેથી હે ભવ્ય જીવો ! તમે આવા મૂરખ ઠરશો નહીં, ને જીવતા મોત પામતા નહીં.

આમ ચુમ્માલીશમાં પ્રશ્નપર છેંતાલીશમો ઉત્તર પૂર્ણ થયો.

*પૈસા કયા સારા ? - જે સુકૃતમાં જાય...*
*આંખ કઇ સારી ? - જે પ્રભુદર્શનમાં અનિમેષ થાય...*
*શરીર કયું સારું ? - જે તપ-સેવા-વૈયાવચ્ચમાં થાકે નહીં...*
*મન કયું સારું ? - જે કશી અપેક્ષા રાખે નહીં...*

# અવસરોચિત દાન અમૂલ્ય
## પુણ્યસાર કથા (૪૭)

ગુરુ પાસેથી મૂર્ખતા મરણતુલ્ય જાણી જિજ્ઞાસુ શિષ્યે પીસ્તાલીશમો પ્રશ્ન પૂછ્યો - **શું અમૂલ્ય છે ?** જેનું મૂલ્ય આંકી શકાય નહીં એ અમૂલ્ય. એટલે જે મળવા માત્રથી જીવને પૂર્વે કદી નહીં અનુભવી હોય એવી આંતરિક ને બાહ્ય શાંતિ-સમૃદ્ધિનો અનુભવ થાય, તે અમૂલ્ય.

શિષ્યનો પ્રશ્ન સાંભળી ગુરુ પણ એને અનુરૂપ સુડતાલીશમો ઉત્તર આપે છે - **અવસરે અપાયેલું દાન.** એટલે કે **અવસરોચિત દાન અમૂલ્ય છે.** એથી થતાં સુખ-લાભ-હિત અમાપ-અપરંપાર છે. આમ તો માનવભવ પણ અમૂલ્ય છે, પણ એની મૂલ્યતા એ ભવમાં તમે સુકૃત કરો એના આધારે છે. જેઓ માનવભવ પામીને પણ દાનઆદિ સુકૃત કરવાના બદલે વિવિધ પ્રકારના પાપ અને પ્રમાદ કરે છે, તેઓ અમૂલ્ય માનવભવને વેડફી નાખે છે. આ માનવભવથી એમનું કશું સુખ-હિત થતું નથી.

માનવભવમાં ઉછળતા ભાવસાથે-સમયને અનુરૂપ શક્તિ મુજબનું જે કાંઇ સુકૃત થાય છે, તે અમૂલ્ય થઇ જાય છે, જો એમાં ભેગી સતત અનુમોદના ભળે. **અહંકાર સુકૃતને મૂલ્યહીન કરે છે ને અનુમોદના અમૂલ્ય.** એમાં પણ ભોજનના અવસરે ઉત્તમ પાત્રને પૂરા અહોભાવ અને આનંદ સાથે કરેલું દાન અમૂલ્ય ફળવાળું થાય છે.

કહ્યું જ છે કે - જેમ અન્ય નક્ષત્રોમાં પણ વરસેલા વાદળા ધાન્ય પેદા કરે છે, એમ કરુણાભાવથી જે દાન અપાય છે, તે સામાન્યથી પણ ધન-ધાન્યાદિ ફળ દાયક બને છે. પણ જેમ સ્વાતિ નક્ષત્રમાં વરસેલું ટીપું પણ કાળુ માછલીના મોંમાં જવા માત્રથી મોતી થઇ જાય છે. એમ અવસરે મહામુનિ રૂપી સુપાત્રમાં અહોભાવથી કરેલું દાન મોતી સમાન બની જાય છે. એમ જિનેશ્વરો કહે છે.

જો કે ઉપાશ્રયથી દૂર ને જ્યાં યાચકોને પ્રવેશ નિષેધ છે એવી સોસાયટીઓમાં, ઉપર-ઉપરના માળે રહેતા ને ફ્લેટને બંધ રાખતા ઘણા જૈનોને સુપાત્રદાનના મહિમા કરતાં સ્ટેટસને જાળવવામાં વધુ મહત્તા લાગે છે. છતાં અનુગ્રહબુદ્ધિથી સાધુ ભગવંત પધારે, તો પણ પોતાના અન્ય કાર્યોને કે ટી.વી.ના મનોરંજનને વધુ મહત્ત્વ આપતા તેઓ પેલા અભિનવ શેઠે જરા પણ ઉલ્લાસ વિના જે રીતે પ્રભુ વીરને ગોચરી વહોરાવેલી એમ જરા પણ ભાવ-ઉલ્લાસ વિના વહોરાવી દે છે... અથવા એ કામ તો શ્રાવિકાનું છે એમ માની પોતે જે કરી રહ્યા છે, એમાંથી જરા ચસતા પણ નથી....

તેઓ ખરેખર દયાપાત્ર છે, કેમકે જેમ શેરબજાર રૂપિયાને પાણીના ભાવના કરી નાખે છે, એમ તેઓ પોતાના અમૂલ્ય સુકૃત અવસરને સાવ તુચ્છ કરી નાખે છે, કેમકે એમના મનમાં સુપાત્રદાનનો જરા પણ મહિમા વસ્યો જ નથી. **દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેની શ્રદ્ધા મોળી પડ્યા વિના તેઓ ઉપાશ્રયથી દૂર જવાની ઇચ્છા રાખે જ શી રીતે ?**

બાકી જેઓ અવસરોચિત દાન કરે છે, તે **પુણ્યસાર** જેવા અમૂલ્ય લાભ મેળવે છે. આ પુણ્યસારનો પ્રસંગ આ રીતે છે -

આ **જંબૂદ્વીપ**ના આ **ભારત**માં **સાકેતપુર** નામનું નગર હતું. પાસેથી વહેતી **સરયુ** નદી બધાની તરસ શાંત કરતી હતી. ચારે બાજુ હરિયાળી પાથરતી હતી. આ નગરમાં **ભાનુપ્રભ** નામનો રાજા રાજ્ય કરતો હતો. શત્રુઓ માટે એના કિરણો ઉનાળાના સૂર્યકિરણો જેવા હતા. એના પ્રતાપ તેજ આગળ બધા દુશ્મન રાજાઓ રૂપી ગ્રહો-તારાઓ ઢંકાઇ ગયા હતા. સજ્જનો-સામાન્ય જનતામાટે એમનું તેજ ઠંડી ઋતુના સૂર્યકિરણો જેવું હુંફાળું હતું.

આ નગરમાં જ **ધનમિત્ર** અને **ધનમિત્રા** નામના પતિ-પત્ની ઉત્તમ શ્રાવક ધર્મ પાળી રહ્યા હતા. સ્વભાવના શાંત હતા, વાણીમાં સૌમ્ય હતા, વ્યવહારમાં સરળ હતા. તેથી જ એમના દર્શન પણ ઘણાના નયન રૂપી ચકોરમાટે ચંદ્રમા જેવા નીવડતા હતા.

શ્રાવકધર્મનું પાલન કરતા બંનેનો સમય વીતી રહ્યો હતો. એકવાર રાતે

ધનમિત્રાએ સોનાનો ઘડો પોતાના મુખમાં પ્રવેશતો હોય એવું સ્વપ્ન જોયું. આ સ્વપ્નથી રોમાંચિત થયેલી ધનમિત્રાએ પતિને સ્વપ્નની વાત કરી. પતિએ પણ આનંદિત થઇ કહ્યું – તમે એક ઉત્તમ અને પુણ્યશાળી પુત્રને જન્મ આપશો.

માતા-પિતારૂપ ક્ષેત્ર પવિત્ર હોય, તો ત્યાં જનમતા પુત્રરૂપ ફળ પણ ઉત્તમ ઉગે. આ એક સામાન્યથી નિયમ છે. જો કે એકાંત નથી. ઘણીવાર એવી પવિત્રતા વિનાના મા-બાપને ત્યાં ઉત્તમ બાળક જન્મે છે ને ઉત્તમ માતા-પિતાને કનિષ્ઠ પુત્ર મળે છે. પણ સામાન્ય સંજોગોમાં **પવિત્ર કુળમાં પવિત્ર પુરુષ પાકે છે.**

ઉચિત સમયપર જન્મેલા પુત્રના દર્શનથી સમગ્ર પરિવારે આનંદ અનુભવ્યો. એનું નામ સ્વપ્નને અનુરૂપ **'પુણ્યસાર'** રાખવામાં આવ્યું. દિન-રાત રૂપ-વય-શરીરથી વધતા જતા એના ગુણ અને પુણ્ય પણ વિશેષ-વિશેષથી પ્રગટ થવા માંડ્યા.

આઠ વર્ષના થયેલા એને કળાજ્ઞાન માટે કળાચાર્યને સોંપવામાં આવ્યો. પણ કળાચાર્યને તો મહેનત વિના જ પુરસ્કારો મળ્યા કારણ કે પુણ્યસાર પૂર્વ પુણ્યના પ્રભાવથી અને તેવા વિશિષ્ટ ક્ષયોપશમથી સહજ જ સર્વકળાનો જ્ઞાતા થયો. યોગ્ય ઉંમર થતા માતા-પિતાએ એના સ્વભાવ-ગુણ-રૂપને અનુરૂપ **ધન્યા** નામની શ્રેષ્ઠી કન્યા પરણાવી.

પુણ્યના પ્રાબલ્યના કારણે જ પુણ્યસારને સંસાર કાર્યોમાટે વિશેષ પ્રયત્ન વિના જ બધું સીધુ ઉતરતું હતું. સ્વજનો-પરિજનો પણ એના ચાહક હતા, એના સુખે રાજી હતા. એને કોઇ વાતની ચિંતા-ઉપાધિ હતા નહીં.

એકવાર એ સૂતો હતો ત્યારે અચાનક લક્ષ્મીદિવીએ એની આગળ પ્રગટ થઇ કહ્યું – હે શ્રેષ્ઠ ભાગ્યશાળી ! હવે રાત પૂરી થવા આવી છે. હું તમારા ભાગ્યથી સામે ચાલીને વરવા આવી છું. તો મારો ઉચિત સત્કાર કરવો એ તારું કર્તવ્ય છે.

આ સાંભળીને અચાનક જાગેલા પુણ્યસારે જોયું તો શ્રીદિવી અદશ્ય થયા હતા. પણ પલંગની ચારે બાજુ-ચારે ખૂણામાં એક-એક સોનાનો ઘડો ચમકી રહ્યો હતો. અંદર છલોછલ સોનામહોરો હતી.

પરિગ્રહના પાપ ભારે છે. લોભને થોભ નથી. બધા અનર્થોનું મૂળ અર્થ=ધન છે. **ધનની અસરવાળો નાસ્તિક થઇ જાય છે. પરલોક, પુણ્ય, પાપને માનતો નથી.** ધનની તાકાતથી આ ભવના તમામ ભોગો ભોગવવા ઉત્સુક થયેલો તે શરાબ-સુંદરીના સંગને ધનનું ફળ, માનવભવની સફળતા, પ્રગતિની પારાશીશી અને આધુનિકતાના આવિષ્કારરૂપ સમજવા માંડે છે.

ભગવાને મોટી હિંસારૂપ અને રૌદ્રધ્યાનના કારણભૂત ગણેલા કારખાના-ફેક્ટરી-ઉદ્યોગોમાં એને વિકાસ દેખાવા માંડે છે. બીજાઓની મહેનત-મગજમારી અને મજૂરી પર પોતે મલાઇ જમી જવા છતાં દેખાવ એવો કરાવે છે કે પોતે ઘણાને આજીવિકા આપે છે. બીજી બાજુ એ જ નોકરો વગેરે પ્રત્યે એને કઠોર બનાવવાનું કામ પણ ધનલોભ જ કરાવે છે. તેથી ધન મોટું અધિકરણ છે. એમાં પણ મહેનત વિના મળેલું તો ઘણી રીતે અનર્થભૂત થતું હોવાથી મોટું અધિકરણ છે. આ વાતને સમજેલો પુણ્યસાર આ ચાર સુવર્ણકુંભ જોવા છતાં વિશેષ આનંદ પામ્યો નહીં. પણ ગંભીરતાથી વિચારે છે -

આ સોનાના ઘડા છૂપાવ્યે કંઇ છૂપાવાના નથી. વળી, જગતમાં ઈર્ષ્યાળુ વર્ગ હંમેશા હોય છે; જે બીજાના લાભ-સુખને પચાવી શકતા નથી. પોતાને જે નથી મળ્યું, તે બીજાપાસેથી પણ છિનવાઇ જાય એવી પેરવીમાં જ એવા લોકો રહે છે. સંભવ છે કે મને મળેલા ઘડાની વાત કોઇ જાણી જાય ને તેથી ઈર્ષ્યાગ્રસ્ત થઇ મને પરેશાન કરવા રાજાની કાનભંભેરણી કરે. જો એમ થશે, તો મને લેવામાંથી દેવા થઇ જશે. અત્યારસુધીની જે શાંતિ હતી, તે પણ જતી રહેશે. વળી મારે ક્યાં ઘરમાં ખાવાનું ખૂટે એમ છે ?

આમ પણ રાજા સમગ્ર નગરના માલિક છે. તેથી મારે ત્યાં નીકળેલા ચરુના-કુંભના માલિક પણ એ જ ગણાય. કોઇ ચાડિયો રાજાને ઉશ્કેરે ને રાજા બળજબરીથી આ ચાર ઘડા લઇ લે, એના કરતાં બહેતર છે કે હું જ રાજાને ચારે ઘડા સોંપી દઉં ! જેથી પછી મને કોઇ કલંક આવશે નહીં.

આમ સુવર્ણકુંભ પ્રત્યે પણ નિર્લોભી અને કલંકભીરુ પુણ્યસારે વિવેકના પ્રભાવે ઔચિત્યસભર વિચારણા કરી. જો કે આ કુંભો એને એના પુણ્યથી સામે ચાલીને મળ્યા હતા. પણ દુર્જનો રાજાની કાનભંભેરણી કરતી વખતે આવી

વાત થોડી કરવાના છે ? તેથી ચંચળ અને ચપળ લક્ષ્મી ખાતર શાંતિ જતી અટકાવવા એ તો ચારે કુંભ લઇ રાજાપાસે ગયો. સોનાના આ ઘડાઓ પોતાને કેવી રીતે મળ્યા એ સ્વરૂપ બતાવી એણે ચારે ઘડા રાજાને સોંપ્યા.

રાજા પણ ઘડા જોઇ લોભાઇ ગયા. નહીંતર વિચારી શકતા હતા કે લક્ષ્મી દેવીએ આને સામે ચાલીને આપ્યા છે, તો આ ઘડા એના પુણ્યના છે. મારે શા માટે લેવા ? ને મારા ભંડારમાં ક્યાં ઓછું છે ? પણ સુકૃત રૂપી લક્ષ્મી સામેથી આવતી હોય તો બહાનાઓ કાઢવા રૂપે મોં ધોવા જનારો ધન રૂપી લક્ષ્મી આવતી હોય, તો એને જતી કરવા તૈયાર થતો નથી. એ વખતે પોતાના પુણ્ય-પોતાની લાયકાત વગેરે તો નથી વિચારતો, પણ એથી કોઇને અન્યાય થાય છે કે નહીં તે પણ જોવા નથી બેસતો ને એ પણ નથી વિચારવા તૈયાર થતો કે આ અણહકની લક્ષ્મી મને પચશે ખરી ? અનેક પ્રકારના દૂષણો વગેરેથી છેવટે મારું ને મારા કુળ-પરિવારનું સત્યાનાશ તો નહીં કરે ને ?

**જેથી ભવિષ્યમાં લક્ષ્મી સ્થિર થાય છે, એવા સુકૃતોમાં બહાના કાઢી છટકી જનારો મૂરખ છે. અણહકનું લેનારો મહામૂર્ખ છે ને બીજાના હકનું છીનવી લેનારો મૂર્ખશિરોમણિ છે.**

રાજાએ તો ઘડા લઇ પોતાના ભંડારમાં જમા કરાવી દીધા. બીજે દિવસે સવારે પુણ્યસારે જોયું તો પલંગના ચારે ખૂણે સોનાના ચાર ઘડા હતા. તેથી એ ફરીથી એ ચારે લઇ રાજાને આપી આવ્યો. રાજાને ત્યારે પણ એમ થયું નહીં કે ભલે, હવે આ ચાર તું રાખ ! રાજાએ તો એ ચાર પણ ભંડારમાં મૂકાવી દીધા.

ત્રીજે દિવસે ફરીથી પુણ્યસાર ચાર ઘડા આપવા આવ્યો. રાજાએ ભંડારીને કહ્યું - આગળના જે ઘડાઓ આવ્યા હતા, એ ઘડાઓ સાથે જ આ ચાર પણ રાખો. ભંડારીએ ભંડારમાં પૂરી તપાસ કરી આવીને કહ્યું - પહેલાના એક પણ ઘડા ભંડારમાં દેખાતા નથી. મને લાગે છે કે હું જે ભંડારમાં મૂકું છું, એ જ ફરી આને ઘરે પહોંચી જાય છે... ને એ પાછા આપી જાય છે. આમ ઘડાઓનું આવન-જાવન થઇ રહ્યું છે.

ત્યારે રાજાની સાન ઠેકાણે આવી. એ સમજી ગયા. આ ઘડાઓ

પુણ્યસારના પુણ્યના છે. પુણ્યસાર સાથે બંધાયેલા છે. તેથી મારા ભંડારમાં રાખવા છતાં રહેતા નથી ને એને ત્યાં પહોંચી જાય છે. તો હવે મારે પુણ્યસારને એના પુણ્યના ઉપભોગમાં અંતરાય કરવા જેવો નથી.

તેથી રાજાએ પુણ્યસારને કહ્યું - આ તારા પુણ્યનું છે. તેથી તું જ રાખ. હવે ફરીથી આપવા આવવાનું પ્રયોજન નથી. પછી સ્તુતિ કરતા કહ્યું - આ પૃથ્વીપર ખરેખર તું જ પુણ્યથી સારભૂત થયો છે કે જે તને શ્રીદેવી પણ વશ થયેલી છે. જો આમ ન હોત, તો મેં ભંડારમાં મૂકાવેલા ઘડાઓ કેવી રીતે ઉડીને પાછા તારી પાસે આવી જાય ? તેથી હવે તું જ આ ઘડાથી પ્રાપ્ત ધનથી યથેચ્છ ભોગ ભોગવ કે દાન કર... મારા તરફથી કોઇ ભય રાખીશ નહીં.

આમ પુણ્યસારના વિવેક અને ધૈર્યથી એનું કામ થઇ ગયું. હવે કોઇ રાજાને ચાડી ફૂંકે વગેરે પણ ભય રહ્યો નહીં. રાજા પણ એના પુણ્યથી પ્રભાવિત થયા. તેથી એને નગરશ્રેષ્ઠીની પદવી આપી, ને ઉત્સવપૂર્વક એને એના ઘરે મોકલ્યો.

આ વાતની બધાને ખબર પડી. તેથી બધાએ એના પુણ્યમાટે વખાણ કર્યા. એના ધૈર્યને શાબાશી આપી. એના વિવેકને ધન્યવાદ આપ્યા. ચારે બાજુ એની પ્રશંસાના પુષ્પો વેર્યા.

અખૂટ ભંડારસમા એ સુવર્ણકુંભોના આધારે પુણ્યસારે ચારે બાજુ મેઘની જેમ વરસવા માંડ્યું. પરમાત્મભક્તિથી માંડી જીવદયા સુધીના તમામ સુકૃતોની નદીઓ એના હાથ રૂપી હિમાલયથી પ્રગટ થઇ અખંડ પ્રવાહે વહેવા માંડી. એનું ધન એના ઉપભોગમાં કણ જતું હતું, સુકૃતમાં ટનના ભાવે જવા માંડ્યું.

એકવાર એ જ નગરના ઉદ્યાનમાં **સુનંદ** નામના કેવળી ભગવંત પધાર્યા. આ સમાચાર આપનારને વધામણીરૂપે ઇનામ આપી રાજા સપરિવાર ઠાઠમાઠથી વંદના માટે આવ્યા. પુણ્યસાર પણ પિતા વગેરે સાથે ત્યાં આવ્યો. કેવળીએ પણ અવસર જોઇ સુપાત્રદાનનો મહિમા વર્ણવતા બધાને પ્રેરણા કરી કે જે સુપાત્રદાન સુર-મનુષ્ય અને મોક્ષસુખ માટે ક્રીડાંગણ સમાન છે, તે સુપાત્રદાન તમે ભગવાનની આજ્ઞા મુજબ ઉલ્લાસપૂર્વક કરતા રહો.

કેવળી ભગવંતની પ્રેરણાદાયક દેશના પૂરી થયા બાદ ધનમિત્રે એમને પૂછ્યું - હે ભગવન્ ! મારા આ પુત્ર પુણ્યસારે પૂર્વભવમાં એવો કયો ધર્મ કર્યો

હતો કે જેથી લક્ષ્મીદેવી સામે ચાલીને વરી. રાજાને પણ માન્ય થયો ને લોકોમાં પણ પ્રશંસા પામ્યો ? આ વાત આપ અમને બતાવવાની કૃપા કરો.

ત્યારે કેવળીએ કહ્યું - તમારો આ પુત્ર પુણ્યસાર પૂર્વના ભવે આ જ નગરમાં **ધનદ** નામના શેઠ હતા. સ્વભાવથી જ સરળ ને ભદ્રપરિણામી હતા. એકવાર માસક્ષમણ તપના તપસ્વી એક મુનિરાજ પારણાના દિવસે એને ત્યાં ગોચરી માટે પધાર્યા. ત્યારે મુનિના દર્શનથી આ શેઠ રોમાંચિત થયા. ખૂબ આનંદિત થયા. પોતાનો આવાસ પવિત્ર થયો એમ માનવા માંડ્યા. બીજું બધું કામ છોડી અત્યંત ઉલ્લાસથી નિર્દોષ ગોચરી વહોરાવવા માંડ્યા. તે વખતે એમના મનોભાવ ખૂબ ઉલ્લાસના હતા... શુભ ભાવો પરાકાષ્ઠાના હતા. ગોચરી વહોરાવ્યા પછી પણ આનંદ-અનુમોદનાની ધાર ચાલી. આજે જ પોતાનું ધન, જીવન, અન્ન વગેરે સાર્થક થયા એમ માનવા માંડ્યા.

આ પુણ્યથી તેઓ ત્યાંથી મરણ પામ્યે ત્રીજા દેવલોકના દેવ થયા. એ આયુષ્ય પૂર્ણ થયે તમારે ત્યાં પુણ્યસાર રૂપે જનમ્યા. આમ સુપાત્રદાનના સુકૃતથી આવા સૌભાગ્યશાળી થયા છે.

આ સાંભળી પુણ્યસારને જાતિસ્મરણ જ્ઞાન થયું. પછી એણે કેવળીને વિનંતી કરી - દાનના એક સુકૃતથી જો આટલું વિશિષ્ટ ફળ મળ્યું, તો શ્રાવક ધર્મ પાળું તો મારું તો કલ્યાણ થઇ જાય. તેથી આપ મને શ્રાવક ધર્મ આપો.

તેથી કેવળજ્ઞાની ગુરુ ભગવંતે પુણ્યસારને એના પરિવાર સાથે શ્રાવક ધર્મ આપ્યો. રાજા વગેરે નગરજનોએ પણ શ્રાવક ધર્મ સ્વીકાર કર્યો. પછી કેવળી ભગવંતને નમસ્કાર કરી સહુ પોત પોતાના સ્થાને ગયા.

પુણ્યસારે પણ શ્રાવક ધર્મ પાળવાપૂર્વક દાન આદિ સુકૃતો ખૂબ ઉલ્લાસથી કર્યા. પછી પુત્રને બધુ સોંપી સુનંદ કેવળી પાસે જ દીક્ષા લીધી. અનશન કરી દેવ થયા. પછી મનુષ્ય થઇ કેવળી થઇ મોક્ષે ગયા.

પુણ્યસારનું આવું સુંદર ચરિત્ર સાંભળી હે ભવ્ય જીવો ! તમે અવસરોચિત સુપાત્રદાન ભાવોલ્લાસપૂર્વક કરી દાનના અમૂલ્ય ફળને પ્રાપ્ત કરો.

આ પીસ્તાલીશમાં પ્રશ્ન પર સુડતાલીશમો ઉત્તર પૂર્ણ થયો.

# ગુપ્ત અકાર્ય શલ્યરૂપ

## શત્રુંજય રાજાની કથા (૪૮)

ગુરુ ભગવંત પાસે 'અવસરોચિત દાન અમૂલ્ય છે' એ અંગે પુણ્યસારની કથા સાંભળી શિષ્યે જિજ્ઞાસાવશ છેંતાલીશમો પ્રશ્ન પૂછ્યો – **જિંદગીભર ખટકે એવું શલ્ય શું છે ?**

શિષ્યના પ્રશ્નને અનુરૂપ અડતાલીશમો ઉત્તર આપતા ગુરુએ કહ્યું – **ગુપ્ત રીતે કરેલું અકાર્ય.** બીજાઓની દષ્ટિમાં નહીં આવેલું ઉતાવળે-અધીરતાથી થઇ ગયેલું ખોટું કામ જીવને જિંદગીભર પીડ્યા કરે છે. કહ્યું જ છે કે અજાણતા પણ કરેલું અપકૃત્ય જીવોને હૃદયમાં 'ખટ્ ખટ્' એ રીતે શલ્યની જેમ પીડ્યા કરે છે.

પગમાં લાગેલો કાંટો ક્ષણવાર પીડા આપે. કોઇએ કરેલા વચનનો ઘા બદલો લેવામાં ન આવે અથવા ક્ષમાપના થાય નહીં ત્યાં સુધી પીડ્યા કરે છે. જાહેરમાં-સમજણપૂર્વક અકાર્ય કરનારો તો પૂર્વે કહ્યું તેમ છતી આંખે આંધળો છે.

પણ જયારે બીજાઓ જાણતા નથી એવા અવસરે વગર વિચાર્યે કે આવેશમાં એવું ખોટું પગલું ભરાઇ જાય કે જે બીજા નિર્દોષ માટે મોટા નુકસાનનું કારણ બને, અથવા એ નિર્દોષની ઇજ્જત જતી રહે કે એ નિર્દોષનો જાન જતો રહે... પછી પોતાની ભૂલ-પોતાની ઉતાવળ નજરમાં આવે ને પોતે અકાર્ય કરી નાખ્યું એમ ખ્યાલ આવે ત્યારે એ ભૂલ – એ અકાર્ય હૃદયમાં શલ્યની જેમ પેસી જઇ જિંદગીભર ખટક્યા કરે છે. વારંવાર નજરસામે એ ઘટના તરવર્યા કરે છે. એ વ્યક્તિ મગજમાંથી દૂર થતી નથી. તેથી જ આવી ભૂલને મરણ સુધી ટકનારા શલ્યરૂપ ગણાવી છે.

અહીં શત્રુંજય રાજાની કથા છે.

આ જ **જંબૂદ્વીપના** આ ભારતમાં **મહાપુર** નામનું નગર હતું. ત્યાંની વસતી ને ત્યાંની સમૃદ્ધિ આ નામને સાર્થક કરતી હતી. આ નગરનો રાજા **શત્રુંજય** હતો. આ રાજાના નામ રૂપી ગારુડી મંત્રથી જ શત્રુ રાજાઓ રૂપી સાપો જાણે કે સ્તંભિત થઇ જતા હતા.. દુઃખથી વ્યથિત થઇ જતા હતા. દેવાંગનાઓ સમી રાણીઓ સાથે પૂર્વના પુણ્યને ખપાવવા વિવિધ ભોગો ભોગવતા એ રાજાના ઘણા વર્ષો મીનીટોની જેમ પસાર થઇ ગયા.

રાજાએ એકવાર મોટી સભા ભરી હતી. જેમાં નગરજનો ને પરદેશીજનો પણ પ્રવેશી શકે એવી આ **સર્વાવસર** સભા હતી. ત્યાં પ્રતિહારીએ પ્રવેશ કરી રાજાને નમન કરી કહ્યું – હે સ્વામિન્ ! બહાર શ્રેષ્ઠ ઘોડાને લઇને એક પુરુષ ઊભો છે. આપને મળવા માંગે છે. તો આપની શી આજ્ઞા છે ?

રાજાએ કહ્યું – આ સભામાં બધા આવી શકે છે. માટે એ પણ ભલે આવે. આ સાંભળી પ્રતિહારીએ બહાર જઇ એ માણસને અંદર પ્રવેશાવા જણાવ્યું. એ પુરુષ પણ ઘોડાને લઇ સભામાં આવ્યો. રાજાને નમન કરી કહ્યું – રાજન્ ! **શાલિહોત્ર** શાસ્ત્રમાં ઘોડાના જે ત્રણ ગુણ કહ્યા છે. તે ત્રણ ગુણવાળો આ ઘોડો મારે તમને ભેટ તરીકે આપવો છે. રાજાએ પણ ઘોડાને ધ્યાનથી જોયો. એ શાસ્ત્રમાં કહ્યું છે – દુર્બળ કાનવાળો, વક્ર મુખવાળો ને ચાંપવામાં આવે તો તરત રોષથી રુંવાટા ખડા કરનારો ઘોડો શ્રેષ્ઠ છે. જોકે મનુષ્ય માટે આ ત્રણે દૂષણરૂપ છે.

ઘોડા માટે દુર્બળ કાન એટલે પતળા કાન... તરત ઊભા થઇ જતા કાન. પુરુષ માટે દુર્બળ કાન એટલે કાચા કાનનો. એક જણની એક તરફી વાત સાંભળી તરત જ એ પ્રમાણે માની લેવાવાળો. વક્રમુખ એટલે વાંકુ બોલવાવાળો. અને વાત વાતમાં રોષ કરવાવાળો. આ ત્રણે મનુષ્યમાટે બરાબર નથી.

રાજા તો આ ઘોડાને જોઇ આનંદિત થઇ ગયો. પેલા ભેટકર્તાને ઇનામ આપ્યું. **સામે મનગમતી વસ્તુ હાજર હોય છતાં એનો રોમાંચ-આનંદ માણવાની ઉત્કણ્ઠા ન થવી એ વૈરાગી સાધુનું લક્ષણ છે.** સંસારી જીવો તો બાળક જેવા છે. જેમ બાળકને રમકડું મળે કે તરત સ્થાન-સંયોગાદિ ભૂલી

એની સાથે રમવા લાગી જાય છે. એમ ઉંમરથી મોટા થયેલાઓ પણ એવી કોઇ આકર્ષક વસ્તુ મળવા પર તરત એનો રસાસ્વાદ લેવા ઉત્કણ્ઠ થઇ જાય છે.

રાજા પણ આ ઘોડાપર સવારી કરવા ઉત્કણ્ઠ થયા. તેથી તરત જ રત્નો વગેરેથી સુશોભિત પલાણ લગાવી પોતે ઘોડાપર બેસી ગયા. તે વખતે બીજા સામંત વગેરે પરિવાર પણ પોતપોતાના ઘોડાપર બેસી ગયા. સભા પૂરી થઇ ગઇ. રાજા તો ઘોડાને લઇ મેદાનમાં ગયા. ઘોડાની ચાલ પારખવા વિવિધ રસમો અજમાવી. પછી ઘોડો કેટલા વેગથી દોડી શકે છે તે જોવા લગામ હાથમાં લઇ ઘોડાને એડી લગાવી.

ઘોડો જાતિવંત હતો. જાણે કે મનના વેગથી દોડવા માંડ્યો. **સંસારના કોઇ પણ પ્રકારના વિચારમાં પરોવાયેલું મન જીવને છેવટે કષાય-વાસના-રાગ-દ્વેષના ભયાનક જંગલમાં લઇ જાય છે.** એમ આ ઘોડો પણ પૂરા વેગથી જંગલ તરફ દોડવા માંડ્યો. સામંત વગેરેના સામાન્ય ઘોડાઓ પાછળ રહી ગયા ને રાજાને લઇ ઘોડો જંગલ તરફ અદશ્ય થઇ ગયો.

આથી નિરાશ થયેલા સામંતોની નિરાશામાં વધારો કરતા પેલા અશ્વપાળે કહ્યું - અરર ! આ તો ભારી થઇ. મારે તો હજી રાજાને એ વાત કહેવાની પણ બાકી રહી ગઇ કે આ ઘોડાને તો વક્રશિક્ષણ આપવામાં આવ્યું છે. મનપર જે બાબત નહીં વિચારવા અંગે લગામ લગાવવામાં આવે, મન એ બાબત તરફ વધુ વેગથી દોડે છે. એમ આ ઘોડો પણ ઊભો રાખવા લગામ ખેંચવા પર વધુ ઝડપથી દોડે છે. તેથી આ ઘોડો હવે રાજાને જંગલમાં લઇ જશે. તમે બધી સામગ્રી તૈયાર કરી શીઘ્ર એ તરફ જાવ. હવે વિલંબ કરશો નહીં, કારણ કે રાજા દૂર-દૂર થતો જાય છે.

આ સાંભળી શીઘ્ર ભોજન-પાણીવગેરે સામગ્રી સાથે તેઓ ઘોડાપર બેસી રાજાના ઘોડાના પગલે પગલે પાછળ જવા માંડ્યા. આ બાજુ રાજા જેમ-જેમ લગામ ખેંચે એમ-એમ ઘોડો તીવ્ર વેગથી દોડે. લગામ ખેંચી ખેંચીને રાજાના હાથ થાકી ગયા. હથેલી લોહીની ટશરોથી લાલ થઇ ગઇ. છેવટે કંટાળેલા રાજાએ વિચાર્યું - આ વક્રશિક્ષિત લાગે છે. એમ વિચારી લગામ છોડી દીધી. તરત જ

ઘોડો અટકી ગયો. રાજા નીચે ઉતર્યો. ઘોડો થાકી ગયો છે એમ જાણી પલાણ પણ ઉતાર્યું.

થાકી ગયેલો ઘોડો પણ અત્યંત કોમળ હોવાથી એને લોહીની ઉલ્ટી થઇ. એ ભૂમિપર પછડાયો. રાજા પ્રત્યે આ કૃતઘ્ન છે એમ માનીને માનો કે પ્રાણોએ એનો ત્યાગ કર્યો. બિચારો વક્રશિક્ષાને કારણે રાજાના અગવડમાં ને પોતાના મોતમાં કારણ બની ગયો.

વક્ર જીવ મા-બાપ વગેરે માટે ત્રાસ રૂપ બને છે ને પોતાના જીવનની બરબાદીમાટે બને છે.

ઘોડાને તો વક્ર શિક્ષણ મળ્યું હતું. મન તો અનાદિકાળથી વક્રતા શીખેલું છે. કોઇની સાચી-સરળ વાતમાં શંકા-કપટ જોવા એ પણ વક્રતા છે. કોઇની સાચી શિખામણ પણ ઉલ્ટી પકડવી એ પણ વક્રતા છે. કોઇના ઉપકારને પણ અપકારરૂપે જોવો આ બધી વક્રતા છે.

ઘોડાનું મોત જોઇ ઉદ્વિગ્ન થયેલો શત્રુંજય રાજા પગે ચાલીને આજુ-બાજુ ફરવા માંડ્યા. સખત તરસ લાગી હોવાથી પાણી માટે આમ-તેમ ભટકવા માંડ્યા. ક્યાંય પાણીનો જોગ થયો નહીં.

છેવટે થાકીને એક વડની નીચે બેઠા. ત્યાં અચાનક એમની નજર પડી-ઉપરથી પાણીના ટીપા ટપકી રહ્યા છે. જેમ સખત ગરીબીમાં તો આઠ આના-રૂપિયાના સિક્કા પણ મહત્ત્વના થઇ જાય છે, એમ સખત તરસમાં તો આ ટીપા પણ ગરજ સારે એમ હતા. રાજાએ વિચાર્યું - આ ટીપા વૃક્ષ પરથી કેમ પડે છે ? કદાચ વરસાદ વખતે એમાં ભરાયેલું પાણી હવે બહાર આવી રહ્યું હશે. જો આટલા ટીપા પણ પીવા મળી જાય તો હાશ થશે !

રાજાને આજે લાગ્યું કે જીવન ટકાવવા મોટા રાજ્યની કે ઘણા ધનની જરુરત નથી, પૂરતા આહાર-પાણી સમય પર મળી જાય તો પણ જીવન ટકી જાય ! એટલે કે બાકીનું બધું ભેગું કરવાનો કે સાચવવાનો પ્રયત્ન વ્યર્થમાટેનો છે.

રાજાએ એક મોટા પાંદડાનો પ્યાલો બનાવ્યો ને એ ટીપા એમાં ભેગા

કરવા માંડ્યા. એ પ્યાલો ભરાઇ જવા પર પોતાને ધન્ય-કૃતકૃત્ય માનતો રાજા હવે પીવા માટે હોઠે માંડવા જાય છે, ત્યાં જ...

ઝાડ પર બેઠેલા પોપટે આ જોયું હતું... એને શું સૂઝ્યું તે તરત ઝાડ પરથી ઉડી રાજાના હાથમાં રહેલા પાંદડાના પ્યાલા પર પોતાની પાંખથી પ્રહાર કર્યો.... એ પ્યાલો પડી ગયો... બધું ઢોળાઇ ગયું... હાથે આવેલો પાણીનો ગ્લાસ આ રીતે ઢોળાઇ જવાથી રાજા સમસમી ગયો. એના માટે તો જાણે કે આ જીવન હતું. જાણે કે અત્યારે એને ભાન થયું કે જે ટૂંકી રોજી પર માંડ માંડ જીવનગુજારો થતો હોય, તે રોજી ઝુંટવાઇ જવા પર ગરીબ-મજૂરો કેવા સમસમી જતા હશે... એમના હૈયામાંથી કેવી 'હાય' નીકળતી હશે.

વિલખા થયેલા રાજાએ ફરીથી પાંદડાનો પ્યાલો બનાવી એ ટીપા ભેગા કરવા માંડ્યા. માંડ માંડ ભેગા થયેલા એ ટીપાઓથી ભરાયેલો એ પ્યાલો જ્યાં એ ફરીથી મોઢે માંડવા જાય, ત્યાં તો પેલા પોપટે ફરીથી ત્યાં આવી ઝાપટ લગાવી પ્યાલો ઢોળી નાંખ્યો.

તરસથી વિહ્વળ રાજા હવે ક્રોધે ભરાયા. હવે નક્કી કર્યું - જો એ પોપટ ફરીથી પ્યાલો ઢોળી નાખશે, તો એને જીવતો નહીં મેલું ! તેથી જ હાથમાં ચાબૂક રાખી, ફરીથી પ્યાલો ભરવા માંડ્યો. પ્યાલો ભરાયો.

આ બાજુ ઝાડપર બેઠેલા પોપટે વિચાર્યું - અરર ! આ તિર્યંચગતિની કેવી લાચારી ! હું જે સાચું છે, તે રાજાને સમજાવી શકતો નથી કારણ કે મને મનુષ્યની ભાષામાં બોલતા આવડતું નથી. ને રાજાને એ ભાન નથી કે આ પાણી નથી, આ ઝેરના ટીપા છે. પીવામાત્રથી મોત થશે !

રાજા તરસથી વિહ્વળ છે, તેથી એ પણ વિચારવા તૈયાર નથી કે પોપટ શા માટે વારંવાર પ્યાલો ઢોળી નાખે છે. એ મારો દુશ્મન થોડો છે ? છતાં ઢોળી નાખે છે, તો લાવ એ માટેના કારણની તપાસ કરું... પણ રાજા આવી ધીરજ વિનાનો છે. એના હાથમાં ચાબૂક છે. હું જો આ પ્યાલો ઢોળી નાખીશ, તો એ જરુર મારાપર પ્રહાર કરશે.... મારું મોત થઇ શકે... તો હવે મારે રાજાને એની ભવિતવ્યતા પર છોડી દેવો કે બચાવવો ? એટલે હવે જો હું રાજાને બચાવવા

જઈશ, તો મારું મોત નિશ્ચિત છે. ને જો ઉપેક્ષા કરીશ, તો રાજાનું મોત નિશ્ચિત છે. તો શું કરું ?

પછી પરમાર્થરસિક પોપટે વિચાર્યું – રાજા જીવશે તો ઘણા લોકોપર ઉપકાર કરશે. મારું જીવન તો કોઈને ઉપયોગી નથી. તેથી રાજ્યહિતકર રાજાને ખાતર મારે મારા આ નકામા જીવનનું બલિદાન દેવું જ જોઈએ. મકાનનો થાંભલો તૂટવો જોઈએ નહીં. એમ રાજા મરવો જોઈએ નહીં.

આવો નિર્ણય કરી પોપટે રાજાએ જ્યાં ત્રીજી વારનો પ્યાલો મોઢે માંડવાની તૈયારી કરી, ત્યાં જ ઉડતા આવી ઝાપટ મારી એ પ્યાલો પણ ઢોળી નાંખ્યો. ત્યારે તરસથી વિહ્વળ થવાથી વિવેકબુદ્ધિ ગુમાવી બેઠેલા રાજાએ પોપટની આ ચેષ્ટાઓનું તાત્પર્ય સમજ્યા વિના જાણે કે એને પૂર્વભવનો વૈરી ગણી ચાબૂકનો આકરો પ્રહાર કર્યો. પોપટ ત્યાં જ તરફડીને મરી ગયો. હવે મને પાણી પીવામાં વિઘ્ન નહીં આવે એવી ધરપતથી રાજાએ ફરીથી પાંદડાનો પ્યાલો બનાવી ટીપા એકઠા કરવા ઝાડ નીચે ધર્યો.

પણ રાજાના આશ્ચર્ય વચ્ચે એ ટીપા ધીમે ધીમે દૂર દૂર પડી રહ્યા હતા... આથી રાજાને આશ્ચર્ય થયું. અત્યાર સુધી ઉપરથી ક્યાંથી ટીપા ટપકે છે, એ તપાસવાનો વિચાર પણ નહોતો આવ્યો. હવે આશ્ચર્ય થવાથી ઉપર ધ્યાનથી જોવા માંડ્યું... ત્યારે ખબર પડી કે ઝાડપર સાપ સૂતેલો હતો... એના મોંમાંથી ઝેરના ટીપા પડી રહ્યા હતા. હવે સાપ જાગી ગયો હતો ને ધીમે ધીમે દૂર સરકતો હતો... તેથી એના મોંમાંથી પડી રહેલા ટીપા પણ દૂર દૂર જઈ રહ્યા હતા.

હવે રાજાને ખ્યાલ આવ્યો કે પોતે કેવું ખોટું પગલું ભર્યું હતું ? આ પોપટ મને ઝેરના ટીપા પીતા અટકાવવા માટે જ પ્યાલો ગબડાવી દેતો હતો ! અરર ! એ બિચારા પાસે વાણી ક્યાં હતી કે હકીકત સમજાવી શકે ? છતાં પોતાના પ્રયત્નથી મને બચાવતો રહ્યો.

ને હું ! અક્કલ વિનાનો ! એ પણ વિચાર કર્યો નહીં કે પોપટ શા માટે પ્યાલો ઢોળી નાખે છે ? એ કંઈ મોઢેથી કારણ નહીં બતાવી શકે... તો મારે જ કારણની તપાસ કરવી જોઈતી હતી. અરર ! એક અબોલ પંખીએ તો પોતાની

ફરજ અદા કરવા પોતાનો જાન આપી દીધો... પણ સામે મેં શું કર્યું ?

પંખીમાત્રએ મારો જાન બચાવી મારાપર ન ચૂકવી શકાય એવો ઉપકાર કર્યો ને બદલામાં કૃતઘ્ન મેં એની જાન લઇ મોટામાં મોટો અપકાર કર્યો. મારો આ અપરાધ - મારું આ અકૃત્ય જિંદગીભર ભૂલી શકીશ નહીં. મને હંમેશા ડંખ્યા કરશે...

કાર્ય-કારણની લાંબી તપાસ કર્યા વિના પ્રત્યાઘાતરૂપે ઉતાવળું પગલું ભરી લઇ પછી નિરાંતે જીવનભર પસ્તાવો કરવાવાળા અવિવેકીઓની પંગતમાં પોતાનો પણ નંબર લાગી જવાથી દુઃખી થયેલા રાજાના સંતાપનો પાર નથી...

ત્યાં જ ભોજન સામગ્રી સાથે આવેલા સામંતો રાજાને જોઇ રાજી થયા. ભોજનાદિ સામગ્રી આપી. રાજાએ પણ તરસ છિપાવી તથા ભોજન કરી ભૂખ ઠારી. પણ હવે એ માટે એમને કોઇ ઉત્સાહ રહ્યો નહીં.

પાછા જતી વખતે રાજાએ મરેલા પોપટને સાથે લીધો. નગરમાં પહોંચ્યા પછી જાહેરાત કરી કે પોપટની પૂરા સન્માન સાથે અંતિમ વિધિ કરવામાં આવશે. ત્યારે મંત્રીવગેરેએ એનું રહસ્ય પૂછ્યું. રાજાએ બનેલી પૂરી વિગત વર્ણવી કહ્યું- આ તો મન મનાવવાની વાત છે, બાકી આ ડંખ જિંદગીભર પીડ્યા કરશે.

થોડા જ દિવસમાં ઉદ્યાનપાલકે સમાચાર આપ્યા કે ઉદ્યાનમાં શ્રી **અરવિંદ** નામના આચાર્ય પધાર્યા છે. રાજાએ સમાચાર આપનારા ઉદ્યાનપાલકને સારું ઇનામ આપ્યું. પછી સાજન-માજન-પરિવાર સાથે આચાર્ય ભગવંતને વંદન કરવા નીકળ્યા. આચાર્ય ભગવંત પાસે આવેલા રાજાએ આચાર્ય ભગવંત વગેરે મુનિવરોને વંદન કર્યા. આચાર્ય ભગવંતે પણ ધર્મલાભ આપ્યો.

પછી જીવદયાનું મહત્ત્વ સમજાવતી ધર્મદેશના આપી. એમાં કહ્યું કે, જીવ અનાદિકાળથી સંસારમાં ભટકે છે ને દુઃખી થાય છે, એમાં મુખ્ય કારણ છે; વારંવાર જીવહિંસા રૂપ કરેલા અકાર્ય. આ અકાર્યથી જ એ શલ્યસ્પર્શીની જેમ સતત દુઃખી થાય છે.

દેશના સાંભળ્યા પછી રાજાએ આચાર્ય ભગવંત પાસે પોતાના દિલના દર્દની વાત કરી કે એ પોપટને મારવાનું અકાર્ય મને સતત ડંખી રહ્યું છે. હું એવું શું

કરું કે જેથી મને આ ડંખથી મુક્તિ મળે ?

આચાર્ય ભગવંતે કહ્યું - એ પોપટની સ્મૃતિમાં તમે જીર્ણોદ્ધાર વગેરે શુભ કાર્યોની પરંપરા ચાલુ કરો કે જેથી તમારા હૈયાને ટાઢક વળશે. સાધુઓને પણ જીર્ણોદ્ધારનો ઉપદેશ આપવો કલ્પે છે. કહ્યું જ છે કે રાજા, મંત્રી, શેઠ વગેરે આગળ જીર્ણ થયેલા દેરાસરના ઉદ્ધારનો ઉપદેશ જિનકલ્પીએ પણ આપવો.

રાજાએ આચાર્ય ભગવંતની પ્રેરણા સ્વીકારી. જીર્ણોદ્ધાર વગેરે ઘણા ધર્મકાર્યો સતત કરતા રહી શલ્યરૂપે પીડતા ગુપ્ત અકાર્યની પીડાથી મુક્તિ મેળવી. પછી સમાધિથી કાળ કરી સ્વર્ગે ગયા.

આ શ્રી શત્રુંજય રાજાની કથા સાંભળી ભવ્ય જીવોએ સતત હિતકાર્યો કરતા રહેવા અને વિવેકને એવો જાગૃત રાખવો કે જેથી જાહેરમાં કે ખાનગીમાં એવું અકાર્ય થાય જ નહીં કે જેથી પછી પસ્તાવાનો વારો આવે.

આમ છેંતાલીશમાં પ્રશ્ન પર અડતાલીશમો ઉત્તર પૂર્ણ થયો.

*વક્ર જીવ મા-બાપ વગેરે માટે ત્રાસ રૂપ બને છે ને પોતાના જીવનની બરબાદીમાટે બને છે.*

*ઘોડાને તો વક્ર શિક્ષણ મળ્યું હતું. મન તો અનાદિકાળથી વક્રતા શીખેલું છે. કોઈની સાચી-સરળ વાતમાં શંકા-કપટ જોવા એ પણ વક્રતા છે. કોઈની સાચી શિખામણ પણ ઉલ્ટી પકડવી એ પણ વક્રતા છે. કોઈના ઉપકારને પણ અપકારરૂપે જોવો આ બધી વક્રતા છે.*

*રાજાને આજે લાગ્યું કે જીવન ટકાવવા મોટા રાજ્યની કે ઘણા ધનની જરુરત નથી, પૂરતા આહાર-પાણી સમય પર મળી જાય તો પણ જીવન ટકી જાય ! એટલે કે બાકીનું બધું ભેગું કરવાનો કે સાચવવાનો પ્રયત્ન વ્યર્થમાટેનો છે.*

# વિદ્યાભ્યાસમાં પ્રયત્ન કરવો.

## વિક્રમસેન નૃપ કથા (૪૯)

ગુરુપાસેથી ગુપ્ત અકાર્ય જિંદગીભર શલ્યની જેમ ડંખે એ વિષયપર શત્રુંજય રાજાના કથા સાંભળ્યા બાદ જિજ્ઞાસુ શિષ્યે સુડતાલીશમો પ્રશ્ન પૂછ્યો-

**શામાં ઉદ્યમ=પ્રયત્ન કરવો ?** અહીં પ્રશ્નનું તાત્પર્ય છે કે માનવભવમાં આવેલા બધા સતત કશો ને કશો ઉદ્યમ તો કર્યા જ કરતા હોય છે.. પણ (૧) સમુદ્રકિનારે કેટલાક બાળકો છીપલા ભેગા કરવાનો ઉદ્યમ કરે છે કે જે છેવટે ત્યાં જ ફેંકીને જવાના હોવાથી નિરર્થક છે - માત્ર સમય બગાડે છે. (૨) કેટલાક રેતીમાં મહેલ બનાવવા પ્રયત્ન કરે છે કે જે પણ નિરર્થક જ છે. (૩) કેટલાક સતત આવતા મોજાઓ ગણવાનો ઉદ્યમ કરે છે, એનો પણ કશો અર્થ સરતો નથી. (૪) કેટલાક ઘોડે સવાર - રમત-ગમત વગેરે કર્યા કરે છે, એથી પણ વિશેષ કોઇ અર્થ સરતો નથી... (૫) કેટલાક વળી ભેગા મળી આખા ગામ-દેશની ચિંતા કરવામાં ને તે નિમિત્તે ગામગપ્પા લગાવવામાં મશગૂલ રહે છે, પણ તે જરા પણ ઉપજાઉ નથી.

એમ તો કેટલાક વિવિધ પ્રકારના ધનોપાર્જન, સત્તા વિસ્તારણ, શક્તિ-પ્રદર્શન, વિદ્યા સાધન, મંત્ર-જાપ વગેરે અંગે પણ ઉદ્યમ કરતા દેખાય છે, તો શું આ ઉદ્યમ સાર્થક ગણાય ? કયો ઉદ્યમ સાર્થક ગણાય ?

અહીં ગુરુ પણ શિષ્યના પ્રશ્નને અનુરૂપ ઓગણપચાશમો ઉત્તર આપે છે - **વિદ્યાભ્યાસમાં જ ઉદ્યમ કરવો જોઇએ.**

પૈસા માટેનો પ્રયત્ન એટલે પુણ્ય, પુરુષાર્થ અને પળ=સમય ખર્ચીને એવા ધન માટેનો પ્રયત્ન કરવો કે જે બીજાની પાપમય ઇચ્છાઓ પૂરી કરવામાં વપરાશે. પોતાની મોજ-શોખ-ફેશન-વ્યસન ને અભિમાનને પોષતી ઇચ્છાઓ પૂરી કરવા પરિવાર જ્યારે કમાનારને વધુ કમાવવા પ્રોત્સાહિત કરે છે, ત્યારે

કોબા ... વિ. ...07

ખરેખર તો એ બધા પેલાને મામો બનાવે છે. એનો પુરુષાર્થ, એની શક્તિ, એનું પુણ્ય ને એને મળેલો સમય એવા ઉદ્યમમાં ખર્ચાઇ જાય છે કે જેથી પોતાનું તો કશું જ ભલું થતું નથી.... પોતાના ભાગે તો ચિંતા, ટેન્શન ને આર્ત્ત-રૌદ્રધ્યાન જ આવે છે કે ભાવીમાં દુર્ગતિનું કારણ બને છે. તેથી ધનમાટે ઉદ્યમ કરવો નકામો છે, કારણ કે એમાં છેવટે સફળતા તો પુણ્ય પર જ નિર્ભર છે.

તેથી જ અનેકવિધ પાપો-આરંભોના કારણ બનતા સત્તાઅંગે પણ ઉદ્યમ કરવા જેવો નથી... શક્તિ-કળાઓ માટેના ઉદ્યમમાં પણ કોઇ વિશેષ સાર્થકતા નથી.

એ જ ઉદ્યમ સાર્થક કહેવાય (૧) જે ઉદ્યમ કર્મની હાનિમાં કારણ બને (૨) આત્માનું એકાંતે હિત કરે (૩) પરલોકમાટે ઉપકારી નીવડે (૪) માત્ર માનવ ભવમાં જ શક્ય હોય અને (૫) જે ઉદ્યમથી પ્રાપ્ત વસ્તુ પણ પોતાની થઇને જ રહેવાની હોય, એની ચોરી-નાશ વગેરે સંભવતા ન હોય.

તેથી જ હે વત્સ ! વિદ્યા અભ્યાસમાં જ - ભગવાને બતાવેલા તત્ત્વોના અભ્યાસમાં જ વારંવાર વાચના-પૃચ્છના-પરાવર્ત્તના-અનુપ્રેક્ષાદિ રૂપે ઉદ્યમ કરવો જોઇએ. આમ પણ વિદ્યા વિનાનો નર પશુ ગણાય છે. કહ્યું જ છે - આહાર, નિદ્રા, ભય અને મૈથુન આ ચાર બાબતોમાં મનુષ્ય પશુને તુલ્ય જ છે. મનુષ્ય જ્ઞાનના કારણે જ પશુથી અલગ પડે છે. તેથી જ્ઞાન વિનાનો નર પશુ તુલ્ય જ છે.

વિદ્યાભ્યાસમાં પ્રયત્ન અંગે **વિક્રમસેન** રાજાની કથા આ પ્રમાણે છે -

આ જ **જંબૂદ્વીપના** આ ભારતમાં **હર્ષપુર** નામનું નગર હતું. ત્યાંના લોકો સતત ધન-સાધન-પ્રસંગો વગેરેના કારણે હર્ષમાં જ - આનંદમાં જ રહેતા હતા. આ નગરનો રાજા **વિક્રમસેન** હતો. રાજ્યનું પાલન કરવામાં વ્યગ્ર હોવા છતાં એ એમાંથી પણ સમય કાઢીને નવા-નવા ગ્રંથો-શાસ્ત્રો-વિદ્યાઓના અભ્યાસમાં ઉદ્યમ કરતો રહેતો હતો. જે માણસને જેમાં રુચિ-રસ હોય, એ માટે બીજા ઘણા વ્યસ્ત કાર્યક્રમોમાંથી પણ સમય કાઢી એ માણસ એ રસ-રુચિને પોષતું કાર્ય કરતો હોય છે. સાવ **નવરા માણસને જ હિતકર કાર્યોમાટે સમય**

**મળતો નથી.** પૂર્વભવે ઉપાર્જેલા ને ઉદયમાં આવેલા કર્મો મનુષ્યની મતિને ઘડે છે ને પુરુષાર્થને આકાર આપે છે.

એકવાર એના નગર ઉદ્યાનમાં **શ્રી ગુણાકર સૂરિ** નામના આચાર્ય ભગવંત પધાર્યા. વિક્રમસેન રાજા એમને વંદન કરવા ગયા. ત્યાં સૂરિજી મહારાજ પ્રવચન ફરમાવી રહ્યા હતા... પ્રવચનમાં આચાર્ય ભગવંત ચારે ગતિના જીવોના શરીર વગેરે સંબંધી દેશના આપી રહ્યા હતા.

હે ભવ્ય જીવો ! નરકમાં ગયેલા જીવો માટે સાત નરક છે. એ નરકના નામ - ધમ્મા, વંશા, શેલા, અંજના, રિષ્ટા, મઘા અને માઘવતી છે. ઉત્તરોત્તર વધારે રૌદ્ર અને દુઃખમય આ નરકોમાં ગયેલા જીવોનું ત્યાં ઉત્કૃષ્ટ આયુષ્ય ક્રમશઃ ૧, ૩, ૭, ૧૦, ૧૭, ૨૨ અને ૩૩ સાગરોપમનું છે. પહેલી નરકનું ઓછામાં ઓછું આયુષ્ય ૧૦ હજાર વર્ષ છે. પહેલી નરકનું ઉત્કૃષ્ટ આયુષ્ય બીજી નરકનું ઓછામાં ઓછું આયુષ્ય છે... એમ ઉત્તરોત્તરની નરકોમં સમજવું.

એમનું વૈક્રિય શરીર - ૭ ધનુષ્ય ૩ હાથ ને ૭ અંગુલ ૧લી નરકમાં છે, બીજી થી સાતમી નરકમાં ક્રમશઃ ૧૫ ધનુષ્ય, બે હાથ ને ૧૨ અંગુલ, સવા ૩૧ ધનુષ્ય, ૬૨।। ધનુષ્ય, ૧૨૫ ધનુષ્ય, ૨૫૦ ધનુષ્ય અને ૫૦૦ ધનુષ્ય છે.

ભવનપતિ દેવો દસ પ્રકારે છે - (૧) અસુર (૨) નાગ (૩) સુવર્ણ (૪) વિદ્યુત્ (૫) અગ્નિ (૬) દ્વીપ (૭) સાગર (૮) દિશા (૯) વાયુ (પવન) અને (૧૦) સ્તનિત. દરેકની પાછળ 'કુમાર' શબ્દ લાગે છે. અસુર નિકાયમાં ચમરેન્દ્રનું એક સાગરોપમ ને બલીન્દ્રનું સાધિક એક સાગરોપમ આયુષ્ય છે. ચમરેન્દ્રની દેવીનું ૩ પલ્યોપમ ને બલીન્દ્રની દેવીનું ૪ પલ્યોપમ આયુષ્ય છે.

બાકીના તમામ ભવનપતિઓમાં દક્ષિણ તરફના દેવોનું આયુષ્ય દોઢ પલ્યોપમ અને ઉત્તર તરફના દેવોનું લગભગ પોણા બે પલ્યોપમ છે. દક્ષિણની દેવીઓનું અડધો પલ્યોપમ છે ને ઉત્તરની દેવીઓનું કાંઇક ન્યૂન એક પલ્યોપમ છે.

વ્યંતરોની ૧૬ જાતિઓ છે - (૧) ભૂત (૨) પિશાચ (૩) યક્ષ (૪) રાક્ષસ (૫) કિન્નર (૬) કિંપુરુષ (૭) મહોરગ (૮) ગંધર્વ (૯) અણપન્ની

(૧૦) પણપન્ની (૧૧) ઋષિવાદી (૧૨) ભૂતિવાદી (૧૩) કંદ (૧૪) મહાકંદ (૧૫) કોદંડ (૧૬) પ્રકૃતિ.

તમામ વ્યંતરોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧. પલ્યોપમ છે. એમની દેવીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય અડધો પલ્યોપમ છે.

જ્યોતિષ્કોના પાંચ ભેદ છે. (૧) ચંદ્ર (૨) સૂર્ય (૩) ગ્રહ (૪) નક્ષત્ર અને (૫) તારા. એમાં ચંદ્રનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧. પલ્યોપમ ને ૧. લાખ વર્ષ છે. સૂર્યનું આયુષ્ય ૧ પલ્યોપમ ને ૧૦૦૦ વર્ષ છે. ગ્રહોનું આયુષ્ય ૧. પલ્યોપમ છે. નક્ષત્રોનું આયુષ્ય ૧/૨ પલ્યોપમ છે. ને તારાનું આયુષ્ય ૧./૪ પલ્યોપમ છે. દેવીઓનું આયુષ્ય તે-તે દેવોના આયુષ્યથી અડધુ જાણવું. જેમકે ચંદ્રની દેવીનું આયુષ્ય અડધો પલ્યોપમ ને ૫૦ હજાર વર્ષ.

ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષ દેવોની ઊંચાઇ ૭ હાથ છે. વૈક્રિય શરીર છે.

વૈમાનિક દેવો બે પ્રકારે છે (૧) કલ્પગત (૨) કલ્પાતીત. એમાં કલ્પગત - (૧) સૌધર્મ (૨) ઈશાન (૩) સનત્કુમાર (૪) માહેન્દ્ર (૫) બ્રહ્મ (૬) લાંતક (૭) મહાશુક્ર (૮) સહસ્રાર (૯) આનત (૧૦) પ્રાણત (૧૧) આરણ (૧૨) અચ્યુત. આ બાર દેવલોક છે.

એમાં ક્રમશઃ ઉત્કૃષ્ટ આયુષ્ય (૧) બે સાગરોપમ (૨) સાધિક બે સાગરોપમ (૩) સાત સાગરોપમ (૪) સાધિક સાત સાગરોપમ (૫) દસ સાગરોપમ (૬) ૧૪ સાગરોપમ (૭) સત્તર સાગરોપમ (૮) અઢાર સાગરોપમ (૯ થી ૧૨) ક્રમશઃ ૧૯, ૨૦, ૨૧ અને ૨૨ સાગરોપમ છે.

દેવીઓ પ્રથમ બે દેવલોકમાં જ છે. ૧લા દેવલોકની પરિગૃહીતા દેવીનું આયુષ્ય સાત પલ્યોપમ ને અપરિગ્રહીતા દેવીનું ૪૫ પલ્યોપમ છે. બીજા દેવલોકની પરિગૃહીતા દેવીનું ૯ પલ્યોપમ અને અપરિગૃહીતા દેવીનું ૫૫ પલ્યોપમ છે.

૧-૨ દેવલોકના દેવ ૭ હાથ ઊંચાઇવાળા છે. ૩-૪ દેવલોકમાં ૬ હાથ છે. ૫-૬ માં ૫ હાથ છે. ૭-૮ માં ૪ હાથ ઊંચાઇ છે. ૯-૧૦-૧૧-૧૨ માં ૩ હાથ છે.

કલ્પાતીતમાં બે ભેદ છે. (૧) નવ ગ્રૈવેયક અને (૨) પાંચ અનુત્તર.

ગ્રૈવેયકના નામો - (૧) સુદર્શન (૨) સુપ્રબુદ્ધ (૩) મનોરમ્ય (૪) વિશાળ (૫) સર્વતોભદ્ર (૬) સોમનસ (૭) માનસ (૮) પ્રીતિકર અને (૯) આદિત્ય.

નવ ગ્રૈવેયકમાં ક્રમશઃ ૨૩ થી ૩૧ સાગરોપમ ઉત્કૃષ્ટ આયુષ્ય છે. ત્યાં બે હાથની અવગાહના=ઊંચાઇ છે.

પાંચ અનુત્તરના નામો (૧) વિજય (૨) વૈજયંત (૩) જયંત (૪) અપરાજિત અને (૫) સર્વાર્થસિદ્ધ. ચાર અનુત્તરનું જઘન્ય આયુષ્ય ૩૨ સાગરોપમ છે ને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ છે. સર્વાર્થસિદ્ધમાં કાયમ એક જ ૩૩ સાગરોપમનું આયુષ્ય છે. અનુત્તરોની અવગાહના ૧ હાથ છે.

આ રીતે દેવો ચાર પ્રકારના બતાવ્યા છે.

મનુષ્યો (૧) જંબૂદ્વીપ (૨) ધાતકી અને (૩) પુષ્કર દ્વીપનો અડધો ભાગ - આમ માત્ર અઢી દ્વીપમાં જ છે. આ અઢી દ્વીપની અપેક્ષાએ ભરત, ઐરાવત, મહાવિદેહ વગેરે ક્ષેત્રો દરેક પાંચ-પાંચ છે. એટલે કે પાંચ ભરત છે. પાંચ ઐરાવત છે, પાંચ મહાવિદેહ છે. ઇત્યાદિ. આમ કુલ ૪૫ ક્ષેત્રો છે. એમાં (૧) હૈમવત (૨) હરિવર્ષ (૩) દેવકુરુ (૪) ઉત્તરકુરુ (૫) રમ્યક અને (૬) ઐરણ્યવત. આ છ દરેક પાંચ-પાંચ એમ કુલ ૩૦ અકર્મભૂમિ છે. યુગલિક ક્ષેત્ર છે. એમાં પહેલા ને છટ્ઠા ક્ષેત્રમાં હંમેશા ત્રીજો આરો હોય છે ને મનુષ્ય-તિર્યંચનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ પલ્યોપમ હોય છે. ઊંચાઇ ૧ ગાઉની હોય છે. બીજા અને પાંચમાં ક્ષેત્રમાં હંમેશા બીજો આરો છે. ઉત્કૃષ્ટ આયુષ્ય બે પલ્યોપમ છે ને ઊંચાઇ બે ગાઉની છે. ૩-૪ માં હંમેશા પહેલો આરો છે. ૩ પલ્યોપમનું આયુષ્ય છે ને ઊંચાઇ ૩ ગાઉની છે.

પંદર કર્મભૂમિ છે. (૧) મહાવિદેહ (૨) ભરત અને (૩) ઐરાવત. આ ત્રણે પાંચ-પાંચ = ૧૫. એમાં મહાવિદેહમાં હંમેશા ચોથો આરો છે. ઊંચાઇ ૫૦૦ ધનુષ્ય. ને ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ કરોડ પૂર્વ વર્ષનું હોય છે. ભરત-ઐરાવતમાં છ-છ આરા છે. ને આયુષ્ય ઊંચાઇ એ પ્રમાણે ફેરફાર પામે છે.

એ જ રીતે લવણ સમુદ્રમાં છપ્પન અંતરદ્વીપ છે. એમાં હંમેશા ઉતરતા ત્રીજા આરા તુલ્ય કાળ છે. યુગલિક ક્ષેત્ર છે. આયુષ્ય પલ્યોપમના અસંખ્યભાગ જેટલું પણ અસંખ્ય વર્ષનું છે. ઊંચાઇ ૮૦૦ ધનુષ્ય છે. સંમૂર્ચ્છિમ મનુષ્યોનું આયુષ્ય અંતર્મુહૂર્ત છે.

તિર્યંચ ગતિ અતિવિશાળ છે. એમાં એકેન્દ્રિયમાં સૂક્ષ્મ-બાદર નિગોદનું આયુષ્ય અંતર્મુહૂર્ત છે ને અવગાહના (શરીરનું માપ) અંગુલના અસંખ્યમાં ભાગ જેટલું છે. પૃથ્વીકાય, અપકાય, વાયુકાય અને પ્રત્યેક વનસ્પતિકાયનું આયુષ્ય ક્રમશઃ ૨૨, ૩, ૭ અને ૧૦ હજાર વર્ષ છે. તેઉકાયનું આયુષ્ય ૩ દિવસનું છે. એમાં પ્રત્યેક વનસ્પતિકાય સિવાય બધાની અવગાહના અંગૂલના અસંખ્યમાં ભાગ જેટલી છે. પ્રત્યેક વનસ્પતિની ઉત્કૃષ્ટ અવગાહના સાધિક ૧૦૦૦ યોજન છે.

બે ઇંદ્રિયનું આયુષ્ય ૧૨ વર્ષ છે. દેહમાન - ૧૨ યોજન છે. તેઇંદ્રિયનું આયુષ્ય ૪૯ દિવસ છે. દેહમાન - ૩ ગાઉ છે. ચઉરિન્દ્રિયનું આયુષ્ય ૬ મહીના છે. દેહમાન ૧ યોજન છે.

પંચેન્દ્રિય તિર્યંચમાં ઉરપરિસર્પ, ભુજપરિસર્પ અને જળચરોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ કરોડ પૂર્વ વર્ષ છે. દેહમાન ક્રમશઃ ગાઉ પૃથક્ત્વ, યોજન પૃથક્ત્વ અને ૧૦૦૦ યોજન છે.

પંખીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય પલ્યોપમનો અસંખ્યભાગ છે. શરીરમાન ધનુષ્ય પૃથક્ત્વ છે.

આ રીતે બધા સંસારી જીવોના ઉત્કૃષ્ટ દેહ - આયુષ્યાદિ વાતો શાસ્ત્રોમાં બતાવી છે. દેવ-નરકને છોડી દરેક સ્થળે જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત અને અવગાહના અંગૂલના અસંખ્યમાં ભાગ જેટલી છે.

આચાર્ય ભગવંતે કહ્યું - સર્વજ્ઞ પ્રભુએ પ્રકાશેલા તત્ત્વોનો આ અંશમાત્ર છે. માનવભવની સાર્થકતા આ રીતે પ્રભુવચન રૂપ શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરવાથી થાય છે. આ રીતે જ્ઞાન પામવા પ્રયત્ન કરવો એ જ સાચો પ્રયત્ન છે, કારણ કે મહેનત કરીને મેળવેલી સત્તા-સંપત્તિ છિનવાઇ જવાના ભયવાળી છે, ને શક્તિ

જતી રહેવાના ભયવાળી છે. જ્યારે મળેલું જ્ઞાન સતત અભ્યાસ કરતા રહેવાથી કાયમ ટકે છે ને બીજાને આપવાથી વધે છે.

વિક્રમસેન રાજાએ પૂછ્યું - મને જ્ઞાનાભ્યાસમાં રસ છે. તેથી મને આ શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરવો છે. એ કેવી રીતે કરી શકાય ?

આચાર્યભગવંતે કહ્યું - તત્ત્વનું જ્ઞાન જિનવચનથી જ થાય, અન્યથી નહીં. તેથી તમારે જિનવચનમાટે પ્રયત્ન કરવો જોઇએ.

રાજા - જિનવચનનો સારી રીતે અભ્યાસ કરવો હોય તો શું કરવું ?

આચાર્ય - રાજા તરીકેની મોટી જંજાળમાં અને સંસારી તરીકેની ઘણી જવાબદારીમાં આ અભ્યાસમાટે સમય પણ નહીં મળે ને ચિત્ત પણ નહીં ચોંટે. તેથી દીક્ષા લીધા પછી જ ખરો અભ્યાસ થઇ શકે.

તેથી રાજાએ પુત્રને રાજગાદી સોંપી શ્રુતજ્ઞાનમાં સાર્થક પ્રયત્ન કરવા દીક્ષા લીધી. અહોરાત સતત અખંડ શ્રુતાભ્યાસમાં ઉદ્યમ ચાલુ કર્યો. એ પ્રયત્નથી શ્રુતજ્ઞાન આંશિક મળ્યું. પણ જ્ઞાનાવરણનો સર્વથા ક્ષય થઇ જવાથી સંપૂર્ણ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી સમગ્ર વિશ્વને સમયે સમયે જાણવાની સિદ્ધિ મેળવી લીધી. છેવટે મોક્ષ પણ પામી ગયા. હે ભવ્ય જીવો ! તમે પણ આ રીતે શ્રુતાભ્યાસમાં પ્રયત્ન કરી આત્મકલ્યાણ સાધો !

સુડતાલીશમાં પ્રશ્ન પર ઓગણપચાશમો ઉત્તર પૂર્ણ થયો.

*પુણ્ય તીવ્ર હોય ત્યારે બુદ્ધિ-પ્રતિભા-પુરુષાર્થ*
*ઓછાં હોય તોય ચાલી જાય.*
*પુણ્ય ઘટતું જાય ત્યારે બુદ્ધિ-પ્રતિભા-પુરુષાર્થની વધારે જરુર પડે.*
*શાલિભદ્ર પુણ્યશાલી હતાં, તેથી ૯૯ પેટીઓ ઉતરતી હતી.*
*એમાં બુદ્ધિ-પ્રતિભા-પુરુષાર્થ કશાની જરુરત હતી નહીં.*
*મજૂરને ભારે મહેનત કરે ત્યારે માંડ-માંડ થોડા ઘણા રૂપિયા મળે.*

# સદૌષધમાં યત્ન

## અરુણાસ્ય કપિરાજ કથા (૫૦)

ગુરુએ 'શામાં ઉદ્યમ કરવો ?' એ અંગે જ્ઞાનાભ્યાસમાં જ ઉદ્યમ કરવાની વાત કહી ને એમાટે વિક્રમસેન રાજાની કથા કહી. હવે ગુરુ ભગવંત આ જ પ્રશ્ન પર બીજો પણ(=પચાસમો) જવાબ આપી રહ્યા છે.

**સદૌષધમાં પ્રયત્ન કરવો.**

ગુરુનું તાત્પર્ય એ છે કે ગ્લાન=બીમાર સાધુ-સાધ્વી ભગવંતની સેવા કરવામાં કશી કચાશ રાખવી નહીં. પણ ત્યારે ખ્યાલ રાખવો કે ( ૧ ) બીમારીને અનુરૂપ ઔષધ હોય ( ૨ ) હિંસા આદિ જન્ય = અતિ સાવદ્ય ન હોય - કલ્પ્ય હોય અને ( ૩ ) ઓછામાં ઓછો દોષ લગાડીને ઉપલબ્ધ થયું હોય. આ સદૌષધ કહેવાય. આવા ઔષધથી ગ્લાન=બીમાર સાધુની વૈયાવચ્ચ કરવાથી એ બીમારની સેવાની સાથે તીર્થંકરની આરાધનાનો પણ ઉત્કૃષ્ટ લાભ મળે છે.

આગમમાં કહ્યું જ છે - હે ભંતે ! ગ્લાનની પરિચર્યા=સેવા કરવાથી કેવી રીતે ધન્ય બનાય ? અથવા આપના દર્શન=સમ્યક્ત્વના સ્વીકારથી ધન્ય બનાય છે ? ભગવાન - હે ગૌતમ ! જે ગ્લાનની પરિચર્યા કરે છે, એ મને સમ્યગ્દર્શનથી સ્વીકારે છે. અર્થાત્ એ મારો સમ્યક્ શ્રદ્ધાથી સ્વીકાર કરે છે. જે મારો સમ્યગ્દર્શનથી સ્વીકાર કરે છે, એ ગ્લાનની પરિચર્યા કરે છે. અરિહંતોનું દર્શન= સમ્યક્ત્વ આજ્ઞાના અનુસરણથી જ છે. તેથી હે ગૌતમ ! એમ કહેવાય કે જે ગ્લાનની પરિચર્યા કરે છે, એ મને સમ્યક્ શ્રદ્ધાથી સ્વીકારે છે.

આનો અર્થ એ થયો કે **તે જ સમકિતી છે, ભગવાનપર શ્રદ્ધાયુક્ત છે, જે બીમાર સાધુ-સાધ્વી વગેરેની ઉલ્લાસથી વૈયાવચ્ચ કરે છે.** અને જે ઉલ્લાસથી વૈયાવચ્ચ કરે છે, એને ખાતરી થઇ જાય છે કે પોતાને સમ્યક્ત્વ સ્પર્શી ગયું છે. ભગવાનના સમ્યક્ત્વનો સ્પર્શ તો જ ખરેખર ગણાય, જો

ભગવાનની આજ્ઞા અનુસાર જ પ્રવૃત્તિઓ કરવાનું મન થાય. મનને ગમે એવી પ્રવૃત્તિઓ નિઃશંકભાવે કરનારા ને એમાં જિનાજ્ઞાની જરા પણ પરવા નહીં કરનારાએ પોતે સમકિતી છે એવો દાવો કરવો જોઇએ નહીં.

ઉત્તમ, સદ્ઔષધ વગેરેથી વૈયાવચ્ચ કરવી એ અપ્રતિપાતી ગુણ ગણાયો છે ને સદ્ય=શીઘ્ર ફળદાયક ગુણ મનાયો છે. અપ્રતિપાતીનો અર્થ છે - પ્રાયઃ જીવનભર તો ટકે છે, પણ પર ભવમાં પણ એ સંસ્કાર રૂપે ટકે છે. આ વૈયાવચ્ચ ગુણથી વીશ સ્થાનકની આરાધના થાય છે ને ઉત્કૃષ્ટરૂપે તીર્થંકર-ગણધર પદવી પણ પ્રાપ્ત થાય છે. બીમાર સાધુ નિરોગી થયા બાદ જે સુંદર કોટીની સંયમારાધના કરશે, એનો લાભ પણ મળે છે.

વળી બીમારીમાં પણ એ વૈયાવચ્ચથી જે સાંત્વન, સમતા, સમાધિ રહે છે, એમાં પણ નિમિત્ત બનવાનો મોટો લાભ મળે છે કે જેથી પોતાને પણ ભવિષ્યમાં સમતા-સમાધિ સુલભ થાય છે. મોહનીય કર્મનો ક્ષયોપશમ થવાથી ક્રોધ વગેરે દોષો પણ કાબૂમાં આવે છે. વૈયાવચ્ચથી સાધુ વગેરેને શાતા આપી હોવાથી વૈયાવચ્ચ કરનારો પરમ શાતાનો અનુભવ કરાવે એવા પુણ્યાનુબંધી પુણ્યનો પણ ભાગી થાય છે. શરીર સશક્ત અને સ્વસ્થ રહે એવું મળવાથી પોતે પણ સતત-સખત શીલ-તપ આદિ ધર્મ આરાધી શકે છે - આવો પારલૌકિક લાભ પણ મેળવે છે.

વિશિષ્ટ ભોગસુખો તો મળે જ છે. પણ એમાં તીવ્ર આસક્તિ નહીં રહેવાથી એથી દુર્ગતિ પણ થતી નથી. આમ વૈયાવચ્ચના મહાન લાભો હોવાથી સદૌષધથી વૈયાવચ્ચ કાર્યમાં ખાસ ઉદ્યમ કરવા જેવો છે. આ માટે અહીં **'અરુણાસ્ય'** નામના **કપિરાજ**ની કથા બતાવીએ છીએ....

આ જંબૂદ્વીપના આ ભારતમાં વિંધ્ય પર્વતની તળેટીમાં **વિંધ્ય** નામનું મોટું જંગલ હતું. આ જંગલ વૃક્ષો-લતાઓ-છોડો વગેરેથી ગીચ હતું. અહીં સતત પત્ર-પુષ્પ-ફળો ભરપુર હોવાથી જાણે કે સદા વસંત હતી.

આ જંગલમાં 'અરુણાસ્ય' નામનો વાંદરો હતો. ઘણા વાંદરા-વાંદરીઓનો અધિપતિ હોવાથી એ કપિરાજ ગણાતો હતો. ઘણા વાંદરાઓ એની

સેવામાં ઇંદ્રની સેવામાં દેવોની જેમ સદા તત્પર રહેતા હતા. આ કપિરાજના તાબામાં ઘણી વાંદરીઓ પણ હતી. એ તિર્યંચમાત્ર હોવા છતાં આ રીતે વિવિધ સુખ ભોગવી રહ્યો હતો.

એક વાર એક મોટા સાર્થવાહની સાથે અન્ય નગરે જવા જોડાયેલો સાધુઓનો એક મોટો સમુદાય એ જંગલમાં વિહાર કરતા કરતા આવ્યો. એ વખતે નવ કલ્પી વિહાર થતો હતો. દર મહીનાના અંતે એક ગામથી બીજા ગામે વિહાર કરવાના ક્રમથી જંગલની નજીકના ગામ સુધી પહોંચી ગયા હતા. હવે આગળ જવું હોય તો મોટું જંગલ ઓળંગવું પડે. પણ એમાં દિવસો લાગી જાય. તો નિર્દોષ ગોચરીવગેરે વ્યવસ્થાનું શું ? તેથી એ કાળે વ્યાપારાદિ માટે મોટો કાફલો લઇ નીકળતા સાર્થવાહોની સાથે એ સાધુ સમુદાય જોડાઇ જતો હતો, જેથી સલામત અને નિર્દોષ રહેવાની વ્યવસ્થા અને નિર્દોષ ગોચરી વગેરેની વ્યવસ્થા પણ થઇ જતી.

આ રીતે જ સાર્થવાહ સાથે જોડાયેલો સાધુ સમુદાય હવે એમની સાથે જ જંગલમાંથી પસાર થઇ રહ્યો હતો. એમાં એક મુનિ કે જે ચરણ(=ચારિત્ર)રૂપી ત્રાણ=કવચવાળો હોવા છતાં એના ચરણ(=પગ) એવા રક્ષણ વિનાના હતા એટલે કે ઉઘાડા હતા. આમ તો બધા સાધુઓ એવા જ હતા. બધા જ ઈર્યા સમિતિનું પૂરેપૂરું પાલન કરતા કરતા જ ચાલી રહ્યા હતા. પણ એ એક સાધુના અશાતા વેદનીયનો ઉદય નજીક આવ્યો હતો, તેથી ભવિતવ્યતાવશ એમને એક તીક્ષ્ણ કાંટો વાગ્યો.

આમે એ વખતે પાકા રસ્તાઓ હતા નહીં, એમાં પણ ગીચ ઝાડીવાળો જંગલનો રસ્તો... એટલે કાંટાઓની સંભાવના હતી જ. પણ ઈર્યા સમિતિના વ્યવસ્થિત પાલનથી જીવરક્ષા સાથે શરીરરક્ષા પણ થતી હતી. છતાં કર્મનિયોગથી એ સાધુને કાંટો વાગ્યો. એ કાંટો પાછો જંગલી. એવી તીવ્રતમ વેદના ઉત્પન્ન થઇ કે એ સાધુ હવે એક પગલું પણ આગળ ચાલી શકે એમ ન હતા. હજી જંગલ તો ખાસ્સુ બાકી હતું. હવે શું કરવું ?

સાધુ સમુદાય ત્યાં ભેગો થયો. આને છોડીને જવા કોઇની માનસિક

તૈયારી હતી નહીં, ને એ રીતે આપત્તિમાં આવેલા સાધુને છોડી જતા રહેવામાં માનવતા પણ રહેતી નથી, સાધુતા તો દૂરની વાત છે. છતી શક્તિએ બીજાની પીડા વખતે કરેલી ઉપેક્ષા અશાતાનું ને અંતરાયનું તો કારણ બને જ છે, તીવ્ર મોહનીય કર્મનું પણ કારણ બને છે. વળી આવી ઉપેક્ષા કરનારો ભવિષ્યમાં તીવ્ર દૌર્ભાગ્ય અને અપયશનો ભાગી થાય છે.

સાધુસમુદાયે ભેગા થઇ એ સાધુને કહ્યું - હે મહાત્મન્ ! તમારા પગે શલ્યપીડા અત્યંત દુઃસહ દેખાઇ રહી છે. તમે એક પગલુ માંડી શકો એવી હાલતમાં નથી. બીજી બાજુ આ જંગલ હિંસક પશુઓ વગેરેથી વ્યાપ્ત છે ને અહીં રહેવા માટે બીજી કોઇ વ્યવસ્થા નથી. તેથી અમે તમને ખાસ વિનંતી કરીએ છીએ કે તમે અમારા ખભા પર બિરાજમાન થાવ. જે થાકી જશે, તે બીજાને સોંપશે... એમ કરતા કરતા આપણે સહજ જંગલ ઓળંગી શકીશું. એથી બીજો એ પણ ફાયદો થશે કે ત્યાં તમારી ચિકિત્સા કરી શકે એવો કોઇ કુશળ વૈદ પણ મળી જશે.

ત્યારે તીવ્ર વેદના વચ્ચે પણ પરમ સમાધિ-સુધા-સ્વાદ-મસ્ત એ સાધુએ શાંતભાવે કહ્યું - હે મુનિસિંહો ! જૈનાગમને જાણતા એવા તમારું વચન બિલ્કુલ તથ્યભૂત છે, ને મારા માટે પણ પથ્ય=હિતકર છે. પણ મારા શરીરનું વજન ઘણું છે. આમાં તમે બધા થાકી જશો... છતાં જંગલ ઓળંગાશે નહીં. ને મારા ભારથી તમારી ગતિ પણ ધીમી પડવાથી તમે સાર્થની સાથે રહી શકશો નહીં. તેથી જંગલ ઓળંગવામાં ઘણી ઉપાધિ આવશે. આમ મારાં કારણે સમગ્ર સમુદાયને તકલીફ પડશે. ને એ પડ્યા પછી પણ બધા હેમખેમ જંગલ ઓળંગી જવું લગભગ અશક્ય છે.

તેથી આપ સહુ સાર્થ સાથે શીઘ્ર જંગલ ઓળંગી જાવ. હું આ પીડા દૂર થયે યથાશીઘ્ર સમુદાય ભેગો થઇ જઇશ. આ બાબતમાં મારો નિર્ણય અડગ છે, કારણ કે મારા એક માટે સમગ્ર સમુદાયને મુશ્કેલીમાં મૂકવો મને જરા પણ ઉચિત લાગતું નથી.

બંને પક્ષે સમજાવટ - ખેંચતાણ થઇ. પણ એ મુનિરાજ દઢ હતા.

સમજતા હતા કે એક ખાતર સમુદાયની હાનિ થવી જરા પણ ઉચિત નથી, ને એમ કર્યે પણ પોતાનું કામ તો સરવાનું જ નથી. એકત્વ ભાવનાથી દૃઢ એ મહાત્માને એકલા પડી જવાનો ડર પણ હતો નહીં. પરિષહ-ઉપસર્ગ સહન કરવા જ દીક્ષા લીધી છે, તેથી આવી પડેલા આ પરિષહ સામે કાયર થવું પણ યોગ્ય નથી. **કર્મનિર્જરાના અવસરને વધાવી લેવામાં જ સાધુતાની સાર્થકતા છે,** ને જીવન તો આમે ય ક્ષણભંગુર છે. એ માટે બધા આરાધક સાધુઓને મુશ્કેલીમાં મૂકવામાં તો ખીલ્લી મળવામાં ય શંકા હોવા છતાં મહેલ તોડી નાખવાની વાત આવે.

તેથી નાછુટકે સમુદાય એ મહાત્માને ત્યાં મૂકી સાર્થની સાથે આગળ વધ્યો. આ મહાત્મા સ્વાધ્યાય પરાવર્તન, અનુપ્રેક્ષા ને ધર્મધ્યાનમાં મસ્ત બની સમય વ્યતીત કરવા માંડ્યા.

એમાં અલ્પકાળમાં જ પેલો અરુણાસ્ય કપિરાજ ફરતા ફરતા ત્યાં આવી ચડ્યો. મુનિરાજને જોયા. જાણે કે સાક્ષાત્ પુણ્યના પુંજ જેવા એવા મુનિરાજને જોઇ એ કપિરાજ વિચારમાં ચડ્યો. આવા વેષધારી મનુષ્યોને મેં પૂર્વે ક્યાંક ક્યારેક જોયા છે.... આમ ઊહાપોહમાં આગળ વધતા જ પોતાના પૂર્વભવનું જ્ઞાન થયું... સ્મરણ થયું.

પૂર્વ ભવમાં હું **શ્રીકૃષ્ણ રાજાની** રાજધાની **દ્વારકામાં વૈતરણી** નામનો વૈદ્ય હતો. સમગ્ર નગરમાં મારી શ્રેષ્ઠ વૈદ્ય તરીકેની નામના હતી. એ વખતે મેં પાપો કર્યા હતા, જેમ કે ઘણા નિર્દોષ જીવોની જેમાં હિંસા થતી હતી, એવી ઔષધિઓ તૈયાર કરી હતી. ને એવાઓની દવા કરી હતી કે જેઓ સાજા થયા પછી હિંસાદિ ક્રૂર કાર્યોમાં લાગવાના હતા. એ વખતે ધન વગેરે માટે આર્ત્તધ્યાન પણ કર્યા હતા. તેથી જ મને આ ભવમાં મનુષ્યમાંથી વાંદરાનો-પશુનો અવતાર મળ્યો. **જેમ દુર્જનોનો સંગ ક્લેશમાટે થાય છે, એમ પાપનો સંગ પણ ક્લેશમાટે જ થાય છે.**

એ વખતે ઘણા જૈન સાધુઓની પણ મેં ચિકિત્સા કરી હતી. માનો કે તેથી જ મને નરકગતિ મળી નહીં, ને આ પશુભવમાં પણ કપિરાજ થવા મળ્યું.

તો હવે આ ભવમાં હું આ મુનિરાજનો આશ્રય લઉં, એમની ઉપાસના કરું... જેથી મારું કલ્યાણ થાય.

આમ વિચારી એ મુનિરાજ પાસે આવ્યા. ભાવથી વંદન કર્યા. ત્યાં જ એની નજર મુનિરાજના ચરણકમળ પર પડી. કાંટાથી સૂઝી ગયેલો પગ જોયો. વિચાર્યું...

હો ! હો ! જેમના જીવનમાં એક પણ પાપરૂપ શલ્ય નથી, એમના પગમાં આ શલ્યરૂપ કાંટો ! આમ તો પશુગતિમાં જન્મેલો હું મુનિરાજની અશન-પાન આદિ કોઇ રીતે પણ ભક્તિ કરી શકતો નથી. તો પણ પૂર્વ ભવે સારી રીતે અભ્યસ્ત થયેલી વૈદ્યક વિદ્યાની મને સ્મૃતિ થાય છે. તેથી એના બળપર નિર્દોષ ઔષધ લાવી સાધુની ચિકિત્સા કરું. એમના પગમાંથી કાંટો કાઢી લઉં ! કહ્યું જ છે - સંસારસાગરમાંથી તરવામાટે યાન(=વહાણ) પાત્ર સમા મુનિભગવંત રૂપી સુપાત્રોની સદૌષધથી કરેલી ચિકિત્સા=વૈયાવચ્ચ સર્વસંપત્તિની પ્રાપ્તિમાટે થાય છે.

આમ વિચારી એ વાનરરાજ જંગલમાં ઔષધ શોધી લાવવા ગયો. જંગલમાંથી ઘા રુઝવતી અને કાંટાને ખેંચી કાઢતી એમ બે પ્રકારની જડીબુટ્ટી લઇ આવ્યો. પહેલા કાંટાને ખેંચી કાઢતી જડીબુટ્ટીથી એમના પગનો કાંટો કાઢી નાખ્યો. બીજી જડીબુટ્ટી લગાડી પગમાં રુઝ લાવી દીધી.

મુનિરાજને વાનરરાજની આ વૈયાવચ્ચ-સેવાથી આશ્ચર્ય થયું. એમને થયું - અહો ધર્મનો જ પ્રભાવ કે મારે જંગલમાં મંગલ થયું. જેની પાસેથી કોઇ અપેક્ષા રાખી શકાય નહીં એવા પશુમાત્રે મહાવૈદ્યની જેમ મારી ચિકિત્સા કરી! મને સાજો કરી દીધો ! આ વાનરરાજ પૂર્વભવમાં કોઇ વૈદ્ય હોઇ શકે. એ વિના આ આવડે ક્યાંથી ?

મુનિરાજ આમ વિચારતા હતા, ત્યાં જ મુખેથી પોતાની વાત કહેવા અસમર્થ એ કપિરાજે ધૂળમાં પોતાનો પૂર્વભવ બતાવતા અક્ષરો લખ્યા. મુનિરાજ શ્રુતજ્ઞાનથી અને સ્મૃતિજ્ઞાનથી એને લખેલી વાત સમજી ગયા ને ઓળખી ગયા 'અહો ! દ્વારકાના જે વૈદ્યની પ્રશંસા સાંભળેલી એ આ વૈતરણી નામના

વૈદ્યનો જીવ છે. અરર ! કોણ જાણે કેવા પાપના કારણે મનુષ્યમાંથી પશુ થઇ ગયો. છતાં ભાગ્યશાળી છે કે જાતિસ્મરણ જ્ઞાનથી પોતાનો પૂર્વભવ જાણી મારી ચિકિત્સા કરી. આ જંગલમાં સાધુસેવાનો લાભ ખાટી ગયો.

આ યોગ્ય જીવ છે એમ જાણી મુનિરાજે કહ્યું - ભાગ્યશાળી ! આ અસાર સંસારમાં જિનેશ્વરે કહેલો ધર્મ જ શરણભૂત છે. સારી રીતે આરાધાયેલો આ ધર્મ જ ધન, રાજ્ય, સ્વર્ગ, મોક્ષ આદિ બધું જ હિતકર આપવા સમર્થ છે. તેથી તમે જૈનધર્મ જ આરાધી લો. એમાં જ તમારી બુદ્ધિમત્તા છે.

આ સાંભળી ધન્ય થયેલા કપિરાજે ધૂળમાં જ લખ્યું - પશુ તરીકે હું નિયમ-વ્રત પાળી શકું નહીં. તેથી મને અનશન કરાવી દો. જેથી મારા બધા પાપ નાશ પામે. સાધુએ એને વિધિ મુજબ અનશન કરાવ્યું. છેલ્લી નિર્યામણા કરાવી. પરમ સમાધિ આપી. વાનરરાજ પણ સમુદ્રમાંથી જમણેરી શંખ મળે ને ધન્ય થઇ જવાય એ રીતે મુનિરાજ પાસેથી ધર્મ-અનશન-સમાધિ પામી ધન્ય થઇ ગયા. એ ત્રણ દિવસ પછી કાળ કરી આઠમા દેવલોકમાં દેવ થયા.

ઉપપાત શય્યામાં ઉત્પન્ન થતાં જ અલ્પકાળમાં જાણે કે બત્રીશ વર્ષના હોય એવા નવયુવાન થયા. બીજા સેવક દેવ-દેવીઓની જન્મકૃત્ય અંગેની વાતને ગૌણ કરી અવધિ જ્ઞાનથી જંગલનો થયેલો વ્યતિકર જાણી સાધુને નમી પોતાની ઓળખાણ આપી એમને એમના સમુદાયભેગા કરી દીધા. આમ જેમ એ વાનરરાજે ઔષધથી શલ્યવાળા મુનિ શલ્ય મુક્ત કર્યા, એમ તમે પણ વૈયાવચ્ચ માટે ઉદ્યમ કરો.

આમ સુડતાલીશમાં પ્રશ્ન પર પચાશમો ઉત્તર પૂર્ણ થયો.

*ભાવ ધર્મની સિદ્ધિ કરવા માટે મન કાબૂમાં રાખો.*
*મન ભટકે છે, પણ પાપભાવોમાં સ્થિર છે !*
*પાપસ્થાનો પર કેન્દ્રિત થયેલા મનને પાપમાંથી ઉઠાવવું છે ?*
*શુભ ભાવમાં સ્થિર કરવું છે ? દુનિયાના ભાવો ને દૂર કરવા છે ?*
*તો નવપદ ચિંતનમાં મન લગાવો.*
*નવપદમાં એકાગ્ર થયેલાં મનથી શુભ અધ્યાત્મની પ્રાપ્તિ થાય...*
*સમૃદ્ધિ-સદ્ગતિ-સુકુલની પરંપરા તથા સિદ્ધિગતિ થાય છે.*

# દાનમાં યત્ન કરો...

## ભોજદેવ રાજાની કથા (૫૧)

ગુરુએ શામાં પ્રયત્ન કરવો એ વિષયમાં પહેલા વિદ્યાભ્યાસમાં પ્રયત્ન કરવાની વાત વિક્રમસેન રાજાના દૃષ્ટાન્તથી કરી. પછી સદૌષધથી સાધુવગેરેની વૈયાવચ્ચ કરવાની વાત અરુણાસ્ય કપિરાજના પ્રસંગની બતાવી. હવે આ જ પ્રશ્નઅંગે એકાવનમો ઉત્તર આપતા કહે છે – **દાનમાં ઉદ્યમ કરવો.**

માનવજન્મ પામી ધનમાટે ઉદ્યમ કરનારા પ્રાયઃ બધા છે, વિરલા જ ધર્મમાટે ઉદ્યમ કરે છે. પૈસા ખાતર જીવન બરબાદ કરનારું કોણ નથી ? પુણ્ય ખાતર પૈસો વાપરી સુકૃત કરનારા કોક જ બુદ્ધિમાન છે. **પુણ્ય ખર્ચીને પૈસા મળે એ બુદ્ધિમત્તા નથી, પણ પૈસા ખર્ચીને પુણ્ય મેળવવું એ જ બુદ્ધિમત્તા છે.** પરિગ્રહ કરનારા – અબજોની સંપત્તિ ભેગી કરનારાની ઈર્ષ્યા કે અનુમોદના કરનારા – બંને એના આરંભ સમારંભ અને પરિગ્રહના મોટા પાપની ઈર્ષ્યા-અનુમોદના કરે છે. ને તેથી સ્વયં પણ પાપના મોટા પડિકા બાંધે છે. દાન દેનારાની અનુમોદના કરનારો દાનધર્મની અને તજ્જન્ય પુણ્યની અનુમોદના કરે છે. તેથી એ પણ મોટા પુણ્યનો ભાગી થાય છે.

આમ દાન દેનારો બીજાને પણ પુણ્યમાં ભાગીદાર બનાવે છે.

ઉચિત અવસરે ઉચિત ધનઆદિ આપવા એ દાન છે. દાનથી જ પુણ્ય છે, નહીં કે ધન ભેગું કરવાથી. દાનથી જ સાચી કીર્તિ ફેલાય છે, નહીં કે ધનના પરિગ્રહથી. દાનથી મળતું માન જ ટકાઉ છે, નહિ કે ધનથી મળતું માન. આ જગતમાં પૂર્વકૃત પાપના ઉદયથી રંક-દીન-હીન-અનાથ-અપંગ-અશક્ત થયેલાઓનો આધાર દાનદાતા જ બને છે, ને એમ કરી એ દાતા દાનના બદલામાં દુવા મેળવે છે. કોઇની કકળતી આંતરડી ઠારવાવાળાને કદી આંતરડી કકળે એવા અવસર આવતા જ નથી. હૃદય ધબકે છે એની ખાતરી કાર્ડિયોગ્રામથી નહીં,

બીજાના દુ:ખથી દ્રવી જવાથી થાય છે.

બેંકમાં, શેરમાં, સોનામાં કે જમીનમાં પૈસા રોકી રાખવાથી જે સંભવિત વૃદ્ધિ થાય છે, એ દીન-હીનના આંસુ લુછવાથી જે વૃદ્ધિ થાય એના કરોડમાં ભાગે પણ આવતી નથી. તેથી જ ધનનું શ્રેષ્ઠ રોકાણ દાન છે. ધનની સલામતી દાનથી છે. ધનની શોભા દાનથી છે. ધન હોવાનું ભૂષણ દાન છે. જરુરિયાત કરતાં વધુ ભેગું કરવાના કરેલા ઘોર અપરાધનું પ્રાયશ્ચિત્ત જ છે વંચિતોની આવશ્યકતા પૂરી કરવા આપેલું દાન.

સ્વાર્થ માટે કે સ્ટેટસમાટે પરિગ્રહ કરવો એ અપેક્ષાએ બીજાને તકલીફમાં મૂકવારૂપે હિંસા સમાન છે. દાન એનો ચૂકવેલો દંડ છે. **ભોગસાધનમાં ગયેલું ધન પાપ અને પ્રદૂષણ બંને વધારે છે. પુણ્ય અને પર્યાવરણ બંનેનો નાશ કરે છે.** ઘરમાં એ.સી. આવે એનો અર્થ છે → બીજાઓને જરુરી હવાનું શોષણ અને બીજાને તકલીફ પડે એવી ગરમ હવાનું વિસર્જન !

ધનથી બનાવેલા વિવિધ સગવડવાળા બાથરૂમ એટલે ગરીબોને મળતા પાણીમાં પડતો કાપ. શરીર ઢાંકવા બે કપડા જોઇએ... ઘરમાં કપડાઓના ઢગલા ઊભરાય એટલે ગરીબોને તન ઢાંકવા જરુરી કપડાના ફાફાં... શ્રીમંતોના ઘરે આઇસ્ક્રીમ પાર્ટીનો અર્થ છે, ગરીબોને દૂધ પીવાનો અધિકાર નથી.

ધનના પરિગ્રહથી આવા આવા થતા પાપનું પ્રાયશ્ચિત્ત તો ખરેખર ધનત્યાગ ને અપરિગ્રહ ભાવનો સ્વીકાર જ છે. દાન તો એટલું જ જણાવે છે કે મેં બીજાના અધિકાર પર તરાપ માર્યો હતો, એ મારી ભૂલ હતી... અપરાધ હતો... આ દાન દ્વારા એનો સ્વીકાર કરું છું.

વળી, બીજાની આપત્તિમાં ખભે ખભો મિલાવી ઊભા રહેવાનો ગુણ ને અવસર માત્ર માનવજાતને જ મળે છે. બીજાના આંસુ લૂંછવાની તક માનવભવ સિવાય બીજે ક્યાં મળવાની ? અનુકંપા તો સમ્યક્ત્વનું લક્ષણ છે.

ઘણાને પાનનું, તંબાકુનું, ગુટખાનું, શરાબનું વગેરેનું વ્યસન હોય છે. એમાં એ ઘણા રૂપિયા ઉડાવી દઇ ધનને કલંકિત કરે છે. શરીરનો નાશ કરે છે. ઘર-પરિવારમાં ચિંતા ઊભી કરાવે છે. એના બદલે જો વ્યસન-ટેવ-આદત પાડવી

જ હોય, તો દાનની પાડવા જેવી છે. માંગવા આવેલો ખાલી હાથે જાય નહીં !

માનવભવના સમયો રૂપી ખેતર આ રીતે સતત દાન રૂપે બીજવાવણીમાં જાય, તો ભવિષ્યમાં ક્યારેય પુણ્યની કચાશ નડે નહીં. સૌભાગ્યનો પાક સતત મળ્યા જ કરે. દાનની ટેવવાળો દાનનો અવસર આવ્યો ન હોય, તો પોતાની સદ્‌બુદ્ધિથી અવસર શોધી લઇ દાન આપતો જ રહે છે.

આ બાબતમાં **ભોજદેવ** નામના રાજાની કથા છે -

આ **જંબૂદ્વીપ**ના આ ભારતમાં **માલવદેશ**-માલવરાજ્ય હતું. ત્યાં **ધારા** નામની રાજધાની હતી. આ નગરના ભવન-દુકાનવગેરે જોનારા પરદેશીઓ એ પછી બીજા નગરના ભવન-દુકાનવગેરેને ઝૂંપડી જેવા પણ ગણતા હતા નહીં. આ નગરમાં **ભોજદેવ** (પ્રસિદ્ધ નામ ભોજ) રાજા રાજ્ય કરતા હતા. આ રાજા મહા પરાક્રમી હતા. દુશ્મનોના મસ્તકના લોહીથી માનો કે તલવાર હંમેશા લાલ રહેતી હતી.

બીજી બાજુ આ રાજા સંસ્કૃતના સારા જાણકાર કવિ હતા. વિદ્યા વિલાસી હતા. એમની રાજસભામાં મોટા-મોટા કવિઓને આશરો મળ્યો હતો.

માનો કે આ કાવ્યસંગના પ્રભાવે જ એમનું હૃદય અત્યંત દયાર્દ્ર હતું... ગરીબોના બેલી તરીકે એમની પ્રસિદ્ધિ હતી. આજના નેતાઓ ગરીબી હટાવવાની માત્ર વાતો જ કરે છે ને એક બાજુ ભ્રષ્ટાચાર કરી ને બીજી બાજુ કરભારો વધારી મોંઘવારી એવી વધારી દે છે કે એમ લાગે છે કે બિચારા ગરીબો જ હટી જશે !

પણ ભોજરાજા એવી કોઇ જાહેરાત વિના ખરેખર ગરીબી હટાવવા મેદાને ઉતર્યા હતા. પોતાના રાજ્યમાં ભલે બધા ભૂખ્યા ઉઠે, પણ કોઇ ભૂખ્યો સૂવો જોઇએ નહીં. આ એમની નેમ હતી. તેથી જુદા-જુદા નિમિત્તે તેઓ સતત દાન કરતા રહેતા હતા. એમના દાનનો પ્રવાહ એવો અવિરત હતો કે યાચકો લઇ-લઇને થાકી ગયા હતા. તેથી હવે કોઇ યાચક ફરકતું જ હતું નહીં.

પણ ભોજદેવને તો દાન વિના ચાલે એમ હતું નહીં. તેથી હવે તેઓ રાતે વેશપલટો કરી નગરચર્યાએ નીકળવા માંડ્યાં. કોઇ ખાનદાન વ્યક્તિ આપત્તિમાં હોય પણ યાચનાથી શરમાતી હોય, તો એની ખબર પડી શકે ને એની લાજ

જળવાયેલી રહે એ રીતે મદદ પણ થઇ શકે. આ એક કારણ હતું. એ સિવાય પણ નગરમાં બધા સલામત તો છે ને ! ચોર વગેરેનો ભય તો નથી ને, એ જાણવાની પણ ઇચ્છા એમાં અંતર્ગત હતી.

આવા આશયથી એકવાર મહા મહીનાની ભારે ઠંડીમાં રાજા નગરચર્યાએ નીકળ્યા. કોઇ ગરીબ-અનાથ ટાઢથી મુશ્કેલીમાં તો નથી ને એ જ તપાસવું હતું. જો કે અત્યારના કાળમાં આ બધી વાત કાલ્પનિક લાગે. ભૂતકાળની કબરમાં દટાઇ ગયેલી આવી ભવ્ય વાતો આજે કહેવામાં પણ હાસ્યાસ્પદ ઠરીએ.

ભોજદેવ તો ફરતા ફરતા એક સ્થળે એક દેવકુલિકા પાસેથી પસાર થઇ રહ્યા હતા. પોતે એવા કાળા કપડા વીંટાળ્યા હતા કે કોઇને ખબર પણ પડે નહીં! અચાનક અંદરથી એક પુરુષના શ્લોકાત્મકરૂપે બોલાયેલા શબ્દો કાને અથડાયા. જેનો તાત્પર્યાર્થ એવો હતો - ઠંડીથી વ્યાપ્ત થયેલા, ભૂખની પીડારૂપ સાગરમાં ડૂબતા, દેવકુળ વગેરેના અગ્નિ વિનાના, ફાટી ગયેલા હોઠવાળા, ખાલી ખમ પેટવાળા એવા મારાથી નિદ્રા અપમાન પામેલી પત્નીની જેમ ક્યાંક દૂર ભાગી ગઇ છે. તેથી જ શુભ પાત્રમાં આવેલી લક્ષ્મીની જેમ આ રાત પણ પૂરી થતી નથી.

એટલે કે જેમ શુભપાત્રમાં દાન કરવાથી ઉત્પન્ન થયેલા પુણ્યથી મળેલી લક્ષ્મી કદી ખૂટતી નથી. તેમ ઉંઘ વેરણ થવાથી આ રાત પણ જાણે કે પૂરી જ થતી નથી. - આમે મહા મહીનામાં રાત લાંબી હોય છે. એમાં પણ પીડા વખતે એની પ્રત્યેક પળ વધુ દીર્ઘ લાગે છે.

આ સાંભળી દેવકુળને યાદ રાખી રાજા તરત જ પોતાના મહેલે પાછા ફર્યા. રાજાએ વિચાર્યું - આ કોઇ ઠંડીથી થરથરતો અને ભૂખ્યો હોવાથી ગરીબાઇથી પીડાતો માણસ હોવો જોઇએ. સવારે મારે એને બોલાવી એની પરિસ્થિતિ જાણી એના દુઃખો દૂર કરવા જ રહ્યા. એ વિના મને ચેન નહીં પડે.

બીજે દિવસે સવારે સૂર્યોદય થતાં જ રાજા સભામંડપમાં પહોંચી ગયા. અધિકારી વર્ગ વગેરે પણ હાજર થઇ ગયો. એ વખતે રાજાએ દેવકુળની ઓળખ આપી નોકરને ત્યાં રહેલા માણસને બોલાવવા મોકલ્યો. ત્યાં એક બ્રાહ્મણ

હતો. રાજાએ એ બ્રાહ્મણ આગળ એ જ શ્લોક બોલી સંભળાવ્યો, જે રાતે એ બ્રાહ્મણ બોલ્યો હતો.

આ શ્લોક સાંભળી બ્રાહ્મણ ચોંક્યો. રાજા મારો શ્લોક સાંભળી ગયા? ને સાંભળીને યાદ પણ રાખી લીધો !! રાજાએ ગજબ કરી.

પછી રાજાએ પૂછ્યું - હે વિપ્રવર ! તમે આ કાતિલ ઠંડી કેવી રીતે સહન કરો છો ? વિપ્રવરે કહ્યું - જાનુભાનુકૃશાનુથી. રાજાએ વિસ્મિત થઇ પૂછ્યું- આ ત્રણનું શું તાત્પર્ય છે ? બ્રાહ્મણે કહ્યું - વસ્ત્રોથી ઠંડી રોકાય છે. માની લો કે મારે માટે આ ત્રણ વસ્ત્ર હતા. એમાં રાતે જાનુ એટલે ઘુંટણ. મેં મારું શરીર બે ઘુંટણની વચ્ચે દબાવી દીધું. એ ગરમીથી રાત કાઢી. દિવસે ભાનુ=સૂર્યના તડકાથી ઠંડી ઉડી ગઇ. એ પહેલાની સવારે ને સાંજે કૃશાનુ=અગ્નિનું તાપણું લઇ ઠંડી દૂર કરી.

રાજા પણ બ્રાહ્મણની કવિત્વ શક્તિથી પ્રસન્ન થયા. તેથી એ બ્રાહ્મણને ૩ લાખ સોનામહોર દાનમાં આપ્યા. બ્રાહ્મણે પ્રસન્નતાથી આશીર્વાદ આપ્યા. રાજાના દાન રૂપી સિંહથી પોતાની ગરીબી રૂપ હાથીના પરાભવથી પ્રસન્ન થયેલા બ્રાહ્મણે રાજાને કહ્યું - હે રાજન્ ! તમે પોતાને ત્યાગ-દાનના રસ્તે સ્થાપીને બલિ-કર્ણ વગેરેને સજ્જનોના ચિત્ત રૂપી કેદખાનામાંથી મુક્ત કર્યા. તાત્પર્ય :- હવે લોકો દાનવીર તરીકે બલિ ને કે કર્ણ ને યાદ રાખવાના બદલે તમને યાદ રાખશે.

એ બ્રાહ્મણ આનંદથી પોતાને સ્થાને રવાના થયો. આ રીતે વિવિધ પ્રકારે દાન આપી ભોજ રાજાએ પોતાની કીર્તિ ચારે તરફ ફેલાવી. ઘણાના આશીર્વાદ ને ઘણાની અનુમોદનાના ભાજન થયા.

આમ ભોજ રાજાનું ચરિત્ર સાંભળી ભવ્ય જીવોએ દાન ધર્મમાટે સતત ઉદ્યમશીલ રહેવું જોઇએ.

આ રીતે સુડતાલીશમાં પ્રશ્નપર એકાવનમો ઉત્તર પૂર્ણ થયો.

# દુર્જનોની અવજ્ઞા કરવી..

## ધર્મબુદ્ધિ શેઠની કથા (૫૨)

વિદ્યાઅભ્યાસ, ઔષધથી સાધુવૈયાવચ્ચ અને દાન આ ત્રણ અંગે પ્રયત્ન કરવાના વિષયમાં ક્રમશઃ વિક્રમસેન રાજાની, અરુણાસ્ય નામના વાનરરાજની અને ભોજદેવ રાજાની કથા ગુરુભગવંતે બતાવી. તેથી સંતુષ્ટ થયેલા શિષ્યે અડતાલીશમો પ્રશ્ન પૂછ્યો - **કોના અંગે - કોના પર અવજ્ઞા-ઉપેક્ષા-તિરસ્કાર કરવો ?**

અહીં ગુરુદેવ બાવન-ત્રેપ્પન-ચોપ્પનમાં જવાબરૂપે ત્રણના તિરસ્કારની વાત કરે છે. **(૧) દુર્જનનો (૨) પરસ્ત્રીનો અને (૩) પરધનનો તિરસ્કાર કરવો.**

ઘણા ભિખારીઓનો તિરસ્કાર કરે છે. ભિખારીઓ તિરસ્કારપાત્ર નથી, દયાપાત્ર છે. બિચારો મનુષ્યતરીકે ઘણી રીતે સક્ષમ હોવા છતાં પોતાનું પેટ ભરી શકે એટલું કમાવા પણ સક્ષમ નથી ! કેવી કર્મની કઠિણાઇ ! **પૂર્વભવનો કંજુસ પ્રાયઃ બીજા ભવમાં ભિખારી થાય છે. કંજુસ તરીકે કશું છોડ્યું નહીં, અહીં રાખવામાટે પણ કશું મળતું નથી.**

ઘણા ધનવાનોનો તિરસ્કાર કરે છે કે આ બધા બીજાનું લોહી ચૂસી તાગડધિન્ના કરે છે... પણ એમનો પણ તિરસ્કાર કરવા જેવો નથી, એ જે કાંઇ કરે છે, એ કર્મના પ્રભાવે કરે છે... તેઓ એ રીતે દયાપાત્ર છે કે અહીં પુણ્યની જમારાશિ ફાલતું માટે ખતમ કરે છે ને પરભવમાટે પાપરાશિ જમા કર્યે જાય છે.

ઘણા દેવ-ગુરુ-ધર્મનો તિરસ્કાર કરે છે. અહીં તિરસ્કાર કરનારો દયાપાત્ર છે, કારણ કે એ આ રીતે કરી પોતાના અનંત ભવિષ્ય કાળને દુઃખમય બનાવી રહ્યો છે. ગોશાળાની ભૂમિકા પામેલા એ બધા અનંત કાળ વિવિધ વેદનાઓ કેવી રીતે ભોગવશે ?

ઘણા અહંકારને વશ થઇ માતા-પિતા-સજ્જન વગેરેનો - એમની સલાહનો તિરસ્કાર કરે છે, ને પછી અનેકાનેક કડવા અનુભવોના ખાડે પડે છે. એ પણ દયાપાત્ર છે.

પણ ખરેખર જો તિરસ્કાર કરવો હોય, તો દુર્જનોની દુર્જનતાનો કરવો જોઇએ. દેખાવમાં ઉદારતા વગેરે ગુણોથી છલકાતા લાગતા તેઓ સજ્જનનું, ન્યાયનિષ્ઠાનું, સતીનું મોહરું પહેરી બીજાઓ સાથે કપટ આચરે છે. તેઓની બુદ્ધિ બીજાઓને ઠગવામાં જ વપરાતી હોય છે. તેમની મધ લીપેલી જીભ બીજાને છેતરવામાં ને સજ્જનો વગેરેની નિંદામાં જ અટવાયેલી રહે છે. બીજાના દોષો-ખામી-ભૂલો-છિદ્રો જોવામાં જ વ્યસ્ત તેઓ મોકો જોઇને બીજાને શીશામાં ઉતારવાનો, બીજાને બ્લેકમેલ કરવાનો, બીજાને ઉતારી પાડવાનો એકમાત્ર ધંધો લઇને બેઠા હોય છે.

તેઓ ભલા સજ્જનોને ભોળા માની લઇ પોતાની દુર્બુદ્ધિથી ઠગવાની ચેષ્ટા કરે છે. એમ કહેવાય છે કે - સજ્જનોને એક જ જીભ છે. (તેઓ પોતાની વાત બદલતા નથી.) સાપને બે જીભ હોય છે. ચાર મુખવાળા મનાયેલા વિધાતાને ચાર જીભ છે. સૂર્યને સાત જીભ છે, કાર્તિકેયને છ જીભ છે, રાવણને દસ જીભ છે, શેષ નાગને બે હજાર જીભ છે... પણ દુર્જનોના મોંમાં તો લાખ, કરોડ કોણ જાણે કેટલી જીભ છે ?

એટલે કે તેઓના વચન વિશ્વાસપાત્ર નથી. જૂઠ બહાદુર તેઓની વાતમાં આવી જનારા ધન-માન બધું જ ગુમાવી દે છે. સજ્જનના હવામાં લખાયેલા અક્ષરો પણ કાયમી છે. તેઓ બદલતા નથી. દુર્જન તો પોતે આરસ પર કોતરેલા વચનમાટે પણ કહી દે છે - મેં આવું કહેલું - લખેલું છે જ નહીં.

આવા દુર્જનનો સત્કાર નહીં, તિરસ્કાર કરવાથી બીજાઓ સાવધાન થાય છે ને કદાચ સદ્બુદ્ધિ આવે તો એ દુર્જન સુધરી જાય છે. **દુર્જનને ઉઘાડા નહીં પાડતો સજ્જન દુર્જનને બીજાને ઠગવાના કાર્યમાં છૂપો સાથ આપી રહ્યો છે.** તેથી તો ખાસ સજ્જને દુર્જનને ખુલ્લો પાડવો જોઇએ. એની અવજ્ઞા કરવી જોઇએ. અહીં **ધર્મબુદ્ધિની** કથા છે.

આ **જંબૂદ્વીપના** આ ભારત દેશમાં 'જંગલ' નામનું માનવવસ્તીવાળું ગામ હતું. સુકૃતો રૂપી સુંદર વૃક્ષોથી શોભતા આ જંગલમાં રહેવું પણ મંગલકારી હતું. અહીં **ધર્મબુદ્ધિ** નામના પોતાના નામને સાર્થક કરતા શેઠ રહેતા હતા. એ શેઠને એવી દૃઢ શ્રદ્ધા હતી કે 'વિવિધ પ્રકારના અસંખ્ય ને અનંત સુખો રૂપી કમળને વિકસિત કરવા માટે જૈનધર્મ જ સૂર્ય સમાન છે. એટલે કે જૈન ધર્મના અનુષ્ઠાન-આચારો-માર્ગ જ તમામ સુખ-સગવડ-સુવિધા વગેરેના કારણભૂત છે. બીજા ધર્મો ગ્રહ-નક્ષત્ર-તારા જેવા છે.'

એ જ ગામમાં ધર્મબુદ્ધિથી બરાબર વિપરીત બુદ્ધિ-સ્વભાવ ધરાવતા બીજા એક શેઠ રહેતા હતા... એના વ્યવહાર વગેરે જોઇ લોકો એને **પાપબુદ્ધિ** તરીકે બોલાવતા હતા. એ કપટ ચતુર હતો... મીઠાબોલા એના મનમાં બીજાને છેતરવાની વિચારણા સતત ચાલતી રહેતી હતી.

એણે એક વાર ધર્મબુદ્ધિ શેઠને લપેટમાં લીધા... શેઠ ! ચાલો દેશાન્તર જઇએ. અહીં કંઇ કમાણી વધશે નહીં. જેટલી મહેનત કરી દેશાંતરમાં કમાણી કરીશું, એટલી મહેનતથી અહીં એથી સોમા ભાગનું પણ મળતું નથી. ધન હશે તો પરિવાર રાજી થશે, ભોગો ભોગવવાની સુવિધા રહેશે ને ધારેલા સુકૃત-દાન આદિ ધર્મ કરી શકીશું - કીર્તિ પણ મેળવી શકીશું. જે ફરે તે ચરે. દુનિયા પણ જોવાશે. બેનો સાથ રહેશે, તો સુખ-દુઃખમાં સાથ રહેશે. જે કમાઇશું, તે અડધું-અડધું કરી વહેંચી લઇશું.

ધર્મબુદ્ધિ ધર્મથી ભાવિત હતા. તેથી જ સરળ હતા. તેથી જ તેઓ બીજાને પણ સરળ માની લેતા હતા. ધર્મબુદ્ધિ શેઠ વિવિધ સુકૃતોના શોખીન હતા. તેથી વિચાર્યું કે જો ધનની છૂટ રહેશે, તો સુકૃતો કરવાની મજા આવશે. થોડો સમય પોતીકું ગામ-નગર છોડી દેશાંતરમાં રહેવાનું કષ્ટ ઉઠાવવું પડશે. પણ પછી જિંદગીભર શાંતિથી ધર્મ કરી શકીશ. પૂજા-સામાયિક-સંઘકાર્ય વગેરેમાં પૂરતો સમય ફાળવી શકીશ. કષ્ટ વિના સિદ્ધિ ક્યાંથી ?

તેથી ધર્મબુદ્ધિ શેઠ પણ પાપબુદ્ધિ સાથે પરદેશ જવા તૈયાર થઇ ગયા. જાણે કે હંસ-બગલાની જોડી જામી. એ બંને સાથે પરદેશ ગયા. સાથે પુરુષાર્થ

કર્યો. ધર્મબુદ્ધિની સજ્જનતાથી આકર્ષાયેલા લોકો પાપબુદ્ધિની વાચાળતાના પ્રભાવે ઘરાક થઇ ગયા. બંનેને સારી કમાણી થઇ.

પહેલેથી જ ધર્મબુદ્ધિએ નક્કી કરાવેલું કે આટલા સમયથી વધુ સમય પરદેશમાં રહીશું નહીં. મોટા લાડવાના લોભમાં ઘર-પરિવાર-વડીલો-ધર્મ સંસ્કાર-સંસ્કૃતિ વગેરેથી લાંબા કાળ સુધી અલગ રહેવામાં આ બધું ગુમાવવાના મોટા નુકસાન છે. **પૈસો સાધન છે, સર્વસ્વ નથી.**

તેથી જ દેશાંતરમાં સારી-મોટી કમાણી-ધીખતી કમાણી થતી હોવા છતાં બંને ઉચિત સમયે ત્યાંનો ધંધો સમેટી લઇ પોતાના ગામ તરફ પાછા જવા નીકળ્યા. **ખરેખર ધર્મરુચિ જ મોટી મોટી કમાણીના લોભમાં વ્યર્થ વહી જતાં સમયને ત્યાંથી ધર્મ માર્ગ તરફ વાળવા સમર્થ છે.**

બંનેએ ગામ તરફ આવતા ગામ બહાર જ એક વિશાળ પીપળાનું ઝાડ જોયું. અનેક પંખીઓનો આશરો બનતા આ ઝાડને જોઇ બંનેએ વિચાર્યું- આપણે ખૂબ-ઘણું ધન કમાયા છીએ, તો એમાંથી કેટલુંક અહીં દાટી દઇએ.

અલબત્ત આ વિચાર પાપબુદ્ધિને સ્ફુર્યો હતો. સહજ જ પાપ તરફ જતી એની બુદ્ધિને ધનના લોભે એ તરફ ધક્કો લગાવ્યો હતો. એણે મનમાં એવી યોજના બનાવી હતી કે - આ ધન તો મારી મહેનતનું છે. આ કમાવામાં મુખ્ય મહેનત મારી હતી. મારી બોલવાની કળાથી વશ થતાં ઘરાકો માલ લઇ કમાણી કરાવતા હતા. વળી પરદેશ જઇ ધન કમાવવાની વાત પણ મેં મૂકી હતી.

મારે તો હજી ત્યાં ઘણી કમાણી કરવી હતી. ધંધો કેવો સરસ જામી ગયો હતો! પણ આ મૂરખને સાથે લીધો એમાં ધંધો સમેટી અહીં પાછા આવવું પડ્યું. આમાં મેં જે કમાણી ગૂમાવી તે મારે મેળવવી જ રહી. ધર્મબુદ્ધિ સાથે આવ્યો હતો, તેથી ભલે થોડુંક ધન લઇ ઘરે જાય. બાકીનું જો દાટી દે, તો હું પછી ખાનગીમાં આવી બધું મારે હવાલે કરી લઉં! આમ આના કારણે મને થયેલું નુકસાન કાંક ભરપાઇ થઇ જાય.

આ મુદ્દાથી પાપબુદ્ધિએ પીપળ નીચે મોટે ભાગનું ધન દાટી દેવાની

વાત કરી... ત્યારે સરળબુદ્ધિના ધર્મબુદ્ધિએ પોતાની રીતે વિચાર્યું - આની વાત સાચી છે. આટલું બધું ધન એકસાથે ઘરે લઇ જઇશ, તો ઘરના લોકો ધનના ગુમાનમાં ફસાઇ જશે. જરુરિયાતથી ઘણું વધુ જોઇ આકર્ષક પણ તદ્દન બિનઉપયોગી વધારાની ચીજોથી ઘર ભરી દેશે... ભોગો રૂપ પાપમાર્ગે ઉડાવી દેશે. ધન ઘણું હોવાના નામે હું રોકી પણ શકીશ નહીં. પછી ધર્મ આદિ કાર્યમાટે જરુરત ઊભી થશે ત્યારે હાથ સાંકડા થઇ જશે - બંધાઇ જશે. મેં ભવિષ્યમાં ધનથી સારા સુકૃતો થઇ શકે અને જીવન ધર્મમય વીતી શકે એ આશયથી પરદેશ જઇ ધનકમાણી કરી... પણ મારા આ આશયને મારો પરિવાર સામે ધન જોયા પછી સમજી-સ્વીકારી શકશે ખરો ?

આમ ધનકમાણી માટે મારું પુણ્ય ખર્ચાઇ ગયા પછી એ જ ધનથી તેઓ પાપ કરશે-પોતાની મોટી-ખોટી ઇચ્છાઓ પૂરી કરશે, આમ હું પણ ભેગો પાપનો ભાગી થઇશ. વળી આટલું ધન જોઇને રાજાની નજર બગડશે. ચોરોને ખબર પડશે તો ચોરીનો ભય ઊભો થશે. સ્વજનો જાણશે તો એમને આશાઓ જાગશે. તેથી થોડુંક ધન સાથે લઇ જાઉં, બાકીનું ભલે અહીં રહ્યું. આ મારો મિત્ર પણ પોતાના ભાગનું ધન સાથે રાખી રહ્યો છે, તેથી શંકાનું કોઇ સ્થાન નથી.

તેથી ધર્મબુદ્ધિ પણ પાપબુદ્ધિની વાતમાં સંમત થયો. બંનેએ એ પ્રમાણે કર્યું. બાકીનું ધન ઘરે લઇ ગયા. ધન વિશેષ નહીં જોવાથી પરિવારે 'તમે હેમખેમ આવી ગયા - એ સારું કર્યું' એમ કહી સાચા દિલે એમનો સત્કાર કર્યો ને મિલનનો આનંદ માણ્યો.

ઘણા વખતે સ્વજનો સાથે થયેલા મિલનનો આનંદ માણવામાં ધર્મબુદ્ધિના થોડા દિવસ વીતી ગયા. પણ ત્યાં સુધીમાં પાપબુદ્ધિએ માનવ તરીકેના ગણાતા સૌથી ઉત્તમ અવતારમાં સૌથી મોટી ગણાતી વિશ્વાસઘાત નામની અધમતાનો આશ્રય લઇ એ ઝાડ નીચે દાટેલું બધું ધન પોતાના ઘર ભેગું કરી લઇ લોકો તરફથી મળેલા નામને સાર્થક કર્યું.

પછી થોડા વખત પછી પાપબુદ્ધિએ જ સામેથી ધર્મબુદ્ધિને કહ્યું -

ચાલો ! આપણે હવે પેલું ધન લઇ ભાગ પાડી પોત-પોતાના ઘરે લઇ જઇએ. ધર્મબુદ્ધિએ એ બાબતમાં સંમતિ આપી.

બંને પીપળ ઝાડપાસે ગયા. ત્યાં જ્યાં ધન દાટેલું, ત્યાં ખોદવા પર ધૂળ-માટી-ઢેફા સિવાય કશું નીકળ્યું નહીં. **સમય સંઘરી શકાતો નથી ને સંઘરેલી સંપત્તિ સંઘરાયેલી રહેતી નથી.** ધન દાટતી વખતે આ બે સિવાય ત્રીજું કોઇ ત્યાં હતું નહીં. દાટ્યા પછી કરેલી ચોક્કસ નિશાની આ બંને સિવાય બીજું કોઇ જાણતું હતું નહીં.

તેથી આવા અવસરે ધન ચોરાઇ જવા અંગે પહેલી શંકા પરસ્પરઅંગે જ થઇ શકે. એમાં જે ખરેખર ચોર હોય, એને પોતાની ચોરી પકડાઇ જવાનો ડર હોય. તેથી એ પહેલેથી જ પોતાની સફાઇ બતાવવા જરુરિયાત કરતાં વધુ સાવધાન થઇ જાય. એના ચહેરા પર સહજ ભાવના શોક-દુઃખના સ્થાને અભિનયના ભાવ ઊભરાઇ જાય, જે અસહજ હોવાથી જ હોંશિયાર માણસ હકીકત જાણી જાય છે.

અહીં પણ ધર્મબુદ્ધિના હૃદયમાં વિશ્વાસભાવ ઊભો કરાવવા પાપ બુદ્ધિએ ખોદવા છતાં ધન નહીં નીકળવાપર જાણે કે જબરદસ્ત આઘાત લાગ્યો હોય એમ છાતી કૂટવા માંડી અને મોટા સ્વરે વિલાપ કરવા માંડ્યો - હે ભાઇ ! જે કોઇએ આપણું ધન ચોર્યું હશે, એણે તો મારા પ્રાણ કરી લીધા છે, કારણ આપણા માટે ધન જ અગ્યારમો પ્રાણ ગણાય છે. તો હવે આપણે શું કરીશું ? કોની આગળ પોકાર કરીશું ? જ્યાં આપણું ભાગ્ય જ પરવારી ગયું હોય, ત્યાં હવે કોને ઠપકો આપીશું ?

**સાધુ માટે સ્વાધ્યાય ને ભક્ત માટે પ્રભુ ભક્તિ અગ્યારમા પ્રાણ સમાન છે,** પણ ધનલોભી સંસારી માટે તો ધન અગ્યારમો પ્રાણ ગણાય કે જેના નાશમાં એના બાકીના દસ પ્રાણ પણ જતા રહે છે. વળી, જ્યારે ભાગ્ય રુઠે છે, ત્યારે કોઇની પણ આગળ ફરિયાદ કરો, કામ સરતું નથી. પણ પાપબુદ્ધિના મોઢે આ બધી વાતો શોભતી નથી, કારણ કે એ પોતે જ ચોર હતો.

ધર્મબુદ્ધિ પણ ધન ચોરાવાથી સ્તબ્ધ થયો હતો.... જોકે એ પ્રમાણમાં

સ્વસ્થ હતો, કારણ કે ધનના જનારા સ્વભાવને, લક્ષ્મીની ચંચળતાને એ જિનવચનના પ્રમાણથી જાણતો હતો. ધન જવાથી સુકૃતની મજા જતી રહેશે એ વાતે એ દુઃખી હતો. જે ધન માટે માનવ ભવના ધર્મ સાધવામાટેના મહા મૂલ્ય સમય બરબાદ કર્યા, એ ધન પણ ટક્યું નહીં. આમ જાત ધર્મલાભથી વંચિત રહી એ વાતે એને શોક લાગ્યો હતો. જોકે એ પાપબુદ્ધિની ચેષ્ટાથી સમજી ગયો કે આ વધુ પડતો અભિનય કરે છે, તેથી આના પેટમાં પાપ છે. ચોરી એણે જ કરી છે.

તેથી ધર્મબુદ્ધિએ જઇને ગામ માલિક આગળ બધી વાત કરીને ફરીયાદ કરી ને શંકાની સોય પાપબુદ્ધિપર તાંકી.

તેથી ગ્રામમાલિકે પાપબુદ્ધિને બોલાવી પૂછપરછ કરી. પાપબુદ્ધિએ એમની વાત સાંભળી પોતાને ચોક્ખો સાબિત કરવા કહ્યું – હે ગ્રામેશ ! જે ધન ચોરાયું, એમાં અડધું મારું પણ હતું... એ સંશય વિનાની વાત છે. પણ હું મિત્રદ્રોહનું પાપ કરું એમાંનો નથી. મેં એ ધન ચોર્યું નથી... તેથી આ બાબતમાં મારો આ મિત્ર ભ્રમમાં છે. અથવા એણે જ પોતાની ચોરી પકડાય નહીં એમાટે મારાપર આક્ષેપ કર્યો છે, કારણ કે આ ધન અંગેની વાત અમારા બે સિવાય બીજું કોઇ જાણતું નથી.

મને એના પર ચોરીની શંકા પડી હોવા છતાં 'મિત્રને જાહેરમાં ચોર ઠેરવવો ઉચિત નથી' એમ માની મેં ફરિયાદ નોંધાવી નહીં તો હવે આ મારા ગળે પડે છે. તેથી હવે તો પરીક્ષા ભલે થઇ જાય. હું એ જ વૃક્ષને સાક્ષી બનાવીશ. એ વૃક્ષ જ જવાબ આપશે કે આ બાબતમાં કોણ ચોર છે ? મને વિશ્વાસ છે કે એ વૃક્ષ જ કહેશે કે ધન પાપબુદ્ધિએ નહીં, પણ ધર્મબુદ્ધિએ જ લીધું છે.

હવે મારે પણ કડક થવાનો અવસર આવ્યો છે. મિત્રતાને આગળ કરી મેં ધર્મબુદ્ધિ ધન લઇને જતો રહેવા છતાં એને જતો કર્યો. તો એણે મારાપર જ આક્ષેપ કર્યો. તેથી હવે તો જે ખોટો પડે – જે ચોર સાબિત થાય, એણે બીજાને અડધો ભાગ તો આપવાનો જ, ઉપરાંતમાં ૧૦૦૦ રૂપિયાનો દંડ પણ ભરવો પડશે.

ગામમાલિકે બંનેની વાતોમાં અલગ અલગ સાક્ષી રાખી બંનેને પોત-પોતાના સ્થાને જવાની રજા આપી. 'બીજે દિવસે અમૂક સમયે એ ઝાડપાસે જઇશું' એવો નિર્ણય પણ જણાવ્યો. ધર્મબુદ્ધિનું તો હૃદય સ્વચ્છ હતું, તેથી એ તો નિરાંતમાં હતો. પણ પાપબુદ્ધિ ઉચાટમાં હતો. એણે પોતાના પાપમાં પિતાને પણ ભેળવવા પિતાને કહ્યું - હે પિતાજી ! આવી આવી હકીકત થઇ છે. મેં જે ધનથી તમારા ને પરિવારની જવાબદારી નિભાવી છે ને ઇચ્છા પૂરી કરી છે, એ ધન આ રીતે આવ્યું છે. હવે એ ધનને અને મને બચાવવા તમારે કાલે એ વૃક્ષના કોટરમાં છૂપાવાનું છે, ને પૂછવા પર આવા પ્રકારનો જવાબ આપવાનો છે.

ચોરપુત્રના સંગથી ને ચોરીના ધનથી બનેલું ભોજન આરોગવાથી બુદ્ધિ ભ્રષ્ટ થયેલા પિતાજીએ પણ આ પાપકાર્યમાં સાથમાટે સંમતિ આપી. એ પોતે બીજા દિવસે થોડા વહેલા જઇ કોટરમાં છૂપાઇ ગયા ને આગળ-પાછળ પાંદડા-ડાળખા વગેરે મૂકી પોતાને ઢાંકી દીધા.

પછી ધર્મબુદ્ધિ પાપબુદ્ધિ અને ગ્રામેશ સાથે ત્યાં આવ્યો. લોકો પણ તમાશો જોવાના આશયથી ત્યાં આવ્યા. પછી પાપબુદ્ધિએ એ વૃક્ષને અંજલિબદ્ધ હાથ જોડી વિનંતીના સ્વરમાં કહ્યું - હે પીપળ ! તારા માટે વેદવચન છે કે એક પીપળને છોડી બાકીના વૃક્ષોને વાવવાથી ને પાણીથી સિંચવાથી સર્યું, કારણ કે એક પીપળ જ સિંચન કરવાપર નરકે જતાં રોકે છે અને પોતાના સ્પર્શમાત્રથી દુરિતોનો નાશ કરે છે. આમ તું જ બધા વૃક્ષોમાં એકમાત્ર પાપ-વિઘ્નનિવારક છે. તેથી જો મેં ધન ચોર્યું હોય, તો જવાબ આપીશ નહીં. પણ જો મેં ચોર્યું નથી, તો સ્પષ્ટ કહેજે કે આ પાપબુદ્ધિએ ધન ચોર્યું નથી.

આમ જ્યાં પાપબુદ્ધિએ કહ્યું, ત્યાં જ કોટરમાંથી અવાજ આવ્યો. 'આ પાપબુદ્ધિએ ધન ચોર્યું નથી.' આ સાંભળી પાપબુદ્ધિ ખુશ થયો. ગામમાલિક અને લોકો વૃક્ષમાંથી આ રીતે માનવીય ભાષામાં જવાબ આવ્યો જાણી આશ્ચર્ય-ચકિત થયા. પણ ધર્મબુદ્ધિ ભલો હોવા છતાં ભોળો ન હોતો. એને લાગ્યું - હવે અહીં મૌન રહેવામાં મજા નથી, સીધા રહેવામાં સાર નથી. આ દુષ્ટ-દુર્જનની દુર્જનતા તિરસ્કારપાત્ર છે, ઉપેક્ષાપાત્ર નથી. ભલે એ ઉઘાડી પડે.

તેથી જ આ અવાજ સાંભળી તત્કાલમાં થયેલી સ્ફુરણાના આધારે ધર્મબુદ્ધિએ ગામમાલિકને કહ્યું - ગામનાયક ! જુઓ ! જુઓ ! આ પાપીએ કેવું કપટનાટક આચર્યું ? શું તેવી ચેતનાશક્તિ વિનાનું વૃક્ષ આ રીતે બોલી શકે ખરા ? તેથી કહું છું, આ અવાજ વૃક્ષનો કે વૃક્ષાધિષ્ઠિત કોઇ દેવનો નથી, પણ આ જ વૃક્ષના કોટરમાં છૂપાયેલા મનુષ્યનો છે, ને એ મનુષ્ય બીજું કોઇ નથી, પણ પાપબુદ્ધિના પિતા છે, કારણ કે મેં પૂર્વે પણ એમનો અવાજ સાંભળ્યો છે. આજનો અવાજ બરાબર મળતો આવે છે.

તેથી જ ખાતરી કરવા આપણે આ વૃક્ષની આ કોટરમાં સળગતા અંગારા નાખીએ. જો એના પિતા છૂપાયા હશે, તો અંગારાથી દાઝેલા તે શીઘ્ર બહાર આવશે. ને મને ખાતરી છે કે તેઓ જ છૂપાયા હોવાથી અવશ્ય બહાર આવશે.

ગામનાયક આ બાબતમાં કોઇ નિર્ણય જાહેર કરે એ પહેલા જ કોટરમાં છૂપાયેલા પાપબુદ્ધિના પિતાએ ધર્મબુદ્ધિની વાત સાંભળી વિચાર્યું - જાય... જાય... ભલે ધન જાય, પણ જીવન જાય તે ચાલે નહીં. ગયેલું ધન તો પાછું આવે છે, પણ ગયેલું જીવન પાછું આવતું નથી. તેથી આ લોકો સળગતા અંગારા નાખી સળગાવે એ પહેલા જ બહાર નીકળી જવામાં ડહાપણ છે, કારણ કે જીવતો નર જ કલ્યાણ પામે છે.

આમ વિચારી એ વૃદ્ધ પુરુષે કોટરમાંથી બહાર નીકળવા કૂદકો લગાવ્યો, એને જમીનપર પડેલો જોઇ પાપબુદ્ધિનું મોં કાળું થયું. ધર્મબુદ્ધિ ખુશ થયો, લોકો અને ગામમાલિક આને જોઇને ને ધર્મબુદ્ધિની બુદ્ધિથી આશ્ચર્ય પામ્યા. પછી પાપબુદ્ધિ પાસેથી ધર્મબુદ્ધિને ભાગ અપાવ્યો ને બાકીનો ભાગ પોતે જપ્ત કર્યો. પછી ધર્મબુદ્ધિએ એ ધનથી ઘણા સુકૃતો કર્યા. કાળક્રમે સાધના કરી દેવલોક પામ્યો. આમ ધર્મબુદ્ધિની કથા સાંભળી હે ભવ્ય જીવો ! તમે પણ દુર્જનોનો તિરસ્કાર કરો કે જેથી તમારું પવિત્ર કુશળ થાય.

આમ ૪૮માં પ્રશ્નપર બાવનમો ઉત્તર પૂર્ણ થયો.

**ધનવાન થવા બુદ્ધિ જરુરી નથી,**
**પણ એ ધનનું શું કરવું એ અંગે ઉચિત નિર્ણય કરવા બુદ્ધિ જરુરી છે.**

# પરસ્ત્રીનો તિરસ્કાર કરો...

## હરિષેણ સાર્થવાહની કથા (૫૩)

ગુરુએ 'કોનો તિરસ્કાર કરવો' એ અંગે શિષ્યના અડતાલીશમાં પ્રશ્નના જવાબમાં દુર્જનનો તિરસ્કાર કરવો એમ બાવનમો જવાબ આપી, એ જ પ્રશ્નઅંગે બીજો જવાબ ને કુલ તેપ્પનમો જવાબ આપતા કહ્યું - **પરસ્ત્રીનો...**

અલબત્ત દુર્જનનો કે પરસ્ત્રીનો જે તિરસ્કાર કરવાનો છે, એ એમની દુર્જનતા અંગે કે કામવાસના - વ્યભિચાર અંગે છે. અહીં વચનથી તિરસ્કાર છે. પણ મનમાં તો એમના પ્રત્યે પરિપૂર્ણ દયાભાવ જ હોવો જોઇએ કે - અરર ! બિચારો કંઇ કેટલાય ભવના પુણ્ય ખર્ચી આવો ધર્મ અનુકૂળ સામગ્રીવાળો માનવભવ પામ્યો. હવે આ ભવમાં આ બધા દોષોને જીતી - કર્મોને ખતમ કરી - પાપભાવોને હણી આ મળેલો ભવ ને મળેલી સામગ્રી સાર્થક કરવાની છે. એના બદલે આ રાંકડો જીવ મોહનીય કર્મને વશ પડી એ જ બધા દોષો - કર્મો વધુ ઉગ્ર-તીવ્ર થાય એવી ચેષ્ટા કરે છે. બચારાનું ભવિષ્યમાં શું થશે ? દેવું દૂર કરવા મળેલી દુકાનથી બિચારો વધુ દેવાના ભાર હેઠળ દબાઇ રહ્યો છે.

મનમાં એમના પ્રત્યે પણ આ રીતે વિચારવાથી જ દ્વેષ-તિરસ્કારથી બચી શકાય ને મૈત્રીભાવ હેમ ખેમ રહે. આ મૈત્રીભાવ વિના કરેલા ધર્મો નજીવા પુણ્યના કારણ ભલે બને, પણ મોક્ષયોજક યોગરૂપ બની શકતા નથી.

શીલધર્મ મહાન છે. ક્ષમાવગેરે જે વાસ્તવિક ભૂષણો કહેવાયા છે, એ બધા પણ તો જ ભૂષણરૂપ બને, જો શીલધર્મ રૂપ શ્રેષ્ઠ ભૂષણ અખંડ હોય. શીલનો મહિમા સમજતો માનવ તો પોતાની પત્ની સાથે પણ તીવ્ર આસક્તિથી સંબંધ રાખતો નથી, તો પરસ્ત્રીઅંગે તો કહેવું જ શું ? પોતાની પત્ની સાથેનો પણ આસક્તિ સહિતનો સંબંધ બધા પાપની ખાણ બને છે, તો બીજી સ્ત્રી સાથેના સંબંધની તો વાત જ શી કરવી ?

વ્યભિચાર જ પ્રાણનાશનું કારણ બની શકે છે, ભવોભવ ચાલતા વેરનું નિમિત્ત થઇ શકે છે, આમ ઉભય લોકને બગાડી શકે છે. ભૂંગળીમાં સળી નાખવા જેવી આ ચેષ્ટા અનંત કાળમાં અનંતી વાર કરી છે. પશુ જેવા ભવોમાં પણ કરી છે. એમાં મનોભ્રમથી અલ્પ ક્ષણો આભાસિક સુખ કદાચ મળતું હશે, પણ એના બદલમાં થાક-ઉશ્કેરાટ-વીર્યનાશ વગેરે શારીરિક નુકસાનો, બેચેની, પકડાઇ જવાનો ભય, બીજા કાર્યો વખતે પણ એની યાદથી ચંચળતા-એકાગ્રતા ભંગ, વધતી જતી તેઅંગેની તૃષ્ણાવગેરે માનસિક નુકસાનો, લોકોમાં આબરુનાશ, અવિશ્વાસ વગેરેરૂપ લૌકિક નુકસાનો, દંડ-સજા વગેરે રૂપ સરકાર આદિથી ઊભા થતા ભયો, શીલનાશ-પુણ્યનાશ-માનવભવીય સમયોની બરબાદી-દુર્ધ્યાન-દુર્ભાવ-દુર્ગતિ પરંપરા ઇત્યાદિરૂપ આધ્યાત્મિક નુકસાનો....

આમ જો પરસ્ત્રી સાથેના સંબંધના લાભ-નુકસાન જોઇએ, તો અવશ્ય લાગે કે જમા ખાતે ચપટી રાખ છે ને ઉધાર ખાતે અનંતી બરબાદી છે. લાભ-નુકસાનને સમજી શકતી કોઇ પણ ડાહી વ્યક્તિ આથી જ પરસ્ત્રી સાથે સંબંધ નહીં, તિરસ્કારની ભાષામાં જ વાત કરી શકે. અહીં એ માટે **હરિષેણ** સાર્થવાહની કથા બતાવે છે.

આ **જંબૂદ્વીપ**ના આ ભારત દેશમાં **મિથિલા** નામની નગરી હતી. પાસેથી પસાર થતી **સરયુ** નદીના એમાં જ ઉગેલા વિકસિત કમળોની સુવાસથી મનોરમ બનેલા શીતલ જળ નગરને ઉનાળામાં પણ શીતગૃહ (A.C.) નો અનુભવ કરાવતા હતા.

આ નગરમાં **શ્રી હરિષેણ** નામનો શ્રીમંત સાર્થવાહ રહેતો હતો. સૌભાગ્યશાળીઓમાં, અદ્ભુત ભાગ્યશાળીઓમાં, અનુપમ રૂપ-લાવણ્ય-સૌંદર્યવંતોમાં, ને સાથે જ પવિત્ર-ઉજ્જવળ શીલવંતોમાં એ પ્રથમ-અગ્રેસર હતો, જેમ કે તમામ ગ્રહો-નક્ષત્રોમાં સૂર્ય.

પૂર્વના પ્રબળ પુણ્યોદયથી દિવ્ય માનવીય ભોગો પ્રાપ્ત થવા છતાં મનથી સ્વસ્થ આ સાર્થવાહ પાસે એક યોગિની જેવી સ્ત્રી આવી. પોતાને પવિત્ર ગણતી આ સ્ત્રી અપવિત્ર સંબંધમાટેનો પ્રસ્તાવ લઇને આવી હતી. એ સ્ત્રીએ હરિષેણને

કહ્યું - શેઠ ! તમારા ભાગ્યના દ્વાર ખૂલી ગયા છે.આ નગરના રાજા, મંત્રી, નગરશેઠ અને પુરોહિત આ ચારેયની પત્નીઓ પરસ્પર સખીભાવ ધારણ કરે છે. મોટે ભાગે સાથે જ હરે ફરે છે. આ ચારેયના રૂપ-સૌંદર્ય એવા છે કે માનો કે બ્રહ્માએ એમના અદ્ભુત રૂપોનો એકસાથે સ્વાદ માણવા જ ચાર મુખ કર્યા હતા.

આ ચારે ય સ્ત્રીઓની એકવાર એકસાથે નજર બજારમાં ફરી રહેલા તમારા પર પડી. સાક્ષાત્ કામદેવના અવતાર જેવા તમને જોઇ ચારેયના મનમાં એકસાથે એવા ભાવો તરવરવા માંડ્યા કે આ પુરુષ સાથેના સંબંધ વિના આ મળેલો માનવભવ ને સ્ત્રી અવતાર બંને નિષ્ફળ છે. બીજી બધી બાબતોમાં એક મનવાળા તેઓએ પોતાના મનમાં ઉદ્ભવેલી લાગણી પરસ્પર કોઇને બતાવી નહીં. પણ જુઓ વિધાતાની વક્રતા કે તેઓ ચારેયએ એકબીજાથી છૂપી રીતે મારો સંપર્ક કરી મને પોતાનો સંદેશો તમારી પાસે પહોંચાડવા નિયુક્ત કરી.

શેઠ ! તમે એવા સ્વરૂપવાન છો કે પોતાના પતિને ભાવ નહીં આપતી આ રૂપસુંદરીઓ તમારી મીઠી નજર માટે મરી રહી છે. શેઠ ! તમે એવા સૌભાગ્ય શાળી છો કે નગરના શ્રેષ્ઠ ચાર પદ પર બિરાજતા પુરુષોની જીવન સંગીનીઓ તમારા સંગમાટે ઝુરી રહી છે. તમે એ ચારેયને સંતુષ્ટ કરી મળેલો દેહ, મળેલું રૂપ ને મળેલી યુવાનીને સાર્થક કરો. પણ એ ચારેયની એટલી વિનંતી છે કે આ વાતની ચારેયને પરસ્પર ખબર પડે નહીં. તો હવે તમે કહો, કેવી રીતે એ ચારેય ને તમારી પાસે લાવું કે જેથી તમારા સંગરૂપ અમૃતથી એમના કામદાહ શાંત થાય ?

ભરયુવાનવયે પણ વિવેકસભર ને તેથી જ આવી લલચામણી વાત સાંભળવા છતાં નિર્વિકાર રહેલા હરિષેણે કહ્યું - હે ભદ્રા ! તમારા જેવી પવિત્ર યોગિનીએ આવા પ્રસ્તાવો લાવવા જેવી હલકાઇ પણ આચરવી જોઇએ નહીં. આર્ય પુરુષોમાટે તો આવા સંબંધ વિચારવા પણ અનુચિત છે. છતાં મારામાં અનુરક્ત થયેલી એ સ્ત્રીઓ મારીપાસે આ ક્રમે આવે. રાતના પહેલા પ્રહરના આરંભે પુરોહિતની પત્ની, બીજા પ્રહરના આરંભે શેઠની પત્ની, ત્રીજા પ્રહરના આરંભે મંત્રીની પત્ની અને ચોથા પ્રહરના આરંભે રાજાની પત્ની મારી પાસે

ભલે આવે.

પેલી યોગિનીએ આ સાંભળી કાર્ય સંપન્ન થશે એવી આશાથી ક્રમશઃ ચારે પાસે જઇ શેઠનો સંદેશ સંભળાવ્યો. ચારે ય સ્ત્રી મનગમતાનો સંગ મળશે એવી કલ્પનાથી રોમાંચિત થઇ પોત-પોતાના વારાની રાહ જોવા માંડી.

રાતના પ્રથમ પ્રહરના આરંભે પુરોહિતની પત્ની સ્ત્રીચરિત્ર ભજવી પુરોહિતને શંકા પડે નહીં એ રીતે આ સાર્થવાહપાસે પહોંચી ગઇ. એ સ્ત્રીએ સાર્થવાહને કહ્યું - હે સ્વામિન્ ! ભાગ્યયોગે આજે મને તમારા દર્શન થયા - જાણે કે સાક્ષાત્ કામદેવના દર્શનનો રોમાંચ થયો છે. હું રોજ તમારા જ વિચારમાં ખોવાયેલી રહેતી હતી. આજે મને તમે જડી ગયા ! મારો જન્મ સફળ થયો. તેથી હવે તમે મારા ઇચ્છિતને પૂર્ણ કરવાનો અનુગ્રહ વરસાવો. રત્નાકર ગણાતા સમુદ્રને સેવનારો કદી ગરીબ રહેતો નથી.

ત્યારે સાર્થવાહ હરિષેણે કહ્યું - હે કુલીન સ્ત્રી ! તમે જે કહ્યું તે સાંભળવું ગમે એવું છે. પણ હે ભદ્રે ! શીઘ્ર મોતદાયક રોગની જેમ પરસ્ત્રી સાથેનો સંબંધ શીઘ્ર વિનાશકારી થાય છે. જે વિવેકી પુરુષ પરસ્ત્રીગમનના આવા ભયંકર પરિણામો જાણે છે, તે સપનામાં પણ પરસ્ત્રીગમન કરતા નથી. અત્યંત અલ્પકાલીન ને અતિ તુચ્છ એવા આ પરસ્ત્રી-પરપુરુષ ગમનરૂપ સુખની સામે જો નહીં જોશો, તો તમે ભવિષ્યકાળમાં ભવ્યતમ સુખોની પરંપરા પામશો. મારી પાસેથી ભોગની અપેક્ષા છોડી મોક્ષસાધક યોગરૂપ જૈનધર્મ અંગે જ્ઞાન પ્રાપ્ત કરો... પછી એ જીવનમાં આત્મસાત કરશો, તો એ ખરું મિલન ગણાશે ને સફળ યોગ ગણાશે.

હરિષેણે આમ પુરોહિતપત્નીનો પરસ્ત્રી રૂપે તિરસ્કાર કરી ધર્મભગિની રૂપે સ્વીકાર કર્યો. પુરોહિત પત્નીની કામવાસના પણ શાંત થઇ ગઇ. પતનની ખાઇમાં પડતા બચાવવા બદલ સાર્થવાહનો આભાર માન્યો. એમના શીલધર્મની પ્રશંસા કરી એ પોતાના ઘરે ગઇ.

બીજા પ્રહરના આરંભે શેઠપત્ની સાર્થવાહ પાસે આવી. એ પણ કહેવા લાગી - હે નાથ ! આ મન્મથ=કામદેવ જાણે કે હું અનાથ હોઉં એ રીતે પીડી

રહ્યો છે. તેથી તમે તમારા બાહુમાં મને સમાવી દઇ મારી આ ભયભીત અવસ્થામાં રક્ષા કરો.

ત્યારે એના રૂપથી આકર્ષાયા વિના, રાતના એકાંતનો ખોટો લાભ ઉઠાવ્યા વિના શાંત સાર્થવાહે કહ્યું – હે ભદ્રા ! તમે બહુ સારી વાત કરી. પણ તમને આ સાચી વાતની ખબરે નથી લાગતી કે પોતાની પત્ની સાથેનો સંબંધ પણ ઘણા પાપ માટે થાય છે, તો પરસ્ત્રી સાથેના સંબંધની તો વાત જ શી કરવી ?

આગમમાં કહ્યું જ છે – હે ભંતે ! મૈથુન સેવતી વ્યક્તિથી કેવા પ્રકારનો અસંયમ થાય છે ? હે ગૌતમ ! જેમ કોઇ પુરુષ રૂ ભરેલી નળિકામાં કે બૂર (=વનસ્પતિવિશેષ) ભરેલી નળિકામાં લોખંડનો તપેલો સળિયો પેસાડે, એવા પ્રકારનો અસંયમ થાય છે. વળી, મૈથુન સંજ્ઞામાં રહેલો પુરુષ નવ લાખ સૂક્ષ્મ જીવોને હણે છે. એવું આગમવચન હોવાથી એમાં સૌ પ્રથમ તો જીવોની હિંસા થાય છે.

વળી, પરસ્ત્રી કે પરપુરુષ સાથે સંબંધ રાખવાથી જીવો વિવિધ પ્રકારની પીડા-વિડંબના પામતા પ્રત્યક્ષ દેખાય છે. પ્રણયત્રિકોણે કોના કોના જીવનમાં આગ નથી લગાડી ? વળી ક્ષણિક આનંદ આપતી કામવાસના બીજી અનેક રીતે ઊભી થતી બેચેનીનું કારણ બને છે. એના કરતાં તો તમે હંસની પાંખ સમાન ઉજ્જવળ શીલધર્મ પાળી આ માનવભવ સાર્થક કરો.

શીલધર્મથી શોભતા હરિષેણ સાર્થવાહની વાણીમાં પણ એનો એવો જાદુ ઊતર્યો હતો કે જેથી નગરશેઠની પત્ની પણ વાસનામુક્ત થઇ. એ 'તમે ધન્ય છો, પવિત્ર છો, હિતેચ્છુ છો' ઇત્યાદિરૂપે પ્રશંસા કરતી કરતી પોતાના ઘરે ગઇ.

ત્રીજા પ્રહરના આરંભે મંત્રીની પત્ની સાર્થપતિ પાસે આવી ને કહેવા લાગી – હે પ્રાણાધાર ! આ જીવનનું ફળ છે તમારા અંગ સાથે આલિંગન. તેથી તમે મને શીઘ્ર આલિંગન આપો, કારણ કે તમે સજ્જન છો ને સજ્જન કદી કોઇની પ્રાર્થનાને ટાળતા નથી.

ત્યારે કામદેવના બાણ સામે શીલધર્મનું કવચ ધારણ કરી ક્ષેમકુશલ

રહેલા હરિષેણ સાર્થપતિએ કહ્યું - હે કલ્યાણી ! તમે કહ્યું, તે સાચું છે. પણ સજ્જનો કદી પરસ્ત્રીને સ્પર્શ પણ કરતા નથી. વળી, કામભોગથી આ ભવમાં ય કોણ વિડંબના પામ્યું નથી ? જૈનેતરો કહે જ છે કે અહલ્યામાં આસક્ત થયેલા ઇંદ્ર ઋષિના શાપથી દેહ પર એક હજાર યોનિરૂપે ખૂબ વિડંબના પામ્યા. પરસ્ત્રી ગમન કરનારાને પરલોકમાં નરક મળે છે, કારણ કે આ ભવમાં તે સતત એવા દુર્ધ્યાનમાં રહે છે, પરસ્ત્રીના માલિક-સ્વામી-પતિના અધિકારની ચોરી કરે છે, તથા એ સ્ત્રીનું શીલ ખતમ કરે છે. આ નરકમાં એ પારદરિક ખૂબ રડે - ધમપછાડા કરે - ચીસાચીસ કરે, તો પણ પરમાધામીઓ એને છોડતા નથી ને અત્યંત તપેલી લોખંડની પૂતળીઓ સાથે ફરજિયાત આલિંગન કરાવે છે. આ રીતે અસંખ્યકાળ દુઃખ પામે છે.

આમ પરસ્ત્રી-પરપુરુષગમનના સુખ તુચ્છ-આભાસી-અલ્પકાલીન છે ને તેથી ઉદ્ભવતી વિડંબના-પીડા ઉભયલોક - આ ભવ ને પરભવ બંનેને દુઃખમય બનાવી દે છે. આ વાતને બરાબર સમજતી કઇ વ્યક્તિ એ તરફ અકર્ષિત થાય ? તેથી તમે પણ દુઃખમય પીડામાં હેતુ બનતી વાસનાનો ત્યાગ કરો.

સતત શીલમય જીવનની સુવાસથી મઘમઘતા હરિષેણના ઉદ્બોધનથી મંત્રીપત્નીની પણ કામવાસના શાંત થઇ ને એ પણ શીલસુવાસથી તરબતર થઇ. મંત્રીપત્નીએ ઘર તરફ જતી વખતે શ્રી હરિષેણનો આભાર માનતા કહ્યું - અહો શેઠ ! તમે આવા એકાંતમાં આ રીતે અનુકૂળ સ્ત્રીનો પણ તિરસ્કાર કરી તમારા શીલને તો સુવાસિત કર્યું જ, પણ સાથે મને પણ પાપના ઊંડા કૂવામાં ડૂબતા બચાવી. તમારો કયા શબ્દોમાં આભાર માનું ?

રાતના છેલ્લા પ્રહરની શરુઆત થઇને રાણી હરિષેણ પાસે આવી. જે રાણીઓને એવી ચોકીમાં રાખવામાં આવે છે કે જેથી સૂર્યને પણ જોઇ શકે નહીં, તે રાણી એવું સ્ત્રીચરિત્ર ભજવી પરપુરુષના ઘરે એ પણ રાતના અંતિમ પ્રહરના આરંભે આવી ગઇ. રાણીની પરપુરુષ પ્રત્યેની આ ઉત્કટ કામવાસનાથી છક થયેલા ને તેથી જ એના પ્રત્યે દયા ભાવથી ઉભરાતા હરિષેણ શેઠે ઊભા થઇ આવકાર આપ્યો. નમન કર્યા.

ત્યારે કામાતુર રાણીએ કહ્યું – હે પ્રાણાધાર ! તમે આ શું કરો છો ? આ સમય આવો વિનય કરવાનો નથી. મારા અંગને અનંગે (=કામદેવે) આગ લગાડી દીધી છે. હવે તમારા અંગરૂપ જળનો એને સ્પર્શ કરાવો, જેથી એ આગ બુઝાઇ જાય. એ સિવાય તો અંગની આ આગથી બળેલું મારું હૃદય ખાખ થઇ જશે.

રાણીની આ વાત સાંભળી નીચી નજરે સાર્થવાહે વિચારવા માંડ્યું. અહો ! ત્રણે જગત પર જેનું સામ્રાજ્ય ચાલી રહ્યું છે, એવા કામદેવને વશ થયેલી આ રાણી આવેગમાં છે, તેથી હાલ આ ક્ષણે ઉપદેશ યોગ્ય નથી. કહ્યું જ છે – કામદેવના વિચિત્ર ને વક્ર વિષય રૂપી બાણપ્રહારથી ઘાયેલ થયેલા માનવરૂપી ઘડામાં ગુરુના ઉપદેશરૂપ પાણી જરા પણ ટકતું નથી. તો આ ક્ષણે હવે મારે શું કરવું ? મારા શીલની ને રાણીની પવિત્રતા બચાવવા મારે કશુંક કરવું પડશે...

ત્યાં તો રાણી ફરી બોલી – હે સુંદર ! આ ક્ષણે તમારે મન આવકારવાની છે, એના બદલે તિરસ્કાર કેમ કરો છો ? મહાપુરુષો તો જે સ્વીકારે તે પ્રલયકાળ આવી જાય તો પણ ફેરવતા નથી. સુભાષિત છે – મહાપુરુષોએ જે વાત સ્વીકારી હોય, તે વાત તેઓ યુગનો અંત થઇ જાય તો પણ ફેરવતા નથી, અગસ્ત્યના વચનથી બંધાયેલો વિંધ્ય હજી સુધી એમ જ ઊભો છે.

(જૈનેતર ગ્રંથોની કલ્પના છે કે વિંધ્ય પર્વતને પાંખ હતી. તેથી એ સૂર્ય સામે ઊડી સૂર્યને ઢાંકી દેતો હતો... તેથી જગતમાં ભારે વિડંબના થતી હતી. વિંધ્ય પર્વત ઋષિ અગસ્ત્યને ગુરુ ગણતો હતો. તેથી અગસ્ત્યે એને ઠેકાણે લાવવાનું નક્કી કર્યું. પોતે ત્યાંથી પસાર થયા ત્યારે શિષ્યભાવે નમેલા વિંધ્યે દક્ષિણા રૂપે કશુંક માંગવા કહ્યું. અગસ્ત્યે કહ્યું–હું દક્ષિણમાં જાઉં છું. પાછો ફરું નહીં, ત્યાં સુધી તું આમ જ રહેજે. અગસ્ત્ય પછી દક્ષિણથી પાછા ફર્યા જ નહીં, ને વિંધ્ય હજી સુધી એમ જ રહ્યો છે. ગુરુને આપેલા વચનને જાળવી રહ્યો છે.)

આ સાંભળી સાર્થપતિ હરિષેણે કહ્યું – આપે સરસ વાત કરી. પરંતુ મારી દષ્ટિએ બધી જ પરસ્ત્રીઓ બ્હેન સમાન છે અને રાણી વગેરેને તો હું માતા સમાન ગણું છું. ગ્રંથો કહે છે કે (૧) રાણી (૨) ગુરુપત્ની (૩) મિત્રપત્ની (૪) સાસુ અને (૫) પોતાની માતા આ પાંચ માતાઓ ગણાય છે. માતાજી!

જુઓ અરુણોદય થઇ રહ્યો છે ને સૂર્યોદયની તૈયારી ચાલે છે. પણ **ત્યાં સુધી ખરેખર સૂર્યોદય થયો નથી કે અજવાળું પથરાયું નથી, જ્યાં સુધી પરસ્ત્રીમાં માતા-બેન સ્વરૂપ ને પરપુરુષમાં પિતા-ભાઇ-પુત્ર સ્વરૂપ દેખાય નહીં.** બાકી બધું તો દીવાના પ્રકાશઆદિમાં પણ દેખાય છે. તેથી એનું મૂલ્ય નથી.

વળી, દુનિયામાં વિષયસેવન અનેક પ્રકારે દુઃખદાયક બને છે. આશ્ચર્યની વાત તો એ છે કે જો ખરેખર તૃપ્તિ મળતી હોત, તો તો વિષયસેવન સમજ્યા, પણ કાગડાના એંઠા માંસને મિષ્ટાન્નના લોભથી ખાઇને તૃપ્તિની આશા રાખનારાને મૂરખ ગણનારો વિષયતૃપ્તિ માટે પતિથી એઠી થયેલી=પરસ્ત્રી ભોગવવાના મનોરથ કરે છે. તથા આ વિષયો તો કિંપાક ફળતુલ્ય છે, કારણ કે ખવાયેલા તે ફળો ને ભોગવાયેલા આ વિષયો જીવનનાશના કારણ બને છે.

તથા ઘણા વર્ષોથી તમે કામદેવને શરમાવે એવા રાજા સાથે ભોગ ભોગવો છો. છતાં તમને તૃપ્તિ થઇ નથી, તો આ વાણિયામાત્રના ક્ષણિક સંગમાં તમને કેવી રીતે તૃપ્તિ થશે ?

આ સાંભળી રાણીએ કહ્યું - હે સૌભાગ્યશાળી ! તમારે આમ જો ભોગના બદલે ભોગત્યાગનો ઉપદેશ જ આપવો હતો, તો દૂતી સાથે મને શા માટે આ સમયે આવવાનો સંદેશ મોકલ્યો ? આ વાતનો મને શીઘ્ર જવાબ આપો.

સાર્થપતિએ કહ્યું - તમારો સંદેશ મળવા પર મેં વિચાર્યું કે રાણી માતાને આ નિમિત્તે બોલાવી બધા પાપથી મુક્ત કરતો જૈનધર્મ સમજાવી ઉન્માર્ગમાંથી સન્માર્ગ તરફ લઇ જાઉં ! બસ આ વિચારથી જ મેં આપને અહીં બોલાવ્યા છે. તેથી તમે વાસનાના આગ્રહ ને છોડી દયામય જૈનધર્મ આરાધી લો. સતીત્વ વ્રતની રક્ષા કરો. જેથી તમારો સુંદર યશ ફેલાય.

હરિષેણે આત્મસાત કરેલા શીલધર્મનો આ રીતે રાણીમાં વિનિયોગ કર્યો. તેથી રાણી પણ વિકારમુક્ત થઇ. પછી રાણીએ કહ્યું - હે ભાઇ ! આ જગતમાં તમારા જેવો બીજો કોણ કલ્યાણકારી છે ? ધન્ય છે તમને કે તમે સામેથી આવેલી આવી રાણી જેવી સ્ત્રીનો પણ તિરસ્કાર કરી શીલવ્રતની રક્ષા

કરી. વળી, તમે મારા માટે પરમ ગુરુ છો, કારણ કે તમે જ મારી તદ્દન નિંદનીય એવા અકર્ત્તવ્યથી રક્ષા કરી.

આમ સાર્થવાહની પ્રશંસા કરતી કરતી રાણી પોતાના સ્થાને ગઇ. સાર્થવાહ પણ આમ પરસ્ત્રી અવધીરણામાં તત્પર રહી પછી દેવલોક ગયો. આમ હરિષેણ સાર્થવાહની કથા સાંભળી હે ભવ્ય જીવો ! તમે પણ પરસ્ત્રી અંગે પચ્ચખાણ લઇ લો, જેથી દુર્ગતિ થાય નહીં.

અડતાલીશમાં પ્રશ્ન પર ત્રેપ્પનમો ઉત્તર પૂર્ણ થયો.

ક્રોધને દૂર કરવા સમ્યગ્દર્શનપદની આરાધના કરવી. પ્રભુવચનના આધારે કર્મનો જ વાંક દેખાવારૂપ સમ્યગ્દર્શનથી અપરાધી પ્રત્યે મનમાં પણ પ્રતિકૂળ વિચાર રહેતો નથી. અહંકાર ને દૂર કરવા જ્ઞાનપદની આરાધના કરવી. કેવલજ્ઞાની ભગવંતના જ્ઞાન આગળ આપણું-મારું જ્ઞાન કેટલું ? કર્મ સાહિત્યની અદ્ભુત રજુઆત તેઓએ કરી છે. છતાં અભિમાન કરતાં નથી, તો હું કોણ ? સંપત્તિ કચરો છે. કચરાને માટે કોને અભિમાન થાય ? પવિત્ર ચારિત્રથી માયાનો નાશ થાય. મોક્ષ માર્ગ સરલ છે. થોડો પણ કપટ-દંભ હોય તે અધ્યાત્મવાદી નથી બની શકતો. અધ્યાત્મવાદી માટે પારદર્શક બનવું પડે. લોભ રહિત થવા માટે તપ કરવો. સામે જે મનગમતું આવ્યું તેનો ત્યાગ કરી દો. પહેલા ઈચ્છા ઓછી કરો. પછી ઈચ્છાનો નાશ કરો. લોભ=ઈચ્છા-મમતા, મારું-મારું ન કરો. ઘાસના ઢગલા પર બેઠેલા કુતરા ને ઘાસ ખાવું નથી. ગાય આવી. ભસ-ભસ કરશે ખાતો નથી - ખાવા દેતો નથી. લોભી કૂતરા સમાન થાય છે. પોતે પોતાની સંપત્તિ ભોગવતો નથી. બીજાને પણ આપતો નથી. સંપત્તિની-શરીરની મમતા છોડો-તોડો. ઈચ્છા નિરોધ ખરો તપ છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપની આરાધનાથી આત્માને વળગેલા ક્રોધ-માન-માયા-લોભ ને દરૂ કરી શકાય.

# પરધનનો તિરસ્કાર કરો...

## નાગદત્ત કથા (૫૪)

ગુરુ હવે કોનો તિરસ્કાર કરવો એ અંગે ત્રીજી વાત કહે છે ને એમ કરી ચોખ્ખનમો જવાબ આપે છે - **પરધનનો તિરસ્કાર કરવો.**

અહીં 'ધન' તરીકે (૧) રોકડું ધન (૨) ધાન્ય (૩) ક્ષેત્ર=ખેતર (૪) વાસ્તુ - મકાન-ઘર-ફ્લેટ (૫) ચાંદી (૬) સોનું (ઉપલક્ષણથી તમામ ઝવેરાત) (૭) ચતુષ્પદ (આજના કાલમાં કાર વગેરે) (૮) દ્વિપદ (સ્કુટર વગેરે અથવા નોકર-ચાકર) (૯) આ સિવાયની ગૃહોપયોગી લાગતી સામગ્રીઓ જેવી કે વાસણ-કપડા ઇત્યાદિ. આ નવ પ્રકાર સમજવાના. આ નવે અંગે જે છે એ અંગે અથવા એ અંગે જે ઇચ્છા છે, એમાં પરિમાણ-મર્યાદા-સીમા નક્કી કરવી જોઇએ કે આટલાથી વધારે નહીં.

ભગવાન કહે છે કે જે પોતાનું ગણાય છે, એમાં પણ મર્યાદા રાખો ને ઘટાડતા જાવ. નહીં તો એ સંકલેશનું - મમતાનું કારણ બનવાદ્વારા આર્ત્ત-રૌદ્રધ્યાન કરાવી નરકે મોકલી દેશે. આમ જો પોતાનું ગણાતું પણ છોડવાનું હોય, તો જે પોતાનું ગણાતું નથી, એનાપર તો નજર પણ કેમ નાખી શકાય ? એનો તો તિરસ્કાર જ કરવો ઉચિત છે.

અતિ લોભથી જે સાહસભર્યા ઉદ્યોગ ધંધા થાય છે ને શેર-સટ્ટાવગેરે જે જુગાર રમાય છે, એ 'દુર્ભાગ્ય' નામના પાપ કર્મના ઉદય ને ઉદીરણાના કારણ બને છે. તેથી જે સામાન્ય શ્રીમંત તરીકે સમગ્ર જિંદગીભર પૈસાની તકલીફ વિના જીવી શકવાનો હતો, તે ઉપરોક્ત લોભ-સાહસના કારણે દેવાળું ફૂંકે છે... પાઇ-પાઇનો મોહતાજ બને છે... ભયંકર ગરીબી-દરિદ્રતા-નોકરતરીકેની પરાધીનતા સહન કરે છે.

'નિશાનચૂક માફ, નહીં માફ નીચું નિશાન' આ વાત બોલવા માટે સારી

છે, જીવન માટે નહીં. ઊંચેથી પછડાયેલા માટે પછી જીવવાનો અવસર જ રહેતો નથી. કરોડોના મોટા સાહસ કરી નિષ્ફળતા પામનારાને પછી ઝેર પીવાના અવસર આવે છે. નીચું નિશાન એટલે સફળતાની પૂરી સંભાવના ને માર-ઘા ખાસ લાગે નહીં. ધર્મ માટે મળેલો ભવ ધનની લ્હાયમાં ખતમ થવો જોઇએ નહીં.

જો કે તત્કાળની જરુરિયાતની ઉપરનું બધું પરિગ્રહ છે, જે બીજાઓના અધિકાર પર તરાપરૂપ છે ને પોતાના ભવિષ્યમાટે આપત્તિરૂપ છે.

આમ પોતાનો માનેલો પરિગ્રહ પણ ભારરૂપ છે, તો બીજાના ધનવગેરે પર તો નજર પણ કેમ નાખી શકાય ? બીજાના સારા નોકરને વધુ પૈસાની લાલચ દેખાડી પોતાને વશ કરવા એ પણ એક પ્રકારની ચોરી ગણાય કે નહીં ? હા, પેલાએ છૂટા કરેલા અથવા જાતે છૂટા થયેલાને તમે પોતાને ત્યાં રાખો, એ ચોરી નથી.

પોતાને-પોતાના પરિવારને રહેવા માટે પૂરતી વ્યવસ્થા કરી લીધા પછી માત્ર ઇન્વેસ્ટમેંટ માટે ફ્લેટો નોંધાવી પછી એ ભલે ખાલી પડ્યા રહે એ રીતે કરવામાં બીજાઓને રહેવાના ઘર મળે નહીં, અથવા એ મોંઘા થવાથી પરવડે નહીં, તો એ એક પ્રકારે વાસ્તુ ચોરી ગણાય ?

ઘર પૂરતી હવાવાળું હોવા છતાં એ.સી. નો ઉપયોગ ભલે સ્ટેટસ માટે પણ કરવામાં બીજાને મળતી ચોકખી-શુદ્ધ હવાની ચોરીનો દોષ લાગે ખરો ? પોતાને ત્યાં નાની-મોટી બાબતો-વગર કારણની સફાઇઓ ઇત્યાદિ નિમિત્તે ખૂબ પાણીનો વપરાશ થાય કે જેથી બીજા ગરીબોને પાણીના ફાફા પડે, તો એ બીજાના જીવન જરુરી પાણી મેળવવાના મૂળભૂત અધિકારપર આડકતરી રીતે તરાપ મારી ગણાય ?

આઇસ્ક્રીમના સ્વાદના લોભમાં બીજાઓને પૂરતું-શુદ્ધ દૂધ નહીં મળવાની આપત્તિ ઊભી થાય, એમાં પોતાનો હાથ ગણાય ?

અલબત્ત, ભગવાન તો પરિગ્રહને, જીવનાવશ્યક ન હોય એવી ચીજવગેરેના ઉપભોગને, અનર્થદંડ વગેરેને પાપરૂપ ગણાવે છે.

જો કે અહીં તો મુખ્ય વાત બીજાની ગણાતી સંપત્તિ-ચીજ-મિલકત

પર નજર પણ નાખવી નહીં, એ અંગે છે. આમ પર ધનનો તિરસ્કાર કરવાની વાત છે. પોતાની નથી એવી ચીજ રસ્તામાં પડેલી દેખાય, તો એ હાથમાં લેવી એ પણ ચોરી છે, સિવાય કે એ કોની છે એ જાણી એને પહોંચાડવી હોય... અથવા ઘણા લોકો ભેગા થયા હોય એવા હોલ વગેરેમાં ઉપલબ્ધ થયેલી ચીજ પેઢીમાં જમા કરાવવી હોય, જેથી જેની હોય તે મેળવી શકે. તો ત્યાં ચોરી દોષ નથી. એ સિવાય રસ્તા પર પડેલી ચીજ ઉઠાવવી એ પણ ચોરી છે. એનો ત્યાગ જરુરી છે.

અહીં આ માટે **નાગદત્તની** કથા બતાવે છે.

આ **જંબૂદ્વીપના** આ ભારત દેશમાં **વાણારસી** નગર છે. અહીં શ્રી સુપાર્શ્વનાથ અને શ્રી પાર્શ્વનાથ ભગવાનના ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળ- આ ચાર-ચાર કલ્યાણકો થયા છે, કે જે કલ્યાણકોના અવસરે નરકના જીવોને પણ એક મુહૂર્ત માટે સુખનો અનુભવ થયા હતા. (મતાંતર :- અમૂક મતે માત્ર જન્મકલ્યાણક વખતે જ નરક જીવો સુખાનુભવ કરે છે. બીજા અમુક મતે માત્ર જન્મ-દીક્ષા-કેવળ આ ત્રણ કલ્યાણક વખતે જ નરક જીવો એ અનુભવ કરે છે. અન્ય મતે પાંચે ય કલ્યાણક વખતે આવો અનુભવ થાય છે. તત્ત્વ તો જ્ઞાની જાણે. અન્યત્ર ક્ષણમાત્ર માટે સુખની વાત છે. અહીં એક મુહૂર્ત સુખની વાત છે. એમાં પણ તત્ત્વ જ્ઞાની જાણે.)

આ નગરનો ત્યારે **જિતશત્રુ** નામનો રાજા હતો. એણે પોતાના ભુજા બળના પરાક્રમથી બધા શત્રુઓને જીતી લઇ પોતાનું નામ સાર્થક કર્યું હતું. જેમકે પોતાના બધા આંતર શત્રુઓને જીતી લઇ પ્રભુ અરિહંત નામને સાર્થક કરે છે.

આ જ નગરમાં રાજાને સજ્જન તરીકે માન્ય **ધનદત્ત** નામના શેઠ રહેતા હતા. એ પણ વિવિધ પ્રકારનું ધન વિવિધ રૂપે વારંવાર દાન કરવા દ્વારા પોતાના નામને શોભાવતા હતા. આથી જ એમની પુનમના ચાંદ જેવી યશોગાથા સતત ફેલાયેલી રહેતી હતી.

આ શેઠને લક્ષણવંતી ને લક્ષ્મીના પગલા સમાન ગણાતી **ધનશ્રી** નામની

પત્ની હતી કે જે શીલ વ્રતને જ ખરું ધન ગણતી હતી. શીલ અને સદાચારથી પવિત્ર આ દંપતી સાધુ-સાધ્વી થવાના મનોરથ સાથે શ્રાવક ધર્મને શોભાવી રહ્યા હતા.

એકવાર ધનશ્રીએ પતિને કહ્યું - આજે રાતે 'નાગદેવતાએ પોતાના કંઠમાંથી મૂલ્યવાન હાર કાઢી મારા કંઠે આરોપ્યો' એવું સ્વપ્ન મેં જોયું.

ત્યારે ધનદત્તે ખુશ થઇને કહ્યું - આ નાગદેવતા આપણા કુળદેવતા છે. તેથી મારી ધારણા છે કે એના પ્રભાવથી આપણને ભવ્ય-પવિત્ર પુત્રની પ્રાપ્તિ થશે.

ધનદત્તે બતાવેલા સપનાના તાત્પર્યનો ધનશ્રીએ સહર્ષ સ્વીકાર કર્યો. 'એમ જ થશે' એ રીતે વધાવ્યો. પછી તો સમય પૂર્ણ થયે ધનશ્રીએ સર્વાંગ સુંદર, પ્રિયદર્શન, લક્ષણવંતા બાળકને જન્મ આપ્યો, જાણે કે પૂર્વ દિશામાં શુક્રનો ઉદય થયો.

સમૃદ્ધ ધનદત્તે બાળકના જન્મના આનંદમાં સહુને સહભાગી કરવા મહોત્સવ કર્યો. પછી સ્વજનો આગળ સ્વપ્નદર્શનને આગળ કરી એનું નામ **નાગદત્ત** એમ જાહેર કર્યું. બીજના ચંદ્રની જેમ વધતા એણે અલ્પ કાળમાં જ બધી વિદ્યાઓ-કળાઓ ભણી લીધી. ગરીબના ઘરની દીકરી મોંઘવારીની જેમ વધે છે, ને શ્રીમંતના ઘરનો દીકરો બીજના ચંદ્રની જેમ વૃદ્ધિ પામે છે.

સમયને જતાં વાર લાગતી નથી. એક સેકંડને જતાં એક સેકંડ જેટલી જ વાર લાગે છે. પણ સુખિયાને એ જલ્દી જાય છે એમ લાગે છે ને દુખિયાને એ જવાને બદલે થંભી ગઇ હોય એમ લાગે છે.

સુખમય અને ધર્મમય જીવન જીવતા નાગદત્તનો સમય ઝડપથી જઇ રહ્યો હતો... તે નવયુવાનીના ઉંબરે આવી પહોંચ્યો. રૂપ પણ જબરદસ્ત ખીલ્યું હતું. ભલભલી રૂપસુંદરીઓ આકર્ષિત થઇ જાય એવું કસાયેલું-સોહામણું શરીર હોવા છતાં એ મનથી એવો મજબૂત હતો કે કોઇ સામે ચાલીને આવતી સુંદરીના પણ આકર્ષણમાં લપટાયો ન હોતો.

પિતા સાથે રોજ દેરાસર-ઉપાશ્રય જતા એણે ત્યાં પધારતા પ્રાયઃ બધા

ધર્માચાર્યોનો સત્સંગ કર્યો હતો. ધર્મચર્ચા એનો પ્રિય વિષય હતો. તપ-ત્યાગમાં એની રુચિ હતી. પરમાત્મભક્તિમાં એ બધું ભૂલી જતો હતો.. તત્ત્વજ્ઞાનનો એ ભૂખ્યો હતો. વૈરાગી ગુરુ ભગવંતોના પરિચયથી ને વીતરાગ પરમાત્માની ભક્તિથી એ પોતે પણ વિષયવિમુખ થઇ ગયો હતો. તેથી પરણવા યોગ્ય ઉંમર થવા છતાં ને શ્રીમંત શેઠોની સ્વરૂપવતી કળાકુશલ કન્યાઓના માંગા સામેથી આવવા છતાં એણે એક પણ કન્યા અંગે રુચિ બતાવી નહીં.

'પુત્ર લગ્ન નહીં કરે તો સંસારસુખથી વંચિત રહી જશે' એવી ભ્રમણાથી ને 'પુત્રવધુ આવશે તો ભવિષ્યમાં આરામ રહેશે' એવી કલ્પનાથી ઘેલા થયેલા ધાર્મિક પણ માતા-પિતા પુત્રને વૈરાગી જોઇ ચિંતામાં પડ્યા. લગ્ન, સંબંધ, વિષયભોગમાં જ સુખ છે એવી એકાંગી માન્યતામાં ફસાયેલા સંસારીઓ વૈરાગ્યની મસ્તી, તત્ત્વજ્ઞાનનો આનંદ, આત્મચિંતનની પ્રસન્નતા ઇત્યાદિ અંગે ને તેથી જ ખરા સુખના સ્વામી થવાય ઇત્યાદિ અંગે વિચારી શકતા નથી ને ગુરુ વગેરે કહે તો માની શકતા નથી.

મોટે ભાગના શ્રાવકો પણ સામાન્ય ભૂમિકામાં હોય છે. તેઓ લોકોમાં જે ચાલતું હોય, મનાતું હોય, એથી ઉપર ઉઠી શકતા નથી. બધાના છોકરા સંસારમાં પડતા હોય ને પોતાનો છોકરો વૈરાગ્યની વાત કરે, તો તેઓને છોકરો અલગ પડી જવાનો ડર લાગે છે, મા-બાપ તરીકેની ભૂમિકામાં ઉણા ઉતર્યાનો વસવસો થાય છે ને સંસારી લોકોથી નોખા-અલગ ભૂમિકાથી કંપી જાય છે.

'સાધુ તો ગરીબ, બેકાર, દુઃખી હોય તે જ થાય' એવી લોકોએ ફેલાયેલી ને ગાઢ થઇ ગયેલી ગેરસમજના લગભગ બધા શિકાર થઇ ગયા છે. તેથી દીકરો દીક્ષાની વાત કરે એનો અર્થ લોકોની દૃષ્ટિએ એવો જ વિચારે કે ચોક્કસ એને કશુંક દુઃખ-તકલીફ હશે. તે સમયે મા-બાપને આમાં અહંકાર ઘવાવાની ભૂમિકા લાગે છે. વળી, દીક્ષાજીવન એટલે અનિચ્છાએ માત્ર દુઃખ જ સહેવાનું જીવન, ત્યાં તો કોઇ ઇચ્છા પૂરી કરી શકાય જ નહીં એવી પણ માન્યતા હોય છે.

હકીકતમાં જેમ સ્ત્રીસુખના રાગીને એમાટે સ્ત્રીવગેરેથી આવતી પીડા-વિડંબના પણ ભારી નથી લાગતી, એમ વૈરાગીને જે થોડા ઘણા શારીરિક કષ્ટ

છે, એ પણ પીડાકારી-ભારી લાગતા નથી ને એને એવી કોઇ ઇચ્છા જ થતી નથી કે જે પૂરી કરવામાં વાંધો આવે.

પુત્રવધુ આવ્યા પછી પુત્રના હૃદયમાં મા-બાપનું સ્થાન ગૌણ થઇ જતું મોટે ભાગે જોવા મળે છે. ત્યાં પુત્ર મા-બાપને જ આજ્ઞાંકિત રહેવાના ટકા ઘણા ઓછા હોવા છતાં મા-બાપ ખૂબ આશાવાદી જોવા મળે છે ને એ જ દીકરો દીક્ષાની વાત કરે તો દીક્ષામાંથી પાછા ફરનારાઓની સંખ્યા ખૂબ ઓછી હોવા છતાં દીકરા માટે એવી નેગેટીવ કલ્પના કરી નાખે છે.

પુત્રવધુના કારણે અલગ થઇ ગયેલા પુત્રને જોઇ જીવ બાળવાના કમભાગ્યવાળા જીવો ઘણા છે, પોતાનાથી નોખો થઇને ગુરુની સેવામાં લાગેલા પુત્રને જોઇ રાજી થવાના સૌભાગ્ય બહુ ઓછાને પ્રાપ્ત થાય છે. દીક્ષાની ઇચ્છાવાળાએ પણ પૂર્વ ભવમાં ઘણાને પ્રેમથી કે દ્વેષથી, મોહથી કે ક્રોધથી આરાધનાના યોગોમાં પ્રાયઃ અંતરાય કર્યા હોય છે, તેથી આ ભવમાં એવા મોહાધીન મા-બાપ મળે કે જે દીક્ષાર્થી-વિનીત પુત્રની ભાવના-ઇચ્છાને ઠોકરે ચડાવે ને અવિનીત-ઉદ્ધત પુત્રના બધા તોફાનો ચૂપચાપ સ્વીકારી લે.

નાગદત્તના પિતા ધનદત્ત સારા શ્રાવક હોવા છતાં એકના એક પુત્ર પ્રત્યે મોહાધીન થયા ને તેથી એ વૈરાગ્ય છોડી સંસારના રાગવાળો થાય એમાટે શ્રીમંત મા-બાપોના વંઠેલા-ઉલ્લંઠ-બધી વાતે પૂરા શૂરા યુવાનોને નાગદત્તના મિત્ર થઇ એને બધે સાથે રાખી સંસાર રંગ લગાડવાની ભલામણ કરી. અહો મોહની વિડંબના ! મા-બાપની અહિતકારિતા ! પુત્રના અનંત ભવિષ્યને બરબાદ કરવાની ભૂલ ! અનંત કાળે મળેલી માનવભવીય આત્મહિતકર તકને ધૂળમાં મેળવી દેવાની ધિઠાઇ !

પણ નાગદત્ત સાવધ હતો. પ્રભુ ભક્તિ-જ્ઞાનોપાસના છોડવા માંગતો ન હોતો. એકવાર મિત્રોના આગ્રહથી અનિચ્છાએ પણ નાગદત્તને ઉપવન-ઉદ્યાનમાં ક્રીડામાટે જવું પડ્યું. ત્યાં સહસ્રામ્ર વન હતું - એક હજાર આંબાના વૃક્ષોથી એ સ્થાન શોભી રહ્યું હતું. જેમ વાણિયાને દરેક ઠેકાણે વેપાર ને કમાણી દેખાય, એમ નાગદત્તને અહીં પણ સુંદર જિનાલય જોઇ દર્શન-પૂજાના ભાવ

જાગ્યા. એની પાછળ બધા મિત્રોએ સ્નાન કરી ત્યાં ઉપલબ્ધ પૂજાના કપડા પહેરી સહજ પ્રાપ્ત ફુલો લઇ બધા દેરાસરમાં પ્રવેશ્યા.

એ દેરાસરમાં એ પહેલા જ કોઇ કન્યાએ આવી સુંદર પૂજા-આંગી કરી હતી. નાગદત્ત આવી સરસ પૂજા-આંગીથી વિસ્મય સહ આનંદ પામ્યો. 'વાહ! મારા પ્રભુના કોઇ વહાલા ભક્તે મારા પ્રભુની કેવી સુંદર પૂજા-આંગી કરી છે !' એમ અનુમોદના કરવા લાગ્યો.

જોગ-સંજોગથી એ કન્યા તે વખતે ત્યાં જ હતી. એ કન્યાએ સુરૂપ ધર્મપ્રિય પરમાત્મભક્ત નાગદત્તને જોયો. તેથી એ પ્રથમ દૃષ્ટિએ જ નાગદત્ત પ્રત્યે આકર્ષિત થઇ. છતાં પોતાની સખીઓને એ વાતની ખબર પડે નહીં એ રીતે નાગદત્તના રૂપ-લાવણ્ય તરફ વારંવાર નજર ફેરવતી તે દેરાસરમાંથી બહાર નીકળી.

નાગદત્તે ઉલ્લાસભેર ભાવપૂર્વક પૂજા કરી પછી મિત્રોને કહ્યું - હે મિત્રવરો ! તમે મને એ બતાવો કે ભગવાનની આવી ભવ્ય અંગરચના જે કન્યાએ કરી, એ કન્યા કોણ છે, કયા શેઠની પુત્રી છે ?

જેમ ધનરસિકોને કોની પાસે કેટલું ધન છે ઇત્યાદિની માહિતી હોય છે, ભોજન લોલુપોને કઇ હોટલની કઇ વાનગી ટોપ એ વાતની ખબર હોય છે, એમ આ ભોગરસિક યુવકોને નગરમાં કયા શેઠની કઇ કન્યા છે ને તે કેવી છે, એ બાબતની પૂરી જાણકારી મોઢે હતી. તેથી તેઓએ તરત કહ્યું - મિત્ર ! આ તો **પ્રિયમિત્ર** સાર્થવાહની પુત્રી **નાગવસુ** છે. આની માતાનું નામ **નાગશ્રી** છે. જેમ તું પુરુષોમાં દેખાવ વગેરેમાં ટોચપર છે, એમ આ કન્યા નગરની કન્યાઓમાં બધી રીતે ટોચ પર છે. અમને લાગે છે કે વિધાતાએ જ તમારા બેની જોડી બનાવી છે. શ્રેષ્ઠ જોડી રચવાની ઇચ્છાને વિધાતાએ તમારા બે દ્વારા પૂરી કરી છે. જો તમારા બેનો સર્વજન માટે તુષ્ટિ-પુષ્ટિ દાયક સંગ-મિલાપ થાય, તો એ અમારા શ્રેષ્ઠ આનંદનો વિષય થશે.

ત્યારે આ સાંભળી કાંક વિલખા પડેલા નાગદત્તે ખુલાસો કર્યો... દોસ્તો! આ કન્યાનું ભગવાનની પૂજા અંગેનું વિશિષ્ટ કૌશળ જોઇ મેં તો સહજભાવે

પૂછપરછ કરી. તમે તો એટલામાત્રથી ઘણું લાંબુ વિચારી લીધું. બાકી દીક્ષામય નિર્દોષ જીવન વિતાવી આ ભવને સાર્થક કરવાના મનોરથવાળા મને કંઇ આ કન્યા પ્રત્યે કોઇ રાગ કે આકર્ષણ નથી. તેથી મારી આગળ તમારી આવી વાત સાવ દમ વિનાની છે.

આમ વાતો કરતા કરતા તેઓ દેરાસરમાંથી નીકળી પોત પોતાના સ્થાને ગયા. નાગવસુ પણ જૈન હતી. પરમાત્મભક્તિ વગેરેમાં સારા રસવાળી હતી. પણ એ કંઇ વૈરાગી ન હોતી. તેથી જ જે ક્ષણે નાગદત્તને જોયો, એ ક્ષણથી જ જાણે કે પૂર્વ ભવના સ્નેહાનુબંધથી ખેંચાયેલી એ નાગદત્તમય થઇ ગઇ. ભક્ત જેમ ભગવાનના ધ્યાનમાં ખોવાઇ જાય છે ને ખાવું-પીવું વગેરે ભૂલી જાય છે, એમ આ નાગવસુ નાગદત્તના જ વિચારમાં ખોવાઇ ગઇ. ભોજન-પાણી-વાતો-ચીતો બધું જ ભૂલી ગઇ. જાણે કે ચિત્રમાં રહેલી કન્યા જેવી થઇ ગઇ. એની સખીઓએ આ સમાચાર એની માતાને આપ્યા.

વૈરાગ્ય, એ પણ વિવેકપૂર્વકનો એ અનંતકાળે ક્વચિત જ મળનારી દુર્લભતમ અવસ્થા છે. પાંચ ઇન્દ્રિય અને મન જીવને સતત રૂપઆદિ તરફ જ ખેંચે રાખે છે. જીવ કંટાળીને પણ વૈરાગી થઇ જાય નહીં, એ માટે સતત વેરાયટીઓ પણ બદલાવ્યા કરે છે. જીવની મોક્ષતરફી અધ્યાત્મ યાત્રાનું મહત્ત્વનું સોપાન છે - વિષયવૈરાગ્ય. આ વૈરાગ્યના બળપર જ જીવ ઉચ્ચતર ગતિઓ રૂપ ભૌતિક વિકાસ અને ઉચ્ચતમ અધ્યવસાયો-ગુણસ્થાનકો રૂપ આધ્યાત્મિક વિકાસ સાધી શકે છે.

જેને કશું નથી જોઇતું એવા વૈરાગીના ચરણમાં જગતની શ્રેષ્ઠતમ પદવી-પ્રતિષ્ઠા-પ્રાપ્તિઓ આળોટતી હોય છે. તેથી જ વૈરાગ્ય ચિંતામણિ, કામઘટ, કામધેનુ, પારસમણિ છે. એક ભવમાં પણ જે આ વૈરાગ્યને જાળવી લે છે, એના ઉજ્જવળતમ ભવિષ્ય ઇતિહાસમાં સોનેરી શબ્દોથી આલેખાય છે, ને તીર્થંકરો પણ એમના ચરિત્રો વર્ણવે છે, દૃષ્ટાંત રૂપે આપે છે.

આ વૈરાગ્ય કરતાં કાંક નીચે પણ એ માટે અનુકૂળ બનતો રાગ છે - સ્થાનપર રાગ-ગુણસભર વ્યક્તિ પર ઉદ્ભવતો રાગ. ગુણસભર વ્યક્તિ પરનો

રાગ એ રાગ કરનારાનું પ્રાયઃ અવશ્ય કલ્યાણ કરી શકે છે - ભવિષ્યમાં વૈરાગ્ય વગેરે પેદા કરાવીને.

નાગવસુનો નાગદત્ત પરનો પ્રથમ નજરે જ થયેલો રાગ અલબત્ત કામરાગ હતો, પણ અત્યંત ગુણવાન વ્યક્તિ પર હતો. હવે નાગવસુને જાણે કે નાગદત્ત વિના કશું દેખાતું જ નથી. એ જેમ-જેમ નાગદત્ત અંગે વિચારતી ગઇ, તેમ-તેમ નાગદત્તમય બનતી ગઇ. એની સખીઓએ એની આ હાલતની વાત એની માતા નાગશ્રીને કરી.

નાગવસુ પાસે આવી વાત્સલ્યભાવે ચિંતાભર્યા વદને નાગશ્રીએ પૂછ્યું- હે અતુચ્છ ગુણવાળી મારી દીકરી ! તારી આ હાલત કેવી રીતે થઇ ? શરીરમાં ક્યાંય તને પીડા થઇ રહી છે ? ત્યારે નાગવસુએ કહ્યું - માતા ! મને કશી ખબર પડતી નથી, પણ કોણ જાણે કેમ પણ મને જાણે કે આખા શરીરે આગ લાગી રહી છે... દાહજ્વર પેદા થયો લાગે છે...

ત્યારે એની સખીઓએ મશ્કરીના ભાવસાથે કહ્યું - અહો ! આ વાત છે ? તો તો અમને ખબર પડી ગઇ - કેમ તને દાહજ્વર ઉપડ્યો છે ? તેં ચોક્કસ સવારે મીઠાવાળું પાણી પીધું છે. નાગવસુ આ સાંભળી શરમથી નીચે મોં રાખી વિચારવા માંડી - અહો ! દરેક ઠેકાણે સાથે રહેતી આ સખીઓ મારા મનના ભાવને પણ જાણી ગઇ.

નાગશ્રીએ સખીઓને પૂછ્યું - મજાક છોડી તમે સાચી વાત કરો... મને ચિંતા થાય છે. આ બળી રહી છે ને તમને મજાક સૂઝે છે.

ત્યારે સખીઓએ સવારના દેરાસરમાં બનેલો પ્રસંગ વર્ણવી કહ્યું - એના મનનો માણીગર એને પીડી રહ્યો છે. પણ અમને અત્યંત આનંદ એ વાતે છે કે અમારી આ સખીએ અત્યંત શ્રેષ્ઠ યુવકને પ્રિયતમ માન્યો છે.

નાગશ્રીએ બધી વાત જાણી લીધી. એના હૈયે ધરપત થઇ કે દીકરીએ ઉચિત યુવકપર અનુરાગ કેળવ્યો છે.

વર્ત્તમાનમાં પણ આ રીતે છોકરીઓ પ્રેમના ચક્કરમાં પગ મૂકી દે છે. પણ પવિત્ર પુણ્યના અભાવવાળી તેઓ વિવેકભાન વિના જેને તેને મનથી વરે

છે ને પછી ઘરમાં આગ લગાડે છે. મા-બાપે છોકરા-છોકરી બાર-ચૌદ વર્ષના થાય ત્યારથી જ એક બાજુ સાધુ-સાધ્વીજીના નજીકના પરિચયમાં લાવી દેવા જોઇએ, ને જો એમને વૈરાગ્યથી દીક્ષાના ભાવ થાય, તો લાપસી રંધાવી જોઇએ.. હાશ ! મારા સંતાન કીચડમાં ફસવાના બદલે ઊર્ધ્વગામી થઇ રહ્યા છે.

બીજી બાજુ એમને પહેલેથી જ સમજાવી દેવા જોઇએ કે અમે તમને સ્કુલ-કોલેજમાં ભણવા મોકલીએ છીએ કે જેથી ભવિષ્યમાં તમને વાંધો આવે નહીં. નહિ કે પ્રેમના લફરામાં ફસાવા માટે. છતાં જો મોહાધીન તમે પ્રેમના ચક્કરમાં પડવાના જ હો, તો તમારે બે વાતનું સ્પષ્ટ વચન આપવું પડશે (૧) એ ધાર્મિક જૈન યુવક-યુવતી જ હોવા જોઇએ ને (૨) લગ્ન પહેલા કોઇ શારીરિક સંબંધ બાંધવાનો નહીં. પસંદગી ભલે તમારી હશે, પણ ચકાસણી અમારી હશે. અસ્તુ!

નાગશ્રી તરત પતિ પ્રિયમિત્ર પાસે ગઇ. બધી વાત કરીને કહ્યું - આ નાગદત્ત નગરમાં બીજા પણ ઘણા મોટા-મોટા શેઠોની નજરમાં વસ્યો છે. તેથી બીજા કોઇ શેઠ તરફથી પોતાની કન્યા માટે માંગુ આવે ને એના પિતા સ્વીકારી લે, એ પહેલા તમે જ શુભસ્ય શીઘ્રં કરો. આજે જ એ શેઠ પાસે જઇ આપણી પુત્રી માટે વાત કરી આવો. મોડા પડીશું તો આપણે રતન જેવો જમાઇ તો ગુમાવીશું જ, પણ આપણી રતન જેવી કન્યા પણ ગુમાવીશું, કારણ કે એ વિરહાગ્નિમાં બળીને મરી જશે.

પ્રિયમિત્રે પણ કહ્યું - તમારી વાત બરાબર છે. દીકરીએ ઉચિત સ્થાને અનુરાગ કેળવ્યો છે. બંનેનો સંબંધ થાય એ અતિ ઉત્તમ છે. હું આજે જ વાત કરી આવીશ.

નાગશ્રીએ તરત આ વાત નાગવસુપાસે આવી એને કરી ને કહ્યું - હવે તારે આ રીતે ખોટા વિચારોમાં ચડી દુઃખી થવાની જરુરત નથી. તું આનંદમાં આવ.

પ્રિયમિત્ર પણ સારા શુકન લઇ ધનદત્તને ઘરે ગયો. ધનદત્તે પણ યોગ્ય આવકાર આપી તથા ઉચિત રીતે સ્વાગત કરી આવવાનું પ્રયોજન પૂછ્યું. પ્રિયમિત્રે કહ્યું - હે ભાગ્યશાળી શેઠ ! આ પૃથ્વીપર જે કાંઇ શ્રેષ્ઠ રત્નવગેરે

ઉત્પન્ન થાય છે, એ બધું તમારા ભવનમાં સ્થાન પામે છે, એમ મેં સાંભળ્યું છે. તેથી જ હું મારા ઘરે ઉત્પન્ન થયેલું શ્રેષ્ઠ કન્યારત્ન આપના ભવનમાં પધારે એવી પ્રાર્થના કરવા આવ્યો છું. મારી પુત્રી નાગવસુ રૂપ, લાવણ્ય, કળા, ધર્મરુચિ, સંસ્કાર ઇત્યાદિ દરેક બાબતમાં શ્રેષ્ઠતાની ટોચે છે. મારી દીકરીના મારે શા વખાણ કરવા ? સામે આપનો પુત્ર નાગદત્ત પણ સર્વ વાતે સંપન્ન છે. શ્રેષ્ઠ છે. વિધાતા પણ જાણે કે ઇચ્છે છે કે બંને શ્રેષ્ઠ રત્નોનો ભલે સંબંધ થાઓ. તો તમે મારી વાત સ્વીકારો. મારી કન્યા તમારા પુત્ર માટે સ્વીકારો.

ધનદત્તે કહ્યું–અહો પ્રિયમિત્ર શેઠ ! તમે અવસરોચિત બોલવામાં કુશળ છો. તમારી કન્યા નાગવસુ અંગે મેં પણ સાંભળ્યું છે. મને પણ આ સંબંધ ઇષ્ટ લાગે છે, પણ મારો દીકરો આ ક્ષણે તો વિષયવિમુખ ભાસી રહ્યો છે.

પ્રિયમિત્રે કહ્યું – તમારી વાત બરાબર છે. પણ મારી દીકરી તો મનોમન એને વરી ચૂકી છે. એના વિના બાકી બધાને ભાઇ–બાપા માને છે.

ધનદત્તે કહ્યું – જો એમ જ હોય, તો હું મારા દીકરા આગળ તમારી વાત સ્પષ્ટ રૂપે કહીશ. માની લો કે તમારી વાત સ્વીકારાઇ ગઇ છે.

પ્રિયમિત્ર ખુશ થઇને ઘરે ગયા. ધનદત્તે નાગદત્ત આગળ આ વાત કરી કહ્યું – તું દીક્ષાની વાત ભૂલી જા. અમારે તારા લગ્નના લહાવા લેવા છે. અને અમને આ કન્યાથી ચઢિયાતી કોઇ સ્ત્રી પુત્રવધુ તરીકે નજરે ચડતી નથી. તારે વાત માનવી જ પડશે.

પિતાનો આદેશ સાંભળી વિનીત નાગદત્ત કશું બોલી શક્યો નહીં. પિતાએ એના મૌનમાં એની સંમતિ માની લીધી.

પણ સંસારની કઇ કથા એમ જલ્દી પૂરી થઇ છે ? કોઇ નાયક હોય, તો કોઇ ખલનાયક હોવાનો જ. નાટકપ્રિય કર્મસત્તાને નાટક રોમાંચક કરવા નવા–નવા રંગ ઉમેરવા ગમે છે, ને મોહવશ થયેલો જીવ એવા ભાવ ભજવવા તૈયાર થઇ જાય છે. પ્રસ્તુતમાં પણ એમ જ થયું.

જિતશત્રુ રાજાએ **વસુદત્ત** નામના ક્ષત્રિયની નગર રક્ષક તરીકે નિમણુંક કરી હતી. વસુદત્તના કાર્યોથી રાજા એના પર પ્રસન્ન પણ હતા. આ વસુદત્ત પણ

નવજવાન હતો. એ પણ સારી કન્યાની શોધમાં હતો. એમાં એકવાર રસ્તાપરથી જતાં એણે પોતાના મકાનના ગવાક્ષમાં બેઠેલી નાગવસુને જોઇ. એના રંભાને શરમાવે એવા રૂપથી ઘાયલ થયેલા વસુદત્તે સીધા જ એના ભવનમાં પ્રવેશી પ્રિયમિત્ર સાર્થવાહને કહ્યું – હે સાર્થવાહ ! તમારી પુત્રી તમે મને આપો. સ્ત્રી ને છાશ માંગવામાં શરમ શાની ? તમે સમજી લો, તમારી કન્યાનો હું સુયોગ્ય વર છું... તમારો જમાઇ.

ત્યારે પ્રિયમિત્રે કહ્યું – વસુદત્ત ! તમારી વાત સાચી છે. પણ આર્ય સંસ્કૃતિમાં કન્યા એકવાર જ અપાય છે. મેં સામે ચાલીને ધનદત્ત શેઠના પુત્ર નાગદત્તને મારી કન્યા આપવાનું જણાવી દીધું છે. આમ મારી કન્યા નાગવસુ નાગદત્તની વાગ્દત્તા છે. એકવાર આ રીતે અપાઇ ગયા પછી બીજીવાર કેવી રીતે આપી શકાય ?

ત્યારે સત્તા અને ધન બંનેથી ગર્વિષ્ઠ થયેલા વસુદત્તે જાણે કે પૈસાથી બધા કામ થઇ જાય એવી માન્યતાથી પ્રેરાઇને ઉદ્ધતાઇપૂર્વક કહ્યું – હે શેઠ ! તમારી કન્યા એની યાચના કરતા મને સોંપી દો. એના બદલામાં તમે જેટલું જોઇએ એટલું ધન માંગી લો. હું આપવા તૈયાર છું.

પોતાના દિલના ટુકડા સમાન દીકરી જાણે વેંચવા લાયક વસ્તુ હોય એવી રીતે થતી વાતથી મનમાં અત્યંત ઉદ્વિગ્ન થવા છતાં ઘરે આવેલા સાથે ઉદ્ધતાઇ કરવી સારી નથી એમ સમજી શેઠે હસીને કહ્યું – હે નગરરક્ષક ! શું મારી પાસે કન્યાઓનો ભંડાર છે કે જેથી આ રીતે હું એમનું મૂલ્ય ઠરાવી વેંચવા કાઢું ? મારી કન્યા મારા માટે આંખનું રતન છે. રૂપિયાના લોભમાં હું એનું વેચાણ કરી શકું નહીં. ને નાગદત્તને અપાયા પછી બીજા કોઇને આપવી ઉચિત પણ ગણાય નહીં.

સત્તાના ને રાજાને પ્રિય હોવાના તોરમાં રહેલો વસુદત્ત આ રીતે 'ના' સાંભળવા ટેવાયો ન હોતો. તેથી શેઠ તરફ 'ના' સાંભળવા પર મનોમન ઉકળી ગયેલા એણે ઘરે જતાં જતાં ને ઘરે જઇને એક જ વિચાર કર્યો... જ્યાં સુધી આ દુષ્ટ નાગદત્ત જીવે છે, ત્યાં સુધી તો એ કન્યા મારી થશે નહીં. ને હું જે ઇચ્છું તે

મેળવીને જ રહું છું. તેથી હવે આ કન્યા મેળવવા મારે આ નાગદત્તને કોઇ ગુનામાં સપડાવવો પડશે. એ ગુનાની રાજા શૂલિની સજા કરે, તો મારું પ્રયોજન સરશે. હવે તો નાગદત્તના મોત વિના મને ચેન નહીં પડે.

'હું જે ઇચ્છું છું, તે મેળવીને જ રહું છું' એવું વિચારવા-બોલવા-કરવાવાળા કદી સજ્જન રહેતા નથી. દુષ્ટ-દુર્જન જ આમ વિચારી કે કરી શકે. સજ્જન તો એમ જ વિચારે-બોલે કે 'ઇચ્છા તો ઘણી થાય, પણ જે ઉચિત હોય ને જેટલું ભાગ્ય હોય એ જ - એટલું જ મળે, ને એ જે મળે એને જ સર્વશ્રેષ્ઠ ગણી ઉમળકાથી સ્વીકારી લેવું જોઇએ.'

પહેલા પુણ્ય-યોગ્યતા ઇત્યાદિ કશું વિચાર્યા વિના ઇચ્છા કરવી, પછી એ મેળવવા ધમપછાડા કરવા, ખટપટો કરવી, કપટ આદરવા, દાદાગીરી કરવી, ચાલબાજીઓ રમવી ઇત્યાદિ વાતો સજ્જનોને ફાવતી વાતો નથી.

હવે આ વસુદત્ત દુષ્ટતાથી નાગદત્તના છિદ્રો જોવા-શોધવા જાણે કે ભૂત-પ્રેતની જેમ લાગી ગયો. જો કે ધર્મપ્રિય શ્રાવક નાગદત્તનું જીવન જ એવું સ્વચ્છ હતું કે વસુદત્ત એની કોઇ ખામી શોધી શકતો ન હોતો. આ નિમિત્તે પણ વસુદત્તને નાગદત્તનું રોજીંદુ જીવન બારીકાઇથી જોવા મળ્યું. એમાં માત્ર પવિત્ર ભાવ જ ઉપલબ્ધ થયા. તેથી ખરેખર તો વસુદત્તે નાગદત્ત પ્રત્યે અહોભાવ ઊભો કરવો જોઇતો હતો કે 'અહો, જવાન વય, સુંદર રૂપ, ભરપુર ધન ને છતાં કેવું નિષ્પાપ જીવન. હું જેને ચાહું છું, જો એના પર મને ખરો પ્રેમ હોય, તો એના સુખે મારે સુખી થવું જોઇએ. તેથી નાગવસુ નાગદત્તને પરણી અવશ્ય સુખી જ થશે, તો એ વાતે મારે ખુશ થવું જોઇએ.'

પણ વસુદત્તની આ ભૂમિકા હતી નહીં. એ નાગવસુના ગુણને નહીં, રૂપને ઓળખતો હતો. બહારની ચામડી માત્રથી પ્રેમની વાત કરનારો ખરેખર તો વાસનાની જ રમત રમે છે ને વાસના-ગ્રસ્ત થયેલામાં ઉપરોક્ત વિચારરૂપ વિવેક રહે પણ કેવી રીતે ?

વસુદત્તને આમ તો નાગદત્તનો કોઇ અપરાધ નજરે ચઢ્યો નહીં. એ તો નાગદત્તને ખતમ કરવા ઉતાવળો થયો હતો. અધીરો થયો હતો.

એમાં એકવાર જિતશત્રુ રાજા ઘોડે ચઢી બહાર ફરવા નીકળ્યા. પાછા ફરતા ક્રીડામાટેના મેદાન-ઉદ્યાન તરફથી નીકળ્યા. ત્યારે ઘોડાના કૂદવાથી ને પોતાની ગફલતથી કાનનું એક રત્નમય કુંડળ પડી ગયું. ત્યારે તો ઘોડાને કાબૂમાં રાખવામાં મશગૂલ રાજાને ખબર પડી નહીં. જાણે કે તોફાને ચડેલા મનને ઠેકાણે લાવવા મથતા સાધકને આગળ-પાછળ શું થાય છે એની ખબર રહેતી નથી. રાજા સાથે રહેલા બીજાઓને પણ ઘોડાઓની ધૂળની ડમરીમાં એ વાતની ખબર પડી નહીં.

મહેલમાં આવ્યા પછી મૂલ્યવાન ઘરેણાઓ એ ઘરેણાઓ સંભાળતા કર્મચારીને સોંપવા જતાં ખ્યાલ આવ્યો કે કાનનું એક કુંડળ ખોવાયું છે. વસ્તુનો મોહ ધનકુબેર રાજાને પણ વિહ્વળ કરી શકે છે. શ્રીમંત થવામાં એક ગુનો એ છે કે શ્રીમંતાઇના પ્રદર્શન માટે પોતે મૂલ્યવાન વસ્તુ વસાવે ને પછી પોતાની ગફલતથી એ ગૂમ થાય, ત્યારે નોકર વગેરે પર ચોરીનો આરોપ કરી એને રંજાડવામાં માણસાઇ પણ ભૂલાઇ જાય.

રાજા પણ કુંડળ ખોવાવાથી વિહ્વળ થઇ ગયા. પોતાની ગફલતથી ખોવાયું છે એમ માનવામાં તો રાજા તરીકેનો અહંકાર આડે આવે. તેથી માની લીધું કે કોઇએ ચોરી લીધું છે. તેથી વસુદત્તને આજ્ઞા કરી. હે નગરરક્ષક ! મારું રત્નમય કુંડળ જેણે પણ લીધું હોય, એને ને એના વારસદારને પણ સખત સજા કર. જા તપાસ કર.

રાજાના આદેશને શિરોધાર્ય કરી વસુદત્તે પોતે ને બીજાઓ દ્વારા કુંડળની શોધ આરંભી.

આ બાજુ નાગદત્ત સંધ્યા સમયે ઉદ્યાનગત દેરાસરમાં સંધ્યાભક્તિ માટે અને કાઉસગ્ગ ધ્યાન માટે એ તરફ જવા નીકળ્યો. રસ્તામાં એની નજર મૂલ્યવાન કુંડળ પર પડી. આ તો પરમાત્માના વચનને પામેલો ને સાધુ થવાની ભાવનાવાળો શ્રાવક હતો. એણે તો ત્રીજા સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રતમાં જમીન પર પડેલી બીજાની વસ્તુને હાથ પણ લગાડવો નહીં એવો નિયમ લીધો હતો.

એણે વિચાર્યું-'આ રસ્તે જઇશ તો ભલે વ્રતના કારણે કુંડળ લઇશ નહીં, છતાં ચંચળ મન એ તરફ આકર્ષાઇ જશે ને ખોટા વિચારો કરી માત્ર પાપના પડીકા જ બંધાવશે. તેથી જ મારા માટે આ રસ્તો અનાયતન સમાન છે. મારા શુભભાવમાટે ઘાતક છે.' આવી પવિત્ર ભાવનાથી એણે તો રસ્તો જ બદલી નાખ્યો.

એ તો રસ્તો બદલી સહજભાવે ઉદ્યાનમાં ગયો. ત્યાં દેવાધિદેવના ભાવથી દર્શન કર્યા. સ્તુતિ બોલ્યો. ઉચિત કાર્ય કરી કાઉસ્સગ્ગ-ધ્યાનમાં સ્થિર થયો.

ધર્મીને પણ પૂર્વ ભવમાં કરેલા કર્મ ઉપાધિમાં નાખે છે, ને એની ધર્મ ભાવનાને જાણે કે ચકાસવા માટે જ એની ધર્મમય ભાવના-આરાધના વખતે જ અચાનક ભયાનક સંકટ આવી જાય છે કે જે માટે આ ભવમાં એ જરા પણ જવાબદાર નથી હોતો, બલ્કે એ તો સારું જ કરવા જાય છે, ને ખોટું થઇ જાય છે.

અહીં પણ એવું જ થયું... જોગ સંજોગથી કુંડળ શોધતા શોધતા વસુદત્ત પણ ત્યાં આવ્યો હતો. એણે જોયું, નાગદત્તે અચાનક રસ્તો બદલ્યો. એના માટે તો નાગદત્તની દરેક ચેષ્ટા શંકાના દાયરામાં આવતી હતી. નાગદત્ત માટે જે સહજ હતી, એ પેલા માટે રહસ્યમય હતી.

એ વસુદત્ત નાગદત્તે રસ્તો કેમ બદલ્યો, તે જાણવાની જિજ્ઞાસાથી ત્યાં આવ્યો. તો એને નજર સામે જ રાજાનું કુંડળ ત્યાં પડેલું જોયું. એ સમજી ગયો કે આ કુંડળથી બચવા જ નાગદત્તે રસ્તો બદલ્યો. પણ એના ઝેરિલા થયેલા મનને એમાં નાગદત્તની મહાનતા દેખાવાના બદલે એને ફસાવવાનો અવસર દેખાયો.

ગુણાનુરાગ કેળવવા નિરપેક્ષભાવ=અપેક્ષારહિતનો ભાવ જરુરી છે. નિસ્પૃહતા વિના નિરપેક્ષભાવ આવતો નથી. વ્યક્તિરાગ અને વસ્તુરાગ છોડ્યા વિના નિસ્પૃહતા આવતી નથી. વૈરાગ્યવાસિત અંતઃકરણ થયા વિના આ રાગ છૂટતા નથી. જિનવચનથી ભાવિત થયા વિના વૈરાગ્ય આવતો નથી. જિનવચનની આરાધનામાં જ જીવન સમર્પિત કરનારા સાધુ ભગવંતોના સતત સત્સંગ વિના જિનવચનથી ભાવિત થવાતું નથી, ને તેવી યોગ્યતા પ્રગટ્યા વિના સાધુ પાસે

જવું ગમતું નથી.

વસુદત્તે જીવનમાં કદી સત્સંગ કર્યો નથી. એને જિનવચનની ખબર પણ નથી. એ તો સંસારરસિક છે – વૈરાગ્યની કોઇ વાત નથી. તેથી જ નાગવસુ પ્રત્યે તીવ્ર આકર્ષણ ઊભું થયું છે. તેથી જ એ નિસ્પૃહ કે નિરપેક્ષ ભાવવાળો નહીં હોવાથી એનામાં પ્રતિસ્પર્દ્ધીનું જે સારું છે, એ પણ સારા તરીકે જોવાની દૃષ્ટિ નથી, કારણ કે એની પાસે ગુણાનુરાગ નથી.

તેથી જ મૂલ્યવાન કુંડળ જોઇ ચિત્ત લલચાઇ જાય નહીં એ માટે નાગદત્તે રસ્તો બદલવા છતાં વસુદત્તને એની ઉત્તમતા અંગે માન થવાના બદલે ઈર્ષ્યાથી એને ફસાવવાનું મન થયું. ને બુદ્ધિ તો મનની બેન છે. એ શું કામ ભાઇને ખુશ રાખે નહીં ? **શ્રદ્ધાથી કામ લેવું એટલે મન તરફી બુદ્ધિથી ઉપર ઉઠીને કામ લેવું.**

વસુદત્ત બુદ્ધિજીવી હતો... શ્રદ્ધાસભર નહીં. તેથી જ બુદ્ધિથી વિચારી લીધું. પોતે જ પોતાની બુદ્ધિને શાબાશી પણ આપી દીધી. તેથી જ એણે વિચાર્યું- અહો ! આને ફસાવવાનો સારો અવસર મળી ગયો. ભલે આ નાગદત્ત કુંડળને જોઇ અગ્નિકુંડ સમાન માની ખસી ગયો. પણ એની આ સજ્જનતા જ એના માથે ઠોકવી પડશે.

આમ વિચારી પોતાના માટે ભાવીમાં મહા અપશુકન રૂપ થનારું કુંડલ લઇ એ નાગદત્તના માર્ગને અનુસરી સહસ્રામ્ર વનના દેરાસરમાં આવ્યો. પણ જેમ અભવ્યોને સાક્ષાત્ પ્રભુના સાંનિધ્યમાં પણ શુભ ભાવ પ્રગટતા નથી, એમ આને પણ દેરાસરમાં પ્રવેશવા છતાં શુભ-સરળ-નિષ્કપટ ભાવ પ્રગટ્યા નહીં. એણે તો નાગદત્તને કાઉસ્સગ્ગમાં ઊભેલો જોઇ એના ગળે જ દોરો પરોવી હાર જેવું બનાવેલું કુંડળ આરોપી લીધું.

પછી સૈનિકોને ત્યાં 'આ ભાગી જાય નહીં' એ માટે ચોકી માટે રાખી પોતે રાજા પાસે ગયો. પોતાના મુદ્દાને પ્રભાવક રીતે રજુ કરવા ને પોતે મધ્યસ્થ-સત્યપક્ષી છે એવો આભાસ ઊભો કરવા એણે રાજાને કહ્યું - હે સ્વામી ! ચંદનમાંથી અગ્નિ પ્રગટ થાય ને ચંદ્રમાંથી ઝેરની વૃષ્ટિ થાય તો ત્યાં આપણે શું

કરી શકીએ ? શ્રી ધનદત્ત શેઠ આપણા નગર માટે આધારસ્તંભ સમાન છે. પણ તેના જ પુત્ર નાગદત્તે પેલું કુંડળ ચોર્યું છે. આપની આજ્ઞાથી સમગ્ર નગરમાં અંદર-બહાર તપાસ કરતાં અમે નાગદત્તને સહસ્રામ્ર વનમાં જોયો. એની પાસે રહેલું આપનું કુંડળ પણ અમને જોવા મળ્યું. તેથી મેં એને ત્યાં જ અટકાવી ચોકી પહેરો રાખ્યો છે. હવે આપ જે આદેશ આપો, એ પ્રમાણે થશે.

રાજાએ પૂછ્યું - એ અત્યારે ક્યાં છે ? વસુદત્તે કહ્યું - જૈન દેરાસરમાં છે. રાજાએ ક્રોધ સાથે વસુદત્તને આદેશ આપ્યો - દીકરો બાપ જેવો હોય. તેથી જો દીકરાએ ચોરી કરી છે, તો તેના પિતા પણ એવા જ હોવા જોઇએ. તેથી તમે એના ઘરે જઇ એ ધનદત્તને પકડી જેલમાં નંખાવી દો. ને એના ઘરપર ચોકી પહેરો બેસાડી દો.

પેલા ચોર નાગદત્તને હમણાં ત્યાં જ પકડી રાખો. કાલે સવારે જાહેરમાં લોકોની સમક્ષ એની ઘણી વિડંબના કરવાપૂર્વક એને શૂલિએ ચઢાવી દો.

બિચારા રાજા ! નગરરક્ષકની વાતમાં આવી ગયા, ને એટલામાત્રથી અત્યારસુધી સજ્જન તરીકે જ પ્રખ્યાત ને એ રીતે જ અનુભવાયેલા ધનદત્તને પણ જેલમાં નંખાવવા તૈયાર થઇ ગયા. નાગદત્તને પણ પોતાની બાજુ રજુ કરવાનો અવસર પણ આપ્યો નહીં. આજ-કાલ જેમ ફેક એન્કાઉન્ટર થાય છે, એવી જ આ ઘટના હતી.

વસુદત્ત તો રાજાનો આદેશ મેળવી બહારથી મધ્યસ્થભાવ દેખાડી અંદરથી તો રાજી રાજી થઇ ગયો. પોતાને જે જોઇએ છે, એમાં અજાણતા પણ આડે આવેલા ને તેવી કશી જાણકારી વિનાના નિર્દોષ નાગદત્તને સપરિવાર ખતમ કરી નાખવાનો છૂપો ગર્વ પણ અનુભવવા માંડ્યો.

'હમ સે જો ટકરાયેગા... મીટ્ટી મેં મિલ જાયેગા' ના હુંકારપૂર્વક એ સૈનિકોને લઇ પહેલા ધનદત્તને ત્યાં જઇ એને કશું કારણ બતાવ્યા વિના જ અથવા નિર્દોષતાની ખાતરી કરાવવાની કોઇ તક આપ્યા વિના જ પરિવાર સહિત જેલમાં નાખી દીધા.

આ બાજુ સવારે નાગવસુ પોતાની સખીઓ સાથે એ જ સહસ્રામ્રવનમાં

રહેલા એ જ દેરાસરમાં પૂજાના આશયથી પ્રવેશી. એ ભગવાનની પૂજા એકાકાર થઇ કરી રહી હતી, ત્યાં જ નોકરોની સાથે વસુદત્ત ત્યાં આવ્યો ને મોટેથી બોલ્યો- અરે ! અરે ! હે સૈનિકો ! રાજાનું કુંડળ ચોરનારો આ નાગદત્ત છે. એને ઝડપથી પકડો અને મુશ્કેટાટ બાંધી દો.

એ વખતે નાગદત્તે વિચાર્યું - આમાં આ વસુદત્તનો શો દોષ ? એનો મને કોઇ વિશેષ પરિચય પણ નથી, ને મેં કશું ખોટું કામ કર્યું પણ નથી. છતાં આ રાજાની આજ્ઞાથી આ રીતે વર્ત્તે છે, તેથી માનવું જ રહ્યું કે મારા કર્મનો જ દોષ છે. મેં પૂર્વ ભવમાં કોઇક રીતે આને પરેશાન કર્યો હશે, એથી આવું વિપરીત કર્મ ઉદયમાં આવ્યું. ચાલો ! એક રીતે સારું થયું. આ વિપરીત કર્મ દૂર થાય નહીં, ત્યાં સુધી સુખનો પ્રકાશ મળવાનો ન હોતો, જેમ કે વાદળ ખસે નહીં ત્યાં સુધી સૂર્યપ્રકાશ મળે નહીં. આ રીતે પણ વિપરીત કર્મ ખપી જશે.

પણ આ બિચારાનું શું થશે ? આ રીતે મારી સાથે વર્ત્તી જીવદ્વેષના ભાવોમાં રહી, કેટલા બધા અશુભ કર્મ બાંધી રહ્યો છે. પરિણામે બિચારાને કેટલું બધું સહન કરવાનું આવશે ? હે જીવ ! તું ક્ષણભર ચાલનારી આ પીડાઓને જો સારી રીતે સહી લેશે, તો તારું ભવિષ્ય ખૂબ ઉજ્જવળ છે. વળી, તું ગુરુ ભગવંતો પાસે જે તત્ત્વ ભણ્યો કે જીવ શરીરથી ભિન્ન છે, શરીર નાશવંત છે - જીવ અમર. એ ભણતર તેં પચાવ્યું છે કે નહીં, એની પરીક્ષાનો આ અવસર છે.

વળી, જેઓએ સ્વયં કષ્ટો-ઉપસર્ગો સહન કરી જીવ-શરીર ભેદનો સાક્ષાત્કાર કર્યો છે ને જગતને એમાટે ઉપદેશ આપ્યો છે; એ જિનેશ્વરોનો અનુયાયી તું એમના એ વચનને આગળ કર. વળી તું દેરાસરમાં એમની નિશ્રામાં છે, તેથી તો તારે એમના ઉપદેશને આ ક્ષણે જ અમલમાં મૂકવાનો છે.

આ રીતે નાગદત્તે પોતાના મનને આવનારી આપત્તિ માટે તૈયાર કરી દીધું. વસુદત્તના સૂચનથી નોકરભૂત સિપાઇઓએ નાગદત્તને વગર કારણે માર મારી દઢતાથી બાંધ્યો. એ ક્ષણે જ આ કોલાહલથી વિચલિત થયેલી નાગવસુએ નજર ફેરવી.. જોયું તો - અરેરે ! દુષ્ટ ભાગ્યે મારા પર પ્રહાર કર્યો છે ! એમ બોલતી બોલતી આઘાતથી મૂર્ચ્છા પામી ગઇ.

'અરે ! આ શું થયું' એમ બોલતા બોલતા એની સખીઓ એને ઘેરી વળી. તરત જ ચંદન લેપ વગેરે ઠંડા ઉપાયો કરી એને ભાનમાં લાવવાના પ્રયત્નો શરુ કર્યા. ભાનમાં આવેલી એણે રડતા-રડતા જ વિલાપ કરવા માંડ્યો - હે જિનેશ્વર દેવ ! મારા એવા કયા દુષ્ટ કર્મો ઉદયમાં આવ્યા કે જેથી સજ્જનોમાં શિરમોર મારા પતિ પર આવી આપત્તિ આવી ? હે ભાગ્યવિધાતા ! તું કેવો નિર્દય છે કે જેથી આવા અત્યંત કોમળ મારા પતિને તેં આવું બંધન આપ્યું. જો તું મારા પર અત્યંત કોપાતુર હોય, તો મારા જેવી પાપિનીને દંડ આપ. પીડા આપ. પણ મારા પતિની રક્ષા કર. હે શાસનદેવીઓ ! જો મારી જૈનધર્મ પ્રત્યે સ્વચ્છ-નિર્મળ દૃઢ બુદ્ધિ હોય, તો મને પતિના પ્રાણની રક્ષાની ભિક્ષા આપો!

અલબત્ત જૈનધર્મના કર્મસિદ્ધાંત અને મૈત્રી આદિ ભાવોના હાર્દને પામેલી નાગવસુએ નાગદત્તને પીડા આપતા વસુદત્ત વગેરે પર જરા પણ તિરસ્કાર વરસાવ્યો નહીં, પણ આ વિલાપથી જાણે કે વસુદત્તને પણ સમજાવી દીધું - તમે ભલે નાગદત્તને ચોર ઠેરવી આખા નગરમાં હલકો પાડવાની ચેષ્ટા કરો, પણ મારા મનમાં એમનું જે સ્થાન છે, એને તમે હલાવી નહીં શકો. અમારો સંબંધ અલૌકિક છે ને પરસ્પરના દિલમાં સ્થાન અનન્ય છે.

રિશ્તે તો સભી અનમોલ હોતે હૈં,
પર ઇસે અહમિયત કુછ અચ્છે લોગ હી દેતે હૈં;
દિલ તો સભી કે પાસ હોતા હૈ,
પર ઇસ મેં જગહ કુછ અચ્છે લોગ હી લે પાતે હૈં ॥

આ બાજુ નાગવસુના નિર્મળ પ્રેમનો સૂચક વિલાપ સાંભળી નાગદત્તે વિચાર્યું - જો શાસનદેવીના પ્રભાવથી મને આ કષ્ટમાંથી મુક્તિ મળે, તો મારી આ અવસ્થામાં પણ મારા પર દુર્ભાવ કે દ્વેષ કરવાના બદલે નિર્મળ પ્રેમ રાખતી આ કન્યાને પરણીશ. જો કષ્ટમાં મોત આવી જાય, તો સિદ્ધ ભગવંતોની સાક્ષીએ મારો અભિગ્રહ છે કે ચારે આહારનો ત્યાગ થાઓ. આવા અવસરે મારા માટે જિનેશ્વર દેવ-ગુરુ-ધર્મને છોડી કોઇ શરણભૂત નથી. હું તમામ આસક્તિમય સંબંધોથી અલિપ્ત થાઉં છું... હું કોઇનો નથી, કોઇ મારું નથી.

જૈનશાસ્ત્રોમાં આ સાગારિક અનશન કહેવાય છે. મરણાન્ત આપત્તિ જેવા અવસરે આ રીતના આપત્તિ સુધી ચાલતા અભિગ્રહ લેવાય છે. તેથી મોત આવે તો સદ્ગતિ થાય ને જીવતા રહેવાપર અભિગ્રહ પૂરો થાય.

આમ નાગદત્ત-નાગવસુ બંનેએ આ આપત્તિમાં રક્ષાની જવાબદારી શાસનદેવને સોંપી, કારણ કે બંને ધર્મનિષ્ઠ હતા, મૈત્ર્યાદિ પવિત્ર ભાવોથી યુક્ત હતા, ને નિર્મળ મન-બુદ્ધિવાળા હતા.

આ બાજુ વસુદત્તે નાગદત્તને નાગવસુ આગળ તદ્દન હલકો પાડવા પોતાના નોકરોને નાગદત્તપર વિવિધ પ્રહારો કરવાનું સૂચન કર્યું. તેઓ નાગદત્ત પર તૂટી પડ્યા. પણ અહો ! શાસનદેવીનું સાંનિધ્ય... નાગદત્તને મારવા આવેલાના એક પણ પ્રહાર નાગદત્તને લાગ્યા નહીં.. ઈજા પહોંચાડી શક્યા નહીં. પરંતુ એ બધા જ લોહી વમતા ભૂમિ પર ઢળી પડ્યા. નાગદત્તના બધા જ બંધનો તૂટી ગયા. નાગવસુના પણ રોમાંચ હર્ષોત્કર્ષથી પુલકિત થયા.

'આ અચાનક શું થયું ?' એમ નાગદત્ત વિસ્મયથી વિચારે છે, ત્યાં જ એના પર પુષ્પ વૃષ્ટિ કરતી શાસનદેવીઓ પ્રગટ થઇ. પછી નાગદત્તને આશીર્વાદ આપતા કહેવા માંડી - હે સ્વચ્છ-પવિત્ર ગુણોના ભંડાર વત્સ નાગદત્ત ! અમે બધી અપ્રતિચક્રા આદિ જૈનશાસન દેવીઓ છીએ. તમારા અને આ કુમારીના પવિત્ર પુણ્યપુંજથી પ્રસન્ન થયેલી અમે દેવીઓ કરુણાસભર ચિત્તથી અહીં આવ્યા છીએ, ને આ ચમત્કાર કર્યો છે.

ત્યારે પોતાના ચમત્કારિક બચાવનો વિશેષ આનંદ માણવાના બદલે નાગદત્તે દેવીઓને કહ્યું - આપ સર્વે પધાર્યા... સાક્ષાત્ દર્શન આપ્યા. હું ધન્ય થયો છું. પણ આપ આ રીતે પીડા પામી રહેલા આ માનવોને શીઘ્ર સ્વસ્થ બનાવી દો, કારણ કે જૈનમત દયાભાવને જ કેન્દ્રમાં રાખે છે.

શારીરિક પીડાથી મુક્ત થયેલા નાગદત્તની માનસિક પીડા દૂર કરવા એ દેવીઓએ નાગદત્ત પર પ્રહાર કરવા આવેલા ને લોહીની ઉલ્ટી કરતા કરતાં જમીન પર ઢળી પડેલા પેલા નોકરોને તરત સ્વસ્થ કર્યા. પછી 'અહો ! આ મહાનુભાવ નાગદત્તની પરધન પ્રત્યેની નિસ્પૃહતા-પરધન પ્રત્યેનો તિરસ્કારભાવ !' એવો

સહુ સાંભળી શકે એ રીતે ઉદ્‌ઘોષ કરતા કરતા તેઓ અદશ્ય થયા.

આ સમાચાર મળવાપર રાજા પણ નગરજનો સાથે શીઘ્ર ત્યાં આવ્યા. નાગદત્તને ગળે વળગાડી પોતાનો અપરાધ સ્વીકારતા કહ્યું - એક તો મારી ભૂલથી કુંડળ ખોવાયા, છતાં રાજા તરીકેના ગર્વથી મેં એ લેનારને દંડ કરવાનું ફરમાન કર્યું. એમાં પણ વસુદત્તની વાતમાં આવી જઇ પૂરી તપાસ કર્યા વિના જ તને-તારા પરિવારને સખત દંડ ફટકારી દીધો.. હે નાગદત્ત ! સજ્જનોમાં શ્રેષ્ઠ! તું મારા આ તમામ અપરાધો માટે મને ક્ષમા આપ.

નાગદત્તે કહ્યું - જૈનધર્મને પામેલા મને એક ક્ષણ માટે પણ મારા કર્મ સિવાય બીજા કોઇનો વાંક દેખાયો નથી. મારા દુષ્ટ કર્મે જ આપ જેવા ન્યાયનિષ્ઠ રાજા પાસે આવા આદેશ દેવડાવ્યા. તેથી આપ પ્રત્યે મારા મનમાં જરા પણ ખોટો ભાવ નથી.

પછી રાજાએ નાગદત્તને હાથીની અંબાડીપર બેસાડી એનો ઠાઠમાઠથી નગર પ્રવેશ કરાવ્યો. ધનદત્ત શેઠને પણ સપરિવાર સબહુમાન જેલમાંથી મુક્ત કરી પોતાના મહેલમાં લાવ્યા. ધનદત્ત-નાગદત્તનો સપરિવાર સ્નાન-ભોજન આદિથી સુંદર સત્કાર કર્યો. ઉત્તમ કોટીના રેશમી વસ્ત્રો અને શ્રેષ્ઠ અલંકારો અર્પણ કર્યા. પછી દરબારમાં પોતાના સિંહાસનપર જ સાથે બેસાડી કુંડળ અંગેની સાચી હકીકત પૂછી.

આ સમગ્ર અનુકૂળ-સત્કારમય પ્રસંગમાં પણ આ સત્કાર પરિષહ છે, ને જેમ પેલી પ્રતિકૂળતા કર્મની રમત હતી, એમ આ પણ કર્મની જ રમત છે એમ વિચારી અહંકારથી મુક્ત સ્વસ્થ રહેલા નાગદત્તે વસુદત્તમાટે અભયદાનની યાચના કરી, એ મળવાપર સાચી હકીકત કહી.

રાજા પણ નાગદત્તની પરધનતિરસ્કાર વૃત્તિ પર ને તેથી પણ વધુ અપકારી પર પણ સહજ ભાવે ઉપકારવૃત્તિથી અત્યંત પ્રભાવિત થયા. કારણ કે જગતમાં ઉપકારી પર ઉપકાર કરનારા તો ઘણા મળે છે, પણ અપકારી પર ઉપકાર કરનારા તો બે-ચાર મળે તો ય ઘણું કહેવાય.

પછી રાજાએ નાગદત્તને ફરી હાથીની અંબાડી પર બેસાડી બંદિજનોદ્વારા

એના ગીતો ગવડાવતા ગવડાવતા એને સબહુમાન એના ઘરે પહોંચાડ્યો. પછી વસુદત્તની નાલાયકીના કારણે જ પોતે સજ્જનને અન્યાય કરી બેઠા એ ડંખથી પીડિત રાજાએ વસુદત્તનું મોં કાળું કરાવ્યું. માથે મૂંડન કરાવ્યું... પછી અવળે ગધેડે બેસાડી નગરમાં એનો પૂરેપૂરો ફજેતો કરી દેશનિકાલની સજા કરી. આ પછી પ્રિયમિત્રે ધનદત્ત પાસે ફરી નાગદત્ત માટે યાચના કરી. પિતાના વચનથી નાગદત્તે વાત સ્વીકારી.

બંનેના મહોત્સવપૂર્વક લગ્ન થયા. અહીં બંનેને શરીરમિલનથી ય વધુ આનંદ પરસ્પર ઉત્તમ આત્માના મિલનથી થયો. યથા શક્ય નિર્લેપભાવે સંસાર સુખ ભોગવતા પણ પરસ્પર સાથે ધર્મ અંગે જ વિવિધ વિચારણા-આયોજનો કરતાં એ બંનેનો સમય ઝડપથી પસાર થવા માંડ્યો. બંનેના ભોગાવલી કર્મ ઝડપથી ખપવા માંડ્યા.

એકવાર ગવાક્ષમાં બેઠેલા બંનેએ કોઇના મોત સંબંધી રડવાના અવાજ સાંભળ્યા. ત્યારે નાગવસુએ પૂછ્યું - હે પ્રાણાધાર ! આ કાનને અપ્રિય લાગતા રડવાના અવાજ કેમ આવે છે ? ત્યારે નાગદત્તે કહ્યું - હે પ્રિયે ! ભગવાને સંસારનાટક આવું જ બતાવ્યું છે. આ સંસારમાં ક્યાંક શોકનો અવસર આવે છે, તો ક્યાંક બીજાથી અપમાનિત થવાનો પ્રસંગ બને છે. ક્યાંક જ્ઞાની સાથે વાર્તાલાપ થાય છે, તો ક્યાંક વિરહવેદના સતાવે છે. તો ક્યાંક પોતાના માનેલા સાથે જ અણબનાવ થાય છે ને સંઘર્ષ પેદા થાય છે. અહીં તો ક્યાંક સફળતાના આનંદ ને પ્રાપ્તિના નૃત્ય છે, તો ક્યાંક નિષ્ફળતાના ડંખ ને ગૂમાવવાના શોક-આક્રંદ છે. આમ અતિભારે દુઃખથી ભરેલા સંસારમાં કયા બુદ્ધિમાને ક્ષણભર પણ રહેવાનું મન થાય ?

આ સાંભળી તરત વિરક્ત થયેલી નાગવસુએ કહ્યું - જો સંસારનાટક આવું જ હોય, તો આપણને ધિક્કાર છે કે હજી આપણે એમાં રાચી રહ્યા છીએ. શાંતિથી બેઠા છીએ. મારું માનો, તો આપણે સંસારનાટકમાંથી નીકળી આત્મસાધના કરી લઇએ.

પોતાનો સંસાર સુખમય-આનંદમય-પ્રેમભર્યો હોવા છતાં બીજાના

રોવાના અવાજ માત્રથી આ રીતે વૈરાગી થયેલી નાગવસુની વાત નાગદત્તે તરત સ્વીકારી લીધી. કારણ કે એ પૂર્વે પણ વૈરાગી જ હતો.

તેથી બંનેએ માતા-પિતાને વાત કરી. એમનો મોહ ખૂબ સમજાવી દૂર કર્યો. સાત ક્ષેત્રમાં ધનનું સુકૃત કરી ભર જવાનવયે સુસ્થિત આચાર્ય પાસે દીક્ષા લીધી. પછી બંને પ્રથમ દેવલોકના દેવ થયા.

આ રીતે નાગદત્તની કથા સાંભળી હે ભવ્ય જીવો ! તમે પણ બીજાના ધન પ્રત્યે અવધીરણા-ઉપેક્ષા-તિરસ્કારનો ભાવ રાખી શીઘ્ર ઇચ્છિત સુખ અને આત્મકલ્યાણ પામો.

આમ ૪૮માં પ્રશ્નપરનો ચોપ્પનમોં જવાબ પૂર્ણ થયો.

ધર્મ સાધવાના અવસરે સમાધાન -
આ તો ચાલશે - થોડુ નીચુ ઉતરતુ હશે તો ચાલશે.
આવા ભાવથી ધર્મ સાધનાનું પુણ્ય ઓછું બંધાશે.
ભવિષ્યમાં બીજાના હાથ નીચે રહીને
બીજાની આજ્ઞામાં રહીને કામ કરવાનું પુણ્ય બંધાય.



श्री गोडी पार्श्वनाथ जिनालय, त्रिपोलिया बाजार, फलोदी (राज.)

दिव्य आशीष



स्व. श्री कंवरलालजी वैद



श्रीमती मनोरीबाई वैद

पुत्र-पुत्रवधु : रामलाल - अरुणाबाई वैद

**PHALODI NIVASI**

**KAWARLALJI RAMLALJI VAID**

**SUHANI LAXMANJI KAWAD,**

**KUNJAL, AARSHITA.**

**FIRM**

**KAWARLAL & Co.**

**27, Raghunayakulu Street,**

**CHENNAI**

अर्हम्

અર્હમ્ આરાધક ટ્રસ્ટ

ISBN 978-81-929507-3-0